વર્ષ : ૬૧ ■ અંક : ૯ ■ તા.૧-૫-૨૦૨૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી

# અમદાવાદમાં ધન્વંતરિ હોસ્પિટલ દર્દીઓની સેવામાં

- સરકારે સૂચવેલી ગાઇડલાઇનને ચુસ્તપણેઅનુસરવા નાગરિકોને CMની અપીલ
- 1લી મે 'ગુજરાત સ્થાપના દિન'થી 18 વર્ષથી વધુ વયના યુવાનોને વિનામૂલ્યે રસી
- કોલવડામાં કોવિડ ડેઝિગ્નેટેડ હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટ કાર્યાન્વિત

ગુજરાત સરકાર



# ઓક્સિજનની પર્યાપ્ત વ્યવસ્થા માટે ગુજરાત સરકારની પ્રતિબધ્ધતા

## રાજ્યમાં દર્દીઓને પૂરતો ઓક્સિજન મળી રહે તે માટે અસરકારક વ્યવસ્થા

**રાજ્યમાં ૧૫ માર્ચ સુધીમાં ૫૮ મેટ્રિક ટન ઓક્સિજનનો વપરાશ થતો હતો જે વધીને ૧૧૯૦ મેટ્રિક ટન થયો છે. રાજ્યમાં ઓક્સિજનવાળા બેડની સંખ્યા ૧૬૦૪૫થી વધીને ૧૨૬૯ હોસ્પિટલોમાં ૫૪૫૭૯ થતા ઓક્સિજન વપરાશ ૨૦ ગણો વધ્યો છે**


## ભારત સરકારે ફાળવેલ ૧૦૦૦ ટન જથ્થા ઉપરાંત, રાજ્ય સરકારે પણ ઓક્સિજનની માંગને પહોંચી વળવા માટે લીધા પરિણામલક્ષી પગલાં

૧. GMERS જનરલ હોસ્પિટલ, હિંમતનગર
૨. ન્યુ સિવિલ, મજુરા ગેટ, સુરત
૩. GMERS મેડિકલ કોલેજ, વડનગર,મહેસાણા
૪. GMERS હાલર રોડ, વલસાડ
૫. જનરલ હોસ્પિટલ, છોટાઉદેપુર
૬. જનરલ હોસ્પિટલ, મોરબી
૭. MGG જનરલ હોસ્પિટલ, નવસારી
૮. GMERS જનરલ હોસ્પિટલ, ગાંધીનગર
૯. સિવિલ હોસ્પિટલ, સોલા, અમદાવાદ
૧૦. ભાવસિંહજી જનરલ હોસ્પિટલ, પોરબંદર
૧૧. MGS જનરલ હોસ્પિટલ, સુરેન્દ્રનગર
૧૨. જનરલ હોસ્પિટલ, ગોધરા
૧૩. જનરલ હોસ્પિટલ, જામખંભાળિયા, જામનગર
૧૪. કોવિડ-૧૯ આયુર્વેદિક કોલેજ, રાજપીપળા
૧૫. CHA સિવિલ હોસ્પિટલ અસારવા, અમદાવાદ
૧૬. સર ટી. જનરલ હોસ્પિટલ, ભાવનગર
૧૭. PDU હોસ્પિટલ, રાજકોટ
૧૮. GMERS જનરલ હોસ્પિટલ, પાટણ
૧૯. કોવિડ-૧૯ જનરલ હોસ્પિટલ, આહવા(ડાંગ)
૨૦. જનરલ હોસ્પિટલ, મહેસાણા
૨૧. જનરલ હોસ્પિટલ, વ્યારા(તાપી)
૨૨. ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, લુણાવાડા

**અને અન્ય બીજી એમ કુલ ૩૬ હોસ્પિટલોમાં PSA ઓક્સિજન જનરેશન પ્લાન્ટ શરૂ કરવામાં આવી રહ્યાં છે**

**છુટક અને નાના તમામ ઓક્સિજન પ્લાન્ટને મેડિકલ ઓક્સિજનની વ્યવસ્થાથી જોડવામાં આવ્યા છે**

- GMDC ખાતે ૨૫૦ આઈ.સી.યુ. સાથે ૯૫૦ ઓક્સિજન બેડની હોસ્પિટલ શરૂ કરવામાં આવી, તેમજ અન્ય હોસ્પિટલમાં પણ સતત ઓક્સિજનના બેડ વધારવામાં આવી રહ્યાં છે
- હજીરા ખાતે આવેલા આર્સેલર મિત્તલ-નિપ્પોન સ્ટીલ પ્લાન્ટ દ્વારા ૧૦૦૦ ઓક્સિજન બેડની સુવિધાવાળી કોવિડ હોસ્પિટલ હજીરા, સુરત ખાતે કાર્યરત કરાઈ રહી છે
- જામનગરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ૧૦૦૦ ઓક્સિજન બેડની વ્યવસ્થા ધરાવતી કોવિડ હોસ્પિટલ ટૂંક સમયમાં કાર્યરત થશે
- રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોની અંદર ક્રાયોજેનીક ઓક્સિજન ટેન્ક તેમજ સેન્ટર ઓક્સિજન લાઈન દ્વારા દર્દીઓને ક્વોલીટી ઓક્સિજન પૂરો પાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે
- ઓક્સિજન પ્લાન્ટોમાં શટડાઉન જેવી વિપરીત પરિસ્થિતિમાં પણ રાજ્યની તમામ હોસ્પિટલોને સમયસર ઓક્સિજન પુરવઠો જાળવી રાખવામાં આવી રહ્યો છે





Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 61 ▪ Issue : 9 ▪ Date 1-5-2021

**તંત્રી** : અશોક કાલરીયા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ** : જયેશ દવે, ઇશ્વર ઠાકોર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨, ૦૭૯-૨૩૨૫૩૪૪૦
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લીંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**48 + 4 Cover = Total 52 Pages**

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશઃ

- કોરોનાથી બચવા વેક્સિન જ અમોઘ શસ્ત્ર.
- વેક્સિનેશન અને નિયમોના ચુસ્ત પાલન થકી ગુજરાત કોરોના પર પ્રભાવી નિયંત્રણ મેળવવામાં સફળ થશે.
- હોમ આઇસોલેશનમાં રહેલા દર્દીઓને સંજીવની રથ તથા ટેલિમેડિસિનના માધ્યમથી આવશ્યક સારવાર સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે.
- ગુજરાતમાં કોરોના દર્દીઓ માટે ઑક્સિજનનો પુરવઠો જળવાઈ રહે તે માટે વિતરણ પ્રણાલીને મજબૂત કરવામાં આવી છે.
- ગુજરાતની આર્મી હૉસ્પિટલો કોરોનાના દર્દીઓ માટે ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ.
- જે વિસ્તારોમાંથી વધુ કોરોના છે ત્યાં ટેસ્ટ, ટ્રેસિંગ અને આઇસોલેટ કાર્યમંત્રને આધારે લોકસહકારથી ઘનિષ્ઠ આરોગ્ય ચકાસણીની ઝુંબેશ હાથ ધરાશે.
- ગુજરાતમાં સરકારી, ખાનગી ક્ષેત્ર અને સામાજિક સંગઠનો ખભે ખભા મિલાવીને લોકોને રાહત પહોંચાડવા પ્રયત્નશીલ.
- વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમર્થન અને સક્ષમ નેતૃત્વમાં સમગ્ર દેશ એક જૂથ થઈને કોરોના સામેનો જંગ લડી રહ્યો છે.
- તમામ રાજ્યોએ સાથે મળીને કોરોના સામેની લડાઈ લડવી પડશે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)





14 કવર સ્ટોરી

ફેસબુકના માધ્યમથી CMનું રાજ્યની જનતાને હૃદયસ્પર્શી સંબોધન :

**સરકારી નિયંત્રણોનું ચુસ્તપણે પાલન કરી કોરોનાને હરાવીએ...**





20 આરોગ્ય સુખાકારી

કેન્દ્રના અને રાજ્ય સરકારના સહયોગથી રેકોર્ડ સમયમાં અમદાવાદ GMDC ખાતે કોવિડ હોસ્પિટલ કાર્યરત

23 હજીરાના સ્ટીલ પ્લાન્ટ પરિસરમાં ૨૫૦ બેડની હંગામી કોવિડ હોસ્પિટલ

24 મુખ્યમંત્રીશ્રીએ કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો

\- જામનગરમાં ૧૦૦૦ બેડની કોવિડ હોસ્પિટલ બનશે

6 સંવાદ

મન કી બાત

10 અભિયાન

ગુજરાત સ્થાપના દિવસથી યુવાનોના વેક્સિનેશનનો શુભારંભ

મંથન

11 વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ

12 કોવિડ ટાસ્ક ફોર્સના તજજ્ઞ ડોક્ટર્સનો મીડિયા સાથે વાર્તાલાપ

18 નિરીક્ષણ

દાહોદમાં કોરોનાના દર્દીઓ માટે ૩૦૦ બેડ વધારાશે

25 નિર્ણય





28 આયોજન

પ્રત્યેક નાગરિકની આરોગ્ય સુખાકારી માટે સજ્જ ગુજરાત

31 આસપાસ

32 અમદાવાદ રાઉન્ડઅપ

35 રાજકોટ રાઉન્ડઅપ

38 સુરત રાઉન્ડઅપ

40 વડોદરા રાઉન્ડઅપ

43 સમાચાર વિશેષ

45 કોરોના વોરિયર્સ

ઓક્સિજનનો વપરાશ કાળજીપૂર્વક કરવા હોસ્પિટલોને અનુરોધ - હિમાંશુ ઉપાધ્યાય

\- અંકલેશ્વરમાં શ્રી ખોડલધામ યુવા સમિતિ દ્વારા ટિફિનસેવા - અનિલ બારોટ

46 કચ્છના સુખપુરમાં મહિલાઓ અંતિમધામનું સંચાલન કરે છે - હેમલતા પારેખ

\- પ્લાઝમા દાન કરી પુનઃ ફરજ પર જોડાતા વડોદરાના પોલીસ અધિકારી - સુરેશ મિશ્રા

47 પેઇન્ટિંગના માધ્યમથી વેક્સિન લેવાનો સંદેશ - સંજય શાહ

\- વાત પાટણનાં કોરોના વોરિયર કમળાબહેનની... - કૌશિક ગજ્જર


48 સાફલ્યગાથા

માત્ર બે મહિનામાં પાંચ બાળક પર અતિ જટિલ સર્જરી - અમિતસિંહ ચૌહાણ

49 પ્રતિભાવ

સિવિલમાં મળેલી સારવારે શંકા નિર્મૂળ કરી : જશભાઇ પટેલ

\- સરકારની આગોતરી વ્યવસ્થાએ જીવાડ્યો : સુનિલભાઇ જોષી - નરેન્દ્ર પંડ્યા


50 પ્રેરણા

હિંમતનગરનાં અંતિમધામમાં સેવા સાથે ભળ્યો અર્પણ, તર્પણ અને સમર્પણનો ભાવ - હરીશ પરમાર



## લોકોના મનમાં અને હૃદયમાં હકારાત્મક ઉત્સાહ ભરવાનું કામ કરીએ...

કોરોના મહામારીની બીજી લહેરે ગુજરાત સહિત સમગ્ર દેશમાં વિકરાળ રૂપ ધારણ કર્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારે કોરોના મહામારીથી નાગરિકોને બચાવવા અને કોરોનાને હરાવવા માટે કમર કસી છે. એક પછી એક ત્વરિત નિર્ણયો લઈને આરોગ્ય વિષયક પગલાં લેવામાં આવી રહ્યાં છે. બીમારીનો વ્યાપ ચોક્કસ ઘણો મોટો છે. ગુજરાતી બાંધવો પણ એનો સામનો કરવા અડીખમ છે. આ સમયે મન અને હૃદયમાં નકારાત્મકતા દૂર કરી હકારાત્મકતા ભરવાની જરૂર છે. બીમાર વ્યક્તિઓના આંકડા, હોસ્પિટલ, ઑક્સિજન, દવાઓ વગેરેના અહેવાલો ખૂબ જોયા અને હવે લોકો જાગૃત પણ થઈ ગયા છે. એમને સમજ પણ પડી ગઈ છે કે, કેવાં આરોગ્ય વિષયક પગલાં લેવા જોઈએ.

કોરોના સામે જંગ જીતેલાની જવાંમર્દીની વાત, જીવનમાં ઉત્સાહ પ્રેરતી સ્ટોરી, લોકોને આનંદ આપતી કહાનીઓ મિત્રો અને સગા વહાલાઓમાં વહેતી કરી હકારાત્મકતાની સાંકળ ઊભી કરવા જેવી છે. બીમાર, મૃત્યુ, દવાખાના, આની ભૂલ, તેની ખામી જેવી વાતોથી લોકોને હતોત્સાહ અને ગભરાવા કરતા 'આ સમય પણ પસાર થઈ જશે', હિંમતથી એનો મુકાબલો કરીએ. સાજા થયેલા લોકોની વાતો, નવી હોસ્પિટલો વિશે, તબીબની, નર્સની, સફાઈકર્મીઓની કે સુરક્ષાકર્મીઓની કામગીરીની વાતો સોશિયલ મીડિયા ઉપર મૂકીને લોકોમાં ઉત્સાહ વધારીએ.

કોરોના સામે રક્ષણ માટે વેક્સિનેશનની ઝુંબેશ ચલાવવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અપીલ કરી છે. તેના ભાગરૂપે ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 18 વર્ષથી ઉપરના બધા નાગરિકોના રસીકરણનું સુદ્રઢ આયોજન કર્યું છે. આગામી સમયમાં રાજ્યમાં ખૂબ મોટા ફલક ઉપર કોરોના રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવનાર છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદમાં ૯૫૦ બેડની કોવિડ હોસ્પિટલ યુનિવર્સિટી કન્વેનશન હોલ ખાતે કાર્યાન્વિત કરી. આ સાથે, ટેસ્ટિંગ ફેસિલિટી ધરાવતી વાન તેમ જ ગાંધીનગર નજીક આવેલી કોલવડા આયુર્વેદ હોસ્પિટલ ખાતે ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કર્યું. ગાંધીનગરના હેલિપેડ ગ્રાઉન્ડ પર ટાટા ટ્રસ્ટના સહકારથી 1200થી વધુ બેડની સુવિધા ધરાવતી હોસ્પિટલ બનાવવામાં આવનાર છે.

રાજ્ય સરકારે કોરોનાકાળમાં નાગરિકોને સત્વરે સારવાર મળે તે માટે તબીબો અને મેડિકલ સ્ટાફની ભરતી કરવાનો નિર્ણય કર્યો છે. તેવી જ રીતે, બધા જિલ્લાઓમાં રેમડેસીવિર ઇન્જેક્શન, જરૂરી વિવિધ દવાઓ તથા ઓક્સિજન પ્લાન્ટનું ઇન્સ્ટોલમેન્ટ વધારવામાં આવી રહ્યું છે. આ સંકટ સમયમાં માનવતાને મહેકાવે તેવાં પણ કાર્યો ચાલી રહ્યાં છે. ઠેર-ઠેર સામાન્ય નાગરિકો પોતાનાથી બનતી મદદ કરીને સરકાર સાથે ખભેથી ખભા મિલાવીને કાર્ય કરી રહ્યા છે.

જય જય ગરવી ગુજરાત...

**- અશોક કાલરીયા**



# મન કી બાત

## એપ્રિલ 2021

**લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ**

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યના અંશોની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર. આજે આપની સાથે મન કી બાત એક એવા સમયે કરી રહ્યો છું જ્યારે કોરોના, આપણા બધાના ધૈર્ય, આપણા બધાના દુ:ખ સહન કરવાની મર્યાદાની કસોટી કરી રહ્યો છે. આ તોફાને દેશને હચમચાવી નાખ્યો છે.

સાથીઓ, વીતેલા દિવસોમાં આ સંકટ સાથે લડવા માટે, મારી અલગ-અલગ સેક્ટરના એક્સપર્ટ્સ સાથે, તજજ્ઞો સાથે લાંબી ચર્ચા થઈ છે. આપણી ફાર્મા ઈન્ડસ્ટ્રીના લોકો હોય, વેક્સિન મેન્યુફેક્ચરર્સ હોય, ઓક્સિજનના પ્રોડક્શન સાથે જોડાયેલા લોકો હોય કે પછી મેડિકલ ફિલ્ડના જાણકાર, તેમણે પોતાના મહત્ત્વપૂર્ણ સૂચનો સરકારને આપ્યાં છે. આ સમયમાં, આપણે આ લડાઈને જીતવા માટે એક્સપર્ટ્સ અને વૈજ્ઞાનિક સલાહને પ્રાથમિકતા આપવાની છે. રાજ્ય સરકારના પ્રયત્નોને આગળ વધારવામાં, ભારત સરકાર પૂર્ણ ક્ષમતા સાથે જોડાઈ ગઈ છે. રાજ્ય સરકારો પણ તેમની જવાબદારી નિભાવવાની પૂરી કોશિશ કરી રહી છે.

સાથીઓ, કોરોના સામે, આ સમયે બહુ મોટી લડાઈ, દેશના ડોક્ટર અને હેલ્થ વર્કર્સ લડી રહ્યા છે. ગત એક વર્ષમાં તેમને આબીમારીને લઈને દરેક પ્રકારના અનુભવ પણ થયા છે. આપણી સાથે, અત્યારે મુંબઈના પ્રસિદ્ધ ડોક્ટર શશાંક જોશીજી જોડાઈ રહ્યા છે.

ડોક્ટર શશાંકજીને કોરોનાના ઈલાજ અને તેનાથી જોડાયેલા સંશોધનનો ઘણો જ બહોળો અનુભવ છે, તેઓ ઈન્ડિયન કોલેજ ઓફ ફિઝીસિયન્સના ડીન પણ રહી ચૂક્યા છે. આવો વાત કરીએ ડોક્ટર શશાંક સાથે.

**મોદીજી** – નમસ્કાર ડો.શશાંકજી

**ડો.શશાંક** – નમસ્કાર સર

**મોદીજી** – ડૉ. શશાંક, તમે લોકો આ સમયમાં દિવસ-રાત જીવન રક્ષાના કામમાં લાગેલા છો, સૌથી પહેલા તો હું ઈચ્છીશ કે તમે સેકન્ડ વેવ વિશે લોકોને જણાવો. મેડિકલી એ કેવી રીતે અલગ છે અને શું શું સાવધાની રાખવી જરૂરી છે.

**ડો. શશાંક** – ધન્યવાદ સર, બીજી લહેર ઝડપી છે, પરંતુ વધુ ઝડપથી રિકવરી છે અને મૃત્યુદર ઓછો છે. મ્યૂટેશન થતા રહે છે અને તેથી જરા પણ ડરવાની જરૂર નથી, પણ સાવધાન રહેવું જોઈએ. એક 14 થી 21 દિવસનું આ કોવિડનું ટાઈમટેબલ છે, જેમાં ડોક્ટરની સલાહ લેવી જોઈએ.

**મોદીજી** – ડૉ.શશાંક, કેટલીક દવાઓની માગ ઘણી જ વધારે છે, તેથી હું ઈચ્છું છું કે કોવિડની ટ્રીટમેન્ટ વિશે પણ આપ લોકોને જરૂર જણાવો.

**ડો.શશાંક** - હા, સર... લોકો ક્લિનિકલ ટ્રિટમેન્ટ ઘણી મોડી ચાલુ કરે છે, સરકાર દ્વારા આપવામાં આવેલી સૂચનાનું પાલન કરે તો આ મુશ્કેલીનો સામનો કરવો પડતો નથી. તો કોવિડમાં ક્લિનિક રટ્રીટમેન્ટ પ્રોટોકોલ છે, તેમાં ત્રણ પ્રકારની તીવ્રતા છે, હલકો કે માઇલ્ડ કોવિડ, મધ્યમ કે મોડરેટ કોવિડ અને તીવ્ર કોવિડ જેને સિવિયર કોવિડ કહે છે. તો જે હલકો કોવિડ છે તેના માટે તો આપણે ઓક્સિજનનું મોનિટરિંગ કરીએ છીએ, પલ્સનું મોનિટરિંગ કરીએ છીએ, તાવનું મોનિટરિંગ કરીએ છીએ, તાવ વધી જાય તો ક્યારેક પેરાસીટામોલ જેવી દવાનો ઉપયોગ કરીએ છીએ અને આપણા ડોક્ટર્સ સાથે સંપર્ક કરવો જોઈએ, જે મોડરેટ કોવિડ હોય છે, મધ્યમ કોવિડ હોય છે, અથવા તીવ્ર કોવિડ હોય છે તો તમારા ડોક્ટર સાથે સંપર્ક કરવો બહુ જ જરૂરી છે. સાચી અને સસ્તી દવાઓ ઉપલબ્ધ છે. તેમાં સ્ટિરોઈડ જે છે તે જીવન બચાવી શકે છે, જે ઈન્લર્સ આપી શકે છે, ટેબ્લેટ આપણે આપી શકીએ છીએ અને સાથે જ પ્રાણવાયુ જે ઓક્સિજન છે તે આપવું પડે છે. એક નવી દવા રેમડેસિવિરથી હોસ્પિટલમાં બે-ત્રણ દિવસ ઓછું રહેવું પડે છે અને ક્લિનિકલ રિકવરીમાં તેની થોડી સહાય હોય છે. આ દવા પણ ક્યારેક કામ કરે છે, જ્યારે પહેલાં 9-10 દિવસમાં આપવામાં આવે છે અને તે પાંચ જ દિવસ આપવી પડે છે, તો રેમડેસિવિરની પાછળ દોડવું જોઈએ નહીં. ડોક્ટર જ્યારે કહે ત્યારે જ લેવી જોઈએ. આપણે પ્રાણાયામ કરીશું, આપણા શરીરનાં જે ફેફસાં છે તેને થોડાં expand કરીશું અને આપણું લોહી પાતળું કરવા માટેનું જે ઈન્જેક્શન આવે છે જેને આપણે heparin કહીએ છીએ. આવી નાની-નાની દવાઓ આપીશું તો 98 ટકા લોકો સાજા થઈ જાય છે. ટ્રીટમેન્ટ પ્રોટોકોલ વૈદ્યની સલાહ અનુસાર લેવું ઘણું જરૂરી છે. સર, આપણી પાસે દુનિયાની સૌથી બેસ્ટ ટ્રીટમેન્ટ ઉપલબ્ધ છે, તમે જોશો કે ભારતમાં સૌથી સારો રિકવરી રેટ છે.

**મોદીજી** - ડો. શશાંકે જે જાણકારી આપણને આપી, તે બહુ જ જરૂરી છે અને આપણને બધાને કામ આવશે.

સાથીઓ, હું તમને આગ્રહ કરું છું કે, તમારા જે ફેમિલી ડોક્ટર હોય, આસપાસના જે ડોક્ટર્સ હોય, તમે તેમની સાથે ફોન પર સંપર્ક કરીને સલાહ લો.

મારી સાથે છે શ્રીનગરથી એક ગર્વન્મેન્ટ મેડિકલ કોલેજમાં પ્રોફેસર ડૉ. નાવીદ નજીર શાહ જે રમજાનના આ પવિત્ર મહિનામાં પોતાનું કાર્ય નિભાવી રહ્યા છે. આવો તેમની સાથે જ વાત કરીએ.

**મોદીજી** - ડૉ. મન કી બાત ના અમારા શ્રોતાઓએ આ મુશ્કેલ સમયમાં પેનિક મેનેજમેન્ટનો સવાલ ઉઠાવ્યો છે. આપ આપના અનુભવથી તેમને શું જવાબ આપશો?

**ડૉ. નાવીદ** - સેકન્ડ વેવમાં પેનિક ન થઈ protective measures છે, જે SOPs છે, તેનો અમલ કરીશું તો આપણે આપણા રોજના કામ પણ ઘણી સારી રીતે કરી શકીએ છીએ અને આ બિમારીથી પ્રોટેક્શન પણ મેળવી શકીએ છીએ.

**મોદી જી** - ડો. વેક્સિનથી કેટલી સુરક્ષા મળશે, વેક્સિન પછી કેટલા ખાતરીબદ્ધ થઈ શકીએ?

**ડૉ.નાવીદ** - જ્યારે કોરોનાનું ઈન્ફેક્શન સામે આવ્યું ત્યારથી લઈને આજ સુધી આપણી પાસે કોવિડ-19 માટે કોઈ જ effective treatment available નથી, આપણા દેશમાં બે વેક્સિન, કોવેક્સિન અને કોવિશિલ્ડ છે જે અહીંયા જ બનેલી વેક્સિન છે. અને કંપનીઓ પણ જે trials કરી છે, તેમા પણ જોવામાં આવ્યું કે તેની efficiency જે છે તે 60 ટકાથી પણ વધારે છે, હા.. સોશિયલ મીડિયામાં ઘણાં તેના misconception કે myths છે તેમાં આવ્યું હતું કે આ..આ સાઈડ ઈફેક્ટ છે. માત્ર, જે સામાન્ય કોઈ વેક્સિન સાથે associated હોય છે, કોઈને તાવ આવવો, આખા શરીરમાં દુખાવો અથવા local site જ્યાં ઈન્જેક્શન આપવામાં આવે છે ત્યાં દુખાવો થવો -તેવી જ સાઈડ ઈફેક્ટ્સ અમે બધા દર્દીઓમાં જોઈ છે, કોઈ અમે adverse effect નથી જોઈ. અને હા બીજી વાત, જે લોકો રસી લીધા બાદ પોઝિટિવ થઈ ગયા. તેમાં કંપની તરફથી જ ગાઈડલાઈન છે કે જેણે રસી લીધી છે, ત્યારબાદ તેનામાં ઈન્ફેક્શન લાગે છે, તો તે પોઝિટિવ થઈ શકે છે. પરંતુ જે બિમારી છે તે એક જીવલેણ બિમારી તેમને માટે સાબિત નથી થઈ શકતી. તેથી જે પણ આ misconception છે વેક્સિન વિશે, તેને આપણે મનમાંથી કાઢી નાખવું જોઈએ. 1 મે થી આપણા આખા દેશમાં 18 વર્ષથી વધુની ઉંમરના જે લોકો છે તેમને વેક્સિન લગાવવાનો કાર્યક્રમ શરૂ થશે, તો લોકોને અપીલ એ જ કરીશું કે આપ આવો, વેક્સિન લઈ લો અને પોતાને પણ સુરક્ષિત કરો અને ઓવરઓલ આપણી society અને આપણી community કોવિડ-19ના ઈન્ફેક્શનથી સુરક્ષિત થઈ જશે.

**મોદી જી** - ડો.નાવીદ આપનો ખૂબ ખૂબ આભાર અને આપને રમજાનના પવિત્ર મહિનાની ખૂબ-ખૂબ શુભેચ્છાઓ.

**મોદી જી** - સાથીઓ કોરોનાના આ સંકટમાં વેક્સિનનું મહત્વ સૌને સમજાઈ રહ્યું છે, હવે તો 1 મે થી દેશમાં 18 વર્ષની ઉપરની દરેક વ્યક્તિ માટે વેક્સિન ઉપલબ્ધ થવાની છે. મારો રાજ્યોને પણ આગ્રહ છે, કે તેઓ ભારત સરકારના આ નિઃશુલ્ક વેક્સિન અભિયાનનો લાભ પોતાના રાજ્યના વધુને વધુ લોકો સુધી પહોંચાડે.

સાથીઓ, આપણે બધા જાણીએ છીએ કે આ સેવાભાવ આપણા સમાજની બહુ જ મોટી તાકાત છે. નર્સિંગ સ્ટાફ દ્વારા

કરવામાં આવતી સેવા અને પરિશ્રમ વિશે સારી રીતે તો કોઈ નર્સ જ કહી શકે છે. તેથી મેં રાયપુરના ડો. બી.આર.આંબેડકર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં પોતાની સેવા આપી રહેલી સિસ્ટર ભાવના ધ્રુવજીને મન કી બાતમાં આમંત્રિત કર્યા છે, તે અનેક કોરોના દર્દીઓની સારવાર કરી રહ્યા છે. આવો, તેમની સાથે વાત કરીએ.

**મોદી જી** - મન કી બાત સાંભળનારાઓને તમે એ ચોક્કસ જણાવો કે તમારા પરિવારમાં આટલી બધી જવાબદારીઓ, આટલા બધા multitask અને તેના પછી એક વર્ષથી તો આપ આ જ કામને કરી રહ્યાં છો. કોરોનાના દર્દીઓ સાથે તમારો અનુભવ જે રહ્યો, તે ચોક્કસ દેશવાસીઓ સાંભળવા માંગશે

**ભાવના** - Yes sir, મેં દર્દીઓ વિશે જાણ્યું અને તેઓના stigma દૂર કર્યા સર, કેટલાય લોકો એવા હતા સર જે કોવિડના નામથી જ ડરતા હતા.દરેક age group સાથે કામ કર્યું સર મેં. જેમાં નાનાં બાળકો હતાં, મહિલા, પુરુષ, વડિલો, બધા જ પ્રકારના દર્દી હતાં સર... તે બધા સાથે અમે વાત કરી તો બધાએ કહ્યું કે અમે ડરને કારણે ન આવી શક્યા, બધાનો અમને આ જ જવાબ મળ્યો સર. તો આપણે તેમને સમજાવીએ સર, કે ડર જેવું કંઈ નથી હોતું, તમે અમને સાથ આપો, અમે તમને સાથ આપીશું બસ તમે જે પણ પ્રોટોકોલ્સ છે તેને follow કરો, બસ હું આટલું જ તેમના માટે કરી શકી.

**મોદીજી** - ભાવનાજી, તમારી વાતથી દેશવાસીઓમાં ચોક્કસ સરકારાત્મકનો સંદેશો જશે.

**મોદીજી** - આપણી સાથે બેંગલુરુથી સિસ્ટર સુરેખાજી પણ જોડાયાં છે. સુરેખાજી K.C. General Hospitalમાં Senior Nursing Officer છે. આવો, તેમના અનુભવો પણ જાણીએ.

**મોદીજી** - નમસ્તે સુરેખાજી.. આપ આપના સાથી નર્સ અને હોસ્પિટલ સ્ટાફ સાથે મળીને બહુ જ ઉમદા કાર્ય કરી રહ્યાં છો. ભારતદેશ આપનો આભારી છે. COVID-19 સામેની આ લડાઈમાં, નાગરિકો માટે આપનો શું સંદેશ છે...

**સુરેખા** - યસ સર... એક જવાબદાર નાગરિક હોવાને કારણે હું કંઈક એવું કહેવા માંગું છું કે કૃપા કરીને તમારી આસપાસના લોકો માટે થોડા વિનમ્ર બનો અને પ્રારંભિક પરીક્ષણ અને યોગ્ય ટ્રેકિંગની મદદથી મૃત્યુદર ઘટાડવામાં આપણને મદદ મળશે, તદુપરાંત, જો તમને કોઈ લક્ષણો જોવા મળે છે તો જાતે આઈસોલેટ થઈને નજીકના ડોક્ટરની સલાહ લો અને વહેલી તકે સારવાર મેળવો.

મેં પણ વેક્સિન લઈ લીધી છે અને મારા સ્વાનુભવથી હું સમગ્ર દેશના નાગરિકોને કહેવા માગું છું કે કોઈ પણ વેક્સિન બહુ ઝડપથી 100 ટકા સુરક્ષા નથી આપતી. ઈમ્યુનિટી વધારવા માટે થોડો સમય ચોક્કસ લાગે છે. વેક્સિન લેવા માટે જરા પણ ગભરાશો નહીં. કૃપા કરીને આપ વેક્સિન લઈ લો, તેની બહુ જ ઓછી સાઈડ ઈફેક્ટ છે અને હું એક સંદેશો ચોક્કસ વહેતો કરવા માંગીશ કે મહેરબાની કરીને આયુર્વેદિક કાવો પીવો, વરાળ લો, રોજ mouth gargling કરો અને શ્વાસોચ્છ્વાસની કસરત પણ તમે કરી શકો છો. અને છેલ્લે બીજી એક વસ્તુ જે મત્તવની છે કે ફ્રન્ટલાઈન વર્કર્સ અને વ્યાવસાયિકો માટે સહાનુભૂતિ રાખો. અમને તમારા સપોર્ટ અને સહકારની જરૂર છે. આપણે સાથે મળીને લડીશું.

**મોદીજી** - સુરેખાજી ખરેખર, તમે ઘણાં જ મુશ્કેલ સમયમાં મોરચો સંભાળીને બેઠા છો. આપ આપનું ધ્યાન રાખજો. આપના પરિવારને પણ મારી ઘણી ઘણી શુભેચ્છાઓ. હું દેશના લોકોને પણ આગ્રહ કરીશ કે જે ભાવના જી, સુરેખા જીએ તેમના અનુભવ પરથી જણાવ્યું છે. કોરોના સામે લડવા માટે પોઝીટીવ સ્પિરિટ ઘણો જ જરૂરી છે અને દેશવાસીઓએ તેને જાળવી રાખવાનો છે.

સાથીઓ, ડોક્ટર્સ અને નર્સિંગ સ્ટાફની સાથે-સાથે આ સમયમાં લેબ ટેક્નિશિયન અને એમ્બ્યુલન્સ ડ્રાઈવર્સ જેવા ફ્રન્ટલાઈન વર્કર્સ પણ ભગવાનની જેમ કામ કરી રહ્યા છે. મારી સાથે અત્યારે એવા જ એક સજ્જન છે - શ્રીમાન પ્રેમ વર્મા જી.., જે એક એમ્બ્યુલન્સ ડ્રાઈવર છે. તેમના નામ પરથી જ ખ્યાલ આવે છે કે પ્રેમ વર્મા જી પોતાના કામને, પોતાના કર્તવ્યને પૂરા પ્રેમ અને લગન સાથે કરે છે. આવો તેમની સાથે વાત કરીએ....

**મોદીજી** - નમસ્તે પ્રેમજી, આપ આપના કાર્ય અને અનુભવ છે તે પણ જણાવો.

**પ્રેમજી** - હું CATS Ambulance માં driverની post પર છું અને Control અમને એક tab પર call આપે છે. 102 તરફથી જે call આવે છે, અમે move કરીએ છીએ દર્દીની પાસે. અમે દર્દીને ત્યાં જઈએ છીએ, તેમની પાસે, બે વર્ષથી continue કરી રહ્યો છું આ કામ. મારી kit પહેરીને, મારા gloves, mask પહેરીને patient ને, જ્યાં તેઓ drop કરવા માટે કહે છે, જે પણ hospital માં, અમે બહુ જ જલ્દી તેમને drop કરીએ છીએ.

**મોદીજી** - બીજા લોકો પણ વેક્સિન લે. તેના માટે આપનો શું સંદેશ છે?

**પ્રેમજી** - સર બિલકુલ... બધાએ આ ડોઝ લેવો જ જોઈએ અને પરિવાર માટે સારી જ છે. મમ્મી પણ મને કહે છે કે બેટા એ નોકરી છોડી દે. મેં કહ્યું નહીં મમ્મી હું નોકરી નહીં છોડું.

**મોદીજી** - પ્રેમજી માતાને દુઃખી ન કરતાં. માતાને સમજાવજો, પરંતુ આ જે તમે માતાની વાત જણાવીને તે બહુ

જ સ્પર્શી જતી વાત છે. પ્રેમજી હું આપના માધ્યમથી આ એમ્બ્યુલન્સ ચલાવનારા આપણા ડ્રાઈવર પણ કેટલું મોટું risk લઈને કામ કરે છે અને દરેકની માતા શું વિચારતી હશે? તે વાત જ્યારે શ્રોતાઓ સુધી પહોંચશે. હું ચોક્કસ માનું છું કે તેમના હ્રદયને પણ સ્પર્શી જશે. પ્રેમ જી ખૂબ ખૂબ ધન્યવાદ. તમે એક પ્રકારે પ્રેમની ગંગા વહાવી રહ્યા છો.

સાથીઓ, પ્રેમ વર્માજી અને તેમના જેવા હજારો લોકો, આજે પોતાનું જીવન દાવ પર લગાવીને લોકોની સેવા કરી રહ્યા છે. કોરોના સામે આ લડાઈમાં જેટલા પણ જીવન બચી રહ્યા છે તેમાં એમ્બ્યુલન્સ ડ્રાઈવર્સનું પણ બહુ મોટું યોગદાન છે. પ્રેમ જી આપને અને દેશભરમાં આપના બધા સાથીઓને હું ખૂબ ખૂબ આભાર માનુ છું. આપ સમય પર પહોંચતા રહો અને જીવન બચાવતા રહો.

મારા પ્રિય દેશવાસીઓ, એ સાચું છે કે કોરોનાથી ઘણાં બધા લોકો સંક્રમિત થઈ રહ્યા છે પરંતુ કોરોનાથી સાજા થનારાઓની સંખ્યા પણ તેટલી જ વધુ છે. ગુરુગ્રામની પ્રીતિ ચતુર્વેદીજીએ હાલમાં જ કોરોનાને હરાવ્યો છે. પ્રીતિ જી મન કી બાતમાં આપણી સાથે જોડાય છે. તેમના અનુભવ આપણને બધાને ઘણાં જ કામ આવશે.

**મોદી જી** - પ્રીતિજી નમસ્તે.. આ આખા વેવમાં માત્ર આપનો જ નંબર લાગ્યો કે પરિવારના અન્ય સભ્યો પણ આમાં ફસાઈ ગયા તમે આ પીડાની અવસ્થાના કેટલાક અનુભવ જો વહેંચી શકો તો કદાચ જે શ્રોતા છે તેમને પણ આવા સમયમાં કેવી રીતે પોતાની જાતને સંભાળવવી જોઈએ તેનું માર્ગદર્શન મળશે.

**પ્રીતિ** - જી..સર...ચોક્કસ.. સર initially stageમાં મને બહુ જ વધારે lethargy, એટલે કે સુસ્તી જેવું લાગતું અને ત્યારબાદ મારા ગળામાં થોડી ખરાશ થવા લાગી. તો પછી મને લાગ્યું તો ખરું કે આ symptoms તો છે તો મેં ટેસ્ટ કરાવ્યો. બીજા દિવસે રિપોર્ટ આવ્યા બાદ જેવો તે પોઝીટિવ આવ્યો, મેં મારી જાતને quarantine કરી લીધી. એક રૂમમાં આઈસોલેટ કરીને ડોક્ટર્સ સાથે મેં કન્સલ્ટ કર્યું. તેમની medication start કરી દીધું.

**મોદીજી** - તો તમારા quick action ને કારણે તમારો પરિવાર બચી ગયો.

**પ્રીતિ** - જી સર... પછી તો બધાનો રિપોર્ટ કરાવ્યો હતો. બાકી બધા નેગેટિવ હતા. સર મેં મેડિકેશનની સાથેસાથે મેં યોગ, આયુર્વેદિક અને મેં આ બધું શરૂ કર્યું અને સાથે મેં કાવો પણ લેવાનો શરૂ કર્યો હતો. Immunity boost કરવા માટે સર હું દિવસમાં મતલબ જ્યારે પણ ભોજન કરતી હતી તેમાં મેં healthy food જે protein rich diet હતું તે લીધું. મેં ઘણું વધારે fluid લીધું, મેં steam લીધી, gargle કર્યું અને ગરમ પાણી લીધું. હું આખો દિવસ આ જ બધી વસ્તુઓ મારા જીવનમાં લેવા લાગી. અને સર આ દિવસોમાં તો, સૌથી મોટી વાત હું કહેવા માંગીશ, ગભરાવું તો જરા પણ નહીં. બહુ જ mentally strong બનવાનું છે જેને માટે હું યોગમાં બહુ જ વધારે breathing exercise કરતી હતી અને તે કરવાથી મને સારું લાગતું હતું.

**મોદીજી** - હા..અચ્છા પ્રીતિજી જ્યારે હવે તમારી આ આખી process પૂરી થઈ ગઈ. આપ સંકટમાંથી બહાર આવી ગયા. ધન્યવાદ પ્રીતિજી..

**મોદીજી** - મારા વહાલા દેશવાસીઓ, આજે આપણા તબીબી ક્ષેત્રના લોકોની જેમ, Frontline Workers ની સાથે સમાજના અન્ય લોકો પણ સેવાકાર્યમાં જોડાયાં છે. હું જોઉં છું કે કોઈ Quarantine માં રહેતા પરિવારોને દવાઓ શાકભાજી, દૂધ, ફળો, દર્દીઓ માટે એમ્બ્યુલન્સની નિઃશુલ્ક સેવાઓ આપી રહ્યું છે. આ વખતે ગામોમાં પણ નવી જાગૃતિ જોવા મળી રહી છે. કોવિડના નિયમોનું સખત પાલન કરીને, લોકો તેમના ગામને કોરોનાથી સુરક્ષિત કરી રહ્યાં છે, બહારથી આવતા લોકો માટે પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી રહી છે. શહેરમાં પણ કેટલાય યુવાનો પોતાના વિસ્તારમાં કોરોનાના કેસ ન વધે તેવા પ્રયાસ કરી રહ્યા છે. આ ભાવના આપણને કેટલી તાકાત આપે છે, કેટલો વિશ્વાસ આપે છે. આ જે પણ પ્રયાસો થઈ રહ્યા છે, સમાજની બહુ મોટી સેવા છે. તે સમાજની શક્તિ વધારે છે.

મારા પ્રિય દેશવાસીઓ, આજે આપણે 'મન કી બાત' ની આખી ચર્ચા કોરોના રોગચાળા પર રાખી, કારણ કે, આજે આપણી સૌથી મોટી પ્રાથમિકતા છે, આ રોગને હરાવવાની. મહાવીર જયંતી, રમજાન માસ આપણાને સકારાત્મક શક્તિ આપી છે, બુદ્ધપૂર્ણિમા આવશે, ગુરુ તેગબહાદુરજીનું 400મું પ્રકાશ પર્વ પણ છે. એક મહત્ત્વપૂર્ણ દિવસ પોચિશે બોઈશાક - ટાગોર જયંતીનો છે. આ બધું આપણને આપણું કર્તવ્ય નિભાવવાની પ્રેરણા આપે છે. એક નાગરિક તરીકે આપણે આપણા જીવનમાં જેટલી કુશળતા સાથે આપણા કર્તવ્યોને નિભાવશું, સંકટથી મુક્ત થઈને ભવિષ્યના રસ્તા પર તેટલી જ ઝડપથી આગળ વધીશું. તેવી આશા સાથે હું આપ બધાને ફરી એક વાર આગ્રહ કરું છું કે વેક્સિન આપણે બધાએ લેવાની જ છે અને સંપૂર્ણ સાવધાની પણ રાખવાની છે. દવા પણ અને કડકાઈ પણ... આ મંત્રને ક્યારેય ભૂલવાનો નથી. આપણે બહુ જલ્દી સાથે મળીને આ મુશ્કેલીમાંથી બહાર આવીશું.

એ જ વિશ્વાસ સાથે આપ બધાને ખૂબ ખૂબ ધન્યવાદ. નમસ્કાર... ●

# ગુજરાત સ્થાપના દિવસથી યુવાનોના વેક્સિનેશનનો શુભારંભ




જન જનની આરોગ્ય સુખાકારી માટે રાજ્ય સરકાર ખડે પગે ૨૪ X ૭ કલાક તૈનાત છે. કોરોનાનાં કપરા કાળમાં રાજ્ય સરકારે ત્વરિત અને અસરકારક પગલાલાંછલાં. કોરોના સામે રસીકરણ અમોઘ શસ્ત્ર છે.રાજ્ય સરકાર ગુજરાત રાજ્યના ૬૧મા સ્થાપના દિવસ, તા. ૧લી મેથી રાજ્યના ૧૦ જિલ્લાઓમાં ૧૮ વર્ષથી વધુ વયના યુવાનોને રાજ્ય સરકાર વિનામૂલ્યે વેક્સિન આપશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્ર સરકારની મદદથી ગુજરાતમાં ૧લી મેથી યુવાનોના વેક્સિનેશનનો આરંભ થઈ રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતના ૧૮ વર્ષથી વધુ વયના યુવાનો કોરોના સામે સુરક્ષિત રહે એ હેતુ જલદીમાં જલદી વેક્સિનેશન શરૂ થાય તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. ગુજરાતે ભારતના સ્વદેશી વેક્સિન ઉત્પાદકોને અઢી કરોડ વેક્સિન ડોઝ માટે ઓર્ડર આપી દીધો છે. વધુને વધુ વેક્સિન ડોઝ મળે તે માટે ગુજરાત સરકાર સતત આ બંને કંપનીઓના પરામર્શમાં છે. ૩ લાખ વેક્સિન ડોઝ હવાઈ માર્ગે ગુજરાત આવી રહ્યા છે અને ૧૦ જિલ્લાઓમાં યુવાનોના વેક્સિનેશનનો શુભારંભ થઈ જશે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, જ્યાં કોરોનાનું સંક્રમણ વધારે છે એવા ૧૦ જિલ્લાઓ- અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, કચ્છ, મહેસાણા, ભરૂચ અને ગાંધીનગરમાં ગુજરાતના સ્થાપના દિવસે સવારે ૯ વાગ્યાથી ૧૮ વર્ષથી વધુ વયના યુવાનોને રાજ્ય સરકાર વિનામૂલ્યે વેક્સિન આપશે.

**જ્યાં કોરોનાનું સંક્રમણ વધારે છે તેવા ૧૦ જિલ્લાઓ- અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, કચ્છ, મહેસાણા, ભરૂચ અને ગાંધીનગરમાં યુવાનોને વિનામૂલ્યે વેક્સિન**

**cowin.gov.in પોર્ટલ પર ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવ્યું હશે તે યુવાનોને જ વેક્સિન અપાશે : સ્થળ પર રજીસ્ટ્રેશનની જોગવાઇ નથી**

શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, મે મહિના દરમિયાન ગુજરાતને વેક્સિનના ૧૧ લાખ ડોઝ મળશે. હજુ વધુ જથ્થો પ્રાપ્ત થાય તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. જેમ-જેમ વેક્સિન ઉપલબ્ધ થશે તેમ-તેમ વધુ ને વધુ જિલ્લાઓમાં યુવાનોના વેક્સિનેશનનો તબક્કાવાર આરંભ કરાશે.

સમગ્ર દેશમાં ૧લી મેથી ૧૮થી ૪૪ વયજૂથમાં વેક્સિનેશનનો ચોથા તબક્કાનો આરંભ થઈ રહ્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, જે યુવાનોએ cowin.gov.in પોર્ટલ પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું હશે તે પૈકીના આ દસ જિલ્લાના યુવાનોને જ SMS મળશે, અને SMSમાં દર્શાવેલી તારીખે, સ્થળે અને સમયે જે તે સેન્ટર પર જઈને તેમણે વેક્સિન લેવાની રહેશે. વેક્સિનેશન માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજિયાત છે. સ્થળ પર રજીસ્ટ્રેશનની કોઈ જોગવાઇ નથી એટલે જેમણે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હોય અને જેમને SMS મળ્યો હોય તે યુવાનો જ વેક્સિન લેવા માટે જાય. ગુજરાતમાં વેક્સિનેશનની કામગીરી ખૂબ જ સુચારુ રૂપે થઈ રહી છે. એટલે આ કામગીરીમાં કોઈ અવ્યવસ્થા ન સર્જાય એ સૌએ જોવાનું રહેશે.

મુખ્યમંત્રીશ્રીની આ જાહેરાત વેળાએ આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતી રવિ, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરે અને નેશનલ હેલ્થ મિશન, ગુજરાતના મિશન ડાયરેક્ટર અને સ્ટેટ નોડલ ઓફિસર ફોર કોવિડ વેક્સિનેશન શ્રી મુકેશ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. ●

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ

# તમામ રાજ્યોએ સાથે મળીને કોરોના સામેની લડાઇ લડવી પડશે : CM



ગુજરાતમાં રાજ્ય સરકાર, ખાનગી ક્ષેત્ર અને સામાજિક સંગઠનો ખભે ખભા મિલાવીને આ મહામારીમાં લોકોને રાહત પહોંચાડવા માટે પ્રયત્નશીલ છે. વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમર્થન અને સક્ષમ નેતૃત્વમાં સમગ્ર દેશ એકજૂથ થઈને કોરોના સામેનો જંગ લડી રહ્યો છે ત્યારે તમામ રાજ્યોએ આ લડાઈ સાથે મળીને લડવી પડશે. તેમણે કહ્યું હતું કે, કોરોનાનો મુકાબલો સાથે મળીને કરીશું તો આપણી જીત નિશ્ચિત છે. વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ભારતનાં રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ સાથે સંવાદ કર્યો હતો. વી ડિયોકોન્ફરન્સમાં સંબોધન કરતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ૧૫મી માર્ચે રાજ્યમાં ૪૨ હજાર બેડ હતા તેની સામે હાલ રાજ્યમાં ૯૦ હજાર બેડ ઉપલબ્ધ છે. ૧૮૦૦થી વધુ કોવિડ હોસ્પિટલોમા ૧૧,૫૦૦ આઇ.સી.યુ. બેડ અને ૫૧ હજાર ઓક્સિજન બેડ ઉપલબ્ધ છે. આ સાથે ટેસ્ટિંગમાં વધારો કરીને ૫૦ હજારની સામે ૧.૭૫ લાખ કરવામાં આવ્યા છે, જેમાં ૭૦ હજાર જેટલા આર.ટી.પી.સી.આર. ટેસ્ટનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ વધુમાં કહ્યું કે, કોરોના સામેની લડતમાં રાજ્યની વિવિધ સામાજિક-ધાર્મિક સંસ્થાઓ પણ આગળ આવી છે. મોરબી જેવા ગ્રામીણ જિલ્લામાં ૬૩૦ પથારીઓની ક્ષમતાવાળા ૫ કોવિડ હેલ્થ સેન્ટર, વડોદરામાં બી.એ.પી.એસ. દ્વારા કોવિડ ડેડીકેટેડ કોવિડ હોસ્પિટલની સ્થાપના અને સુરતમાં ૧૫ કોમ્યુનિટી કેર સેન્ટર વગેરે તેનાં ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, રાજ્યમાં નિષ્ણાત તબીબોની એક ટાસ્ક ફોર્સ બનાવાઈ છે, જેમાં સરકારી અને ખાનગી ક્ષેત્રના પ્રતિષ્ઠિત તબીબોને સમાવવામાં આવ્યા છે. તેમના માર્ગદર્શન અને સલાહ-સૂચનથી વખતોવખત કાર્યરીતિ નીતિમાં બદલાવ કરવામાં આવી રહ્યા છે. આ ટાસ્ક ફોર્સે માઇલ્ડ અને મોડરેટ દર્દીઓ માટે ફેવીપેરાવિર અને આઇવરમેક્ટીન દવાના ઉપયોગની સલાહ આપી છે. તેના થકી કોરોના દર્દીઓમાં વાયરલ લોડ ઓછો કરવામાં મદદ મળશે.

કેદ્ર સરકારના માર્ગદર્શન મુજબ ગુજરાત સરકારે માઇક્રોકન્ટેનમેન્ટ ઝોન પર ધ્યાન કેંદ્રીત કર્યું છે. હાલ ગુજરાતના શહેરોમાં કુલ ૩૦,૦૦૦ જેટલા માઇક્રો કન્ટેનમેન્ટ ઝોન અમલમાં છે જેમાં ૨૦ હજાર મેડિકલ ટીમ નિયમિત ધોરણે દર્દીઓના સર્વે-સારવારનું કામ કરી રહી છે, એમ કહીને શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, હાલ રાજ્યમાં મોટા ભાગના દર્દીઓને હોમ આઇસોલેશન થકી સારવાર આપવાના પ્રયત્નો પણ યથાવત છે, જેમાં ગયા વર્ષનો અનુભવ કામે લાગી રહ્યો છે. હોમ આઇસોલેશનમાં રહેલા દર્દીઓને સંજીવની રથ તથા ટેલિમેડિસિનના માધ્યમથી આવશ્યક સારવાર સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. એકલા અમદાવાદમાં જ ૧૨૦૦થી વધારે સંજીવની રથ લોકોની સેવામાં છે, જે વરદાન રૂપ સાબિત થયા છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતમાં કોરોના દર્દીઓ માટે ઓક્સિજનનો પુરવઠો જળવાઈ રહે તે માટે વિતરણ પ્રણાલીને મજબૂત કરવામાં આવી છે. ગંભીર દર્દીઓની સંખ્યા વધતા હોસ્પિટલોમાં ઓક્સિજનની માગ પણ ખુબ વધી છે તેને પહોંચી વળવા માટે પણ પ્રયત્નો થઇ રહ્યા છે એમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્યમાં પૂરતા વેક્સિનેશન અને કૉવિડ એપ્રોપ્રિએટ બિહેવિયરના ચુસ્ત પાલન થકી આવનારા દિવસોમાં ગુજરાત કોરોના પર પ્રભાવી નિયંત્રણ મેળવવામાં સફળ થશે તેઓ મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ બેઠકમાં ગાંધીનગર ખાતેથી નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કે. કૈલાશનાથન, આરોગ્ય અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જયંતી રવિ, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિની કુમાર અને રાજ્ય પોલીસ વડા શ્રી આશિષ ભાટિયા ઉપસ્થિત રહ્યા હતા. ●



## કોવિડ ટાસ્ક ફોર્સના તજજ્ઞ ડૉક્ટર્સનો મીડિયા સાથે વાર્તાલાપ

# કોરોનાના સંક્રમણથી બચવા માટે માસ્ક જ અમોઘ શસ્ત્ર



પ્રવર્તમાન સમયમાં કોવિડના કેસોમાં વધારો થયો છે. કોવિડ ટાસ્ક ફોર્સના સભ્યોએ સારવાર માટેના અનેક સૂચનો કર્યા છે. આ અંગે કોવિડ ટાસ્ટ ફોર્સની તાજેતરમાં મળેલી બેઠકમાં આરોગ્ય સચિવ શ્રી જયંતિ રવિએ જણાવ્યું હતુ કે, વૈશ્વિક મહામારી કોરોના સંદર્ભે હાલમાં WHO દ્વારા કહેવાયુ છે કે કોવિડની સારવારમાં રેમડેસિવિર ઈન્જેક્શન એટલું અસરકાર સાબિત થયુ નથી એટલે સારવાર માટે ડૉકટરની સલાહ મુજબ જ દર્દીઓએ ઈન્જેક્શનનો ઉપયોગ કરવો હિતાવહ છે.

તબીબી શિક્ષણના અધિક નિયામક શ્રી રાઘવેન્દ્ર દીક્ષિતે જણાવ્યું હતુ કે, છેલ્લા એક વર્ષથી આપણે સૌ કોવિડ સામે ઝઝુમી રહ્યા છીએ. શરૂઆતના તબક્કે ખબર પણ ન હતી કે કયા પ્રોટોકોલ મુજબ સારવાર લેવી, એક વર્ષ બાદ અનેક તજજ્ઞો સાથે ચર્ચા કરાયા બાદ સારવારના પ્રોટોકોલમાં અનેક સૂચનો મળ્યા છે. તે મુજબ સારવારમાં બદલાવ કરવામાં આવ્યો છે.

તેમણે વધુમાં ઉમેર્યુ કે, એઈમ્સના તજજ્ઞો સાથે થયેલી ચર્ચા અને સારવારની માર્ગદર્શિકા મુજબ કોરોનાના હળવા લક્ષણોમાં આઈવરમેક્ટીન અને ફેરીપીરાવીર દવાનો ઉપયોગ કરવાની સૂચના મળેલ છે. મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ જેવાં રાજ્યોએ આ માર્ગદર્શિકાનો અભ્યાસ કર્યા બાદ સારવારમાં થોડા ફેરફાર કર્યા છે. જેનો રાજ્યભરમાં અમલ કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

### ડૉ. વી. એન શાહ, ડાયાબિટિયોલોજિસ્ટ, ઝાયડસ કેડિલા

કોરોના મહામારી એક વિશ્વયુદ્ધ છે જેમાં એક વાયરસ સામે આખી દુનિયા લડી રહી છે. છેલ્લા એક વર્ષમાં મેડિકલ ક્ષેત્રે જે રિસર્ચ થયું છે તે પાછલા વીસ ત્રીસ વર્ષમાં પણ થયું નથી. કોરોનાને કારણે માત્ર એક વર્ષમાં ૯૦ હજારથી વધુ રિસર્ચ પેપર રજૂ થઈ ચૂક્યા છે.

આજે પણ કોરોના વાયરસ સામે કોઈ પ્રસ્થાપિત દવા દુનિયામાં ઉપલબ્ધ નથી. પહેલા હાઈડ્રોક્લોરોક્સિક્વિનની ખૂબ માગ હતી. ત્યાર બાદ ટોસિલિઝુમેબ અને હવે રેમડેસિવિરની માગ ખૂબ વધી, છે પણ એ ભૂલવું ન જોઈએ કે આ કોઈ જ કોરોનાની દવા નથી અને તેની ઘણી આડઅસરો પણ છે. રેમડેસિવિર ડ્રગ ઓફ ચોઈસ નથી એમ તેમણે ઉમેર્યું હતું.

રેન્ડમલી દવાઓ લેવાથી શરીરમાં વધુ નુકસાન થાય છે. દર્દીઓ જાતે કોઇ દવા માટે અને ઓક્સિજન માટે દોડાદોડી કરે પણ સંગ્રહ કરે તે યોગ્ય નથી માત્ર નિષ્ણાત તબીબના માર્ગદર્શન સલાહ પ્રમાણે જ દવા ઈલાજ થવો જોઈએ.

ડૉ. વી. એન. શાહે કોરોના દર્દીઓના પાંચ પ્રકાર એસિમ્ટોમેટીક, માઇલ્ડ, મોડરેટ, સિવિયર અને ક્રિટિકલ જેવાં લક્ષણો વિશે સમજ આપી તેની ઇલાજ-સારવારના આવશ્યક પ્રોટોકોલ જણાવ્યા હતા.તેમણે કહ્યું કે, એસિમ્ટોમેટીક દર્દીને કોઇ જ દવાની જરૂર નથી, તે માત્ર આઇસોલેટ થાય. માઇલ્ડ અને મોડરેટ દર્દીને ફેરિપેરાવીર અને આઇવરમેક્ટીન જેવી ટેબ્લેટ આપી શકાય છે, આ દવાને હાલ કર્ણાટક, કેરળ અને મહારાષ્ટ્ર જેવાં રાજ્યોએ પણ પ્રોટોકોલમાં સમાવી છે, ઉપરાંત આવા દર્દીઓઓઓવિટામિન સી, ડી, અને ઝિંક લેવાથી ફાયદો થઈ શકે છે. સિવિયર અને ક્રિટિકલ દર્દીને હોસ્પિટલાઇઝેશનની જરૂર રહે છે અને ઓક્સિજન તથા વેન્ટિલેટરની જરૂર રહે છે.

### ડૉ.આર.કે.પટેલ, યુ.એન.મહેતા હોસ્પિટલ અમદાવાદ

કોરોનાના સંક્રમણથી બચવા માટે માસ્ક જ અમોઘ શસ્ત્ર સાબિત થશે એટલે સૌ નાગરિકો અવશ્ય માસ્ક પહેરે એ

જરૂરી છે. સાથે સાથે વેકિસનેશન પણ અત્યંત અનિવાર્ય છે એટલે સૌ નાગરિકો એ સત્વરે વેકિસન લે એ જરૂરી છે. ૯૦ % યુવાનોને સંક્રમણ ઝડપથી થતુ નથી એટલા માટે યુવાઓ જયારે બહારથી ઘરે જાય ત્યારે વડીલોથી દૂર રહે અને વડીલોને બને એટલા આઈસોલેશનમાં રાખે કેમ કે કોમોર્બિડ દર્દીઓને સંક્રમણની શકયતા વધુ છે એટલા માટે વયસ્કોને આઈસોલેશનમાં રાખીએ.

ડૉ. પટેલે કહ્યુ કે, આપણે સૌએ મેળાવડાઓમાં જવાનુ ટાળવું જોઈએ, સાથે સાથે સોશ્યલ ડિસ્ટન્સિંગ રાખીએ માસ્ક પહેરીએ તો જ સંક્રમણથી બચી શકીશુ. કોરોનાથી મરી જવાશે એવા માનસિક ડરને મગજમાંથી કાઢી નાખવાની જરૂર છે. આપણે સામાન્ય શરદી ખાસી કે તાવ લાગે તો ત્વરિત નિદાન કરાવીને એની સારવાર શરૂ કરીને આઈસોલેશનમા રહીએ. હોસ્પિટલ તરફ ભાગવાની બિલકુલ જરૂર નથી. સારવાર સાથે આરામ કરીશુ તો ચોકક્સ હોસ્પિટલાઇઝ થવાથી બચી શકીશું.

## ડો. તુષાર પટેલ, પલ્મોનોલોજિસ્ટ એન્ડ ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ, સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદ

વર્તમાન સ્થિતિમાં કોરોનાની બીજી લહેરમાં કોરોના વાયરસની સૌથી વધુ અસર દર્દીઓના ફેફસા પર જોવા મળી રહી છે. આ વાયરસ ઝડપથી નાક વડે - મોઢા વાટે ફેફસામાં પહોંચી જાય છે. આ વાયરસની સૌથી વધુ અસર ફેફસાના પેરિફરી અને લોઅર પાર્ટમાં જોવા મળે છે. જેનાથી દર્દીનું ઓક્સિજન લેવલ ઝડપથી ઘટવા લાગે છે.

આ સંદર્ભમાં તેમણે ઉમેર્યું કે, આ પરિસ્થિતિમાં પ્રોન પોઝિશન એટલે કે પેટ તરફ (ઊંધા) સૂવાથી ફેફસાંની ઓક્સિજન ગ્રહણક્ષમતામાં વાધારો થાય છે, જેથી શરીરમાં ઓક્સિજન લેવલ પણ વધે છે. હાલમાં આઇ.સી.યુ.માં દાખલ દર્દીઓને પણ આ કસરત કરવાનું અમે કહી રહ્યા છીએ.

માઈલ્ડ લક્ષણો ધરાવતા દર્દીઓની સારવાર વિશે માર્ગદર્શન આપતાં ડો. તુષાર પટેલે જણાવ્યું કે, સામાન્ય રીતે આ વાઈરસની અસર ૧૪ દિવસ સુધી રહેતી હોય છે. માઈલ્ડ લક્ષણો ધરાવતા ૮૦ ટકા દર્દીઓ મોટા ભાગે હોમ ઈઈસોલેશનથી સાજા થઈ રહ્યા છે. આવા દર્દીઓએ ગભરાવાની કે પછી હોસ્પિટલમાં એડમિટ થવાની જરૂર નથી. આવા દર્દીઓ હોમ આઈસોલેશનમાં પેરાસિટામોલ લઈને ઝડપથી રિક્વર પણ થયા છે.

ડો. તુષાર પટેલે સ્ટિરોઇડ દવા અંગે વાત કરતાં જણાવ્યું કે, સ્ટિરોઇડ દવા કોરોના દર્દીઓ માટે રામબાણ ઈલાજ સાબિત થઈ રહી છે. આ દવાનો સક્સેસ રેટ પણ વધારે જોવા મળી રહ્યો છે. દર્દીએ ડોક્ટરના માર્ગદર્શન મુજબ જ સ્ટિરોઇડ દવાનો ઉપયોગ કરવો જોઈએ.

કોરોનાના સંક્રમિત દર્દીઓ ઉપરાંત જેમને કોરોના નથી થયો તેમણે પણ યોગ અને પ્રાણાયમને પોતાની રોજિંદી જીવનશૈલીમાં વણી લેવા જોઈએ. અનુલોમ અને વિલોમ પ્રાણાયમ આપણા ફેફસાની બ્રિધિંગ કેપિસિટીમાં વધારો કરે છે. આ ઉપરાંત તુષાર પટેલે થ્રી-બોલ સ્પાઇરોમિટર દ્વારા થતી બ્રિધિંગ એક્સરસાઈઝનું ડેમોન્સ્ટ્રેશન કરી તેની ઉપયોગિતા સમજાવી હતી.

**ડૉકટરની સલાહ મુજબ જ દર્દીઓએ રેમડેસિવિરનો ઉપયોગ કરવો હિતાવહ છે**

**હળવા લક્ષણોમાં આઇવરમેકટીન અને ફેરીપીરાવીર દવાનો ઉપયોગ કરવાની સલાહ**

**ગરમી વધી રહી છે ત્યારે હવાની અવર જવર માટે ઘરમાં વેન્ટિલેશન ખૂબ જરૂરી છે**

## ડો. દિલીપ માવળંકર, નિયામકશ્રી, પબ્લિક હેલ્થ ઇન્સ્ટિટ્યૂટ

SMS-સોશિયલ ડિસ્ટનસિંગ, માસ્ક અને સેનેટાઈઝેશનની સાથે વેન્ટિલેશન મહત્વની બાબત છે. ગરમી વધી રહી છે ત્યારે ઘરમાં બારી-બારણાં ખુલ્લા રાખવા સાથે હવાની અવર જવર વધુ સારી રીતે થઇ શકે તે ખૂબ જરૂરી છે.

શ્રી માવળંકરે કોરોનાના વધતા વ્યાપને લઇ ભીડ ન કરવા ખાસ અપીલ કરી હતી. તેમણે અગાઉ દુકાનો ઉપર ખરીદી વખતે રાઉન્ડ દોરી સોશિયલ ડિસ્ટનસિંગનું પાલન કરવામાં આવતું હતું, તે ફરીથી કરવું જરૂરી છે. શ્રી માવળંકરે કોરોનાની સંપ્રત સ્થિતિમા વૃદ્ધો-વધુ વયના વડીલોને પણ ઘરમાં આઈસોલેટ રાખવા પર ખાસ ભાર મુક્યો છે.

કોરોનાને હરાવવા વેક્સિનેશન બ્રહ્માસ્ત્ર હોવાનું ગણાવતાંશ્રી માવળંકરે જણાવ્યું કે ૧૮થી વધુ વય માટે પ્રધાનમંત્રીશ્રી એ ૧લી મે થી દેશભરમાં વેક્સિન આપવાની મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી છે, પરંતુ ૪૫ વર્ષથી વધુ વયના નાગરિકો ગભરાઈને વેક્સિન લેતા નથી તેવું ધ્યાનમાં આવ્યું છે. ત્યારે તેઓને વેક્સિનની સાચી સમજ આપી વેક્સિન લે તે આજના સમયમાં ખૂબ જરૂરી છે. ●

### ફેસબુકના માધ્યમથી CMનું રાજ્યની જનતાને હૃદયસ્પર્શી સંબોધન

# સરકારી નિયંત્રણોનું ચુસ્તપણે પાલન કરી કોરોનાને હરાવીએ...

મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યની જનતાને ફેસબુકના માધ્યમથી સંબોધન કરતાં કહ્યું છે કે, નાગરિકો બિનજરૂરી ઘરની બહાર ન નીકળે અને સરકારે લાદેલા નિયંત્રણોનું ચુસ્તપણે પાલન કરે. હવે આપણી પાસે કોરોના સામે વેક્સિનનું અમોઘ શસ્ત્ર છે ત્યારે લોકો ઝડપથી વેક્સિન મેળવે. સરકારે ૨૦ શહેરોનો કોરોના કર્ફ્યુ અન્ય ૯ શહેરોમાં પણ લાદ્યો છે. આમ કુલ ૨૯ શહેરોમાં રાત્રે ૮થી ૬ બધુ બંધ રહેશે. આ સાથે આ ૨૯ શહેરોમાં દિવસના ૬ થી ૮ દરમિયાન પણ અમુક નિયંત્રણો લાદવામાં આવ્યા છે. જેમાં ઓપન માર્કેટ, મોલ, દુકાન, કોમ્પલેક્ષ, હોલ, ઓડિટોરિયમ, જીમ, વોટરપાર્ક, બગીચા અને બ્યુટી પાર્લર બંધ કર્યા છે. રાજ્ય સરકારે દૂધ, શાકભાજી, કરિયાણાની દુકાન અને મેડિકલ સ્ટોર જેવી આવશ્યક સેવાઓ, ઉદ્યોગો અને કંસ્ટ્રક્શન સાઈટ ચાલુ રાખવાની મંજૂરી આપી છે. ઉપરાંત ઓફિસમાં ૫૦ ટકા સ્ટાફ સાથે કામ કરવાની છૂટ આપી છે જેથી રોજ કમાઈ રોજ ખાનારને તકલીફ ન થાય. સરકારે આ નિયંત્રણો રાજ્યના શહેરો - નાના નગરોમાં ભીડ ઘટાડવા અને સંક્રમણની ચેઈન તોડવા માટે લાગાવ્યા છે.

હવે ગુજરાતનાં ગામડાઓમાં પણ સંક્રમણનું પ્રમાણ વધ્યું છે ત્યારે ગામના વડીલો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સરપંચ અને જવાબદાર આગેવાનો સાથે મળી સ્વૈચ્છિક નિયંત્રણો લાદવાની સાથે આવશ્યક પગલાં લે તે જરૂરી છે. આખા ગામનું ટેસ્ટિંગ થાય, સંક્રમિત દર્દીને અલગ-આઈસોલેટ કરી કોરોના ચેઈન તોડવામાં આવે તે જરૂરી છે. તેમણે કહ્યું કે કોરોનાથી સંક્રમિત વ્યક્તિને ઘણા કિસ્સામાં આઠ-દસ દિવસ બાદ સંક્રમણનો ખ્યાલ આવે છે ત્યારે શારીરિક તકલીફ ખૂબ વધી જાય છે અને સીધું હોસ્પિટલ તરફ દોડવું પડે છે. આવી




- **૨૯ શહેરોમાં નિયંત્રણો : રાજ્યના શહેરો - નાના નગરોમાં ભીડ ઘટાડવા અને સંક્રમણની ચેઇન તોડવા માટે લગાવ્યાં.**
- **ગામના વડીલો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સરપંચ અને જવાબદાર આગેવાનો સાથે મળી સ્વૈચ્છિક નિયંત્રણો લાદવાની સાથે આવશ્યક પગલાં લે તે જરૂરી.**
- **સૌએ સાથે મળી સરકારે મૂકેલા નિયંત્રણો પ્રમાણે વ્યવસ્થાઓ બનાવવાની છે.**
- **રાજ્યમાં બે લાખથી વધુ મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ કોરોના સામેની લડાઈમાં કાર્યરત.**
- **૧ એપ્રિલથી ૨૬ એપ્રિલ સુધીમાં રાજ્યમાં ૯૨ હજાર લોકો સાજા થયા છે. રાજ્યમાં કોરોનાના દર્દીઓની રિકવરી પણ વધી રહી છે.**

વ્યક્તિ ત્યાં સુધીમાં અન્ય ઘણાને સંક્રમિત કરી ચુકે છે. સૌએ સાથે મળી સરકારે મૂકેલાં નિયંત્રણો પ્રમાણે વ્યવસ્થાઓ બનાવવાની છે.

મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું કે, સરકાર પ્રજાજનોની સાથે છે. સરકાર પૂરા જોમથી વ્યવસ્થા ઊભી કરવા મથી રહી છે. સૌ સાથે મળી એકજૂથ થઈ આ લડાઈ લડીએ સાથે જ એસ.એમ.એસ. (સોશિયલ ડિસ્ટંન્સિગ, માસ્ક અને સૅનિટાઇઝેશન)નો નિયમ અને સરકારી નિયંત્રણોનું ચુસ્તપણે પાલન કરીએ તે પણ એટલું જ જરૂરી છે. મહામારીને કારણે લોકોએ પોતાના સ્વજન-સ્નેહી ગુમાવ્યા હોવાનો તથા તબીબ અને પેરામેડિકલ સ્ટાફના લોકોએ પણ જીવ ગુમાવ્યા હોવાનો ઉલ્લેખ કરી તેઓના પરિવાર પ્રત્યે તેમણે સંવેદના વ્યક્ત કરી હતી.

તેમણે કહ્યું કે, થોડા દિવસ પહેલા પરિસ્થિતિ જુદી હતી. સૌને લાગ્યું કે હવે કોરોના સામેની લડાઈ જીતી જઈશું, પરંતુ સંક્રમણ ફરી ફેલાયું અને ૧૪ હજાર જેટલા કેસ આવવા લાગ્યા. ગુજરાત સરકાર, તબીબો, પેરામેડિકલ સ્ટાફ અને સેવાભાવી સંસ્થાઓ સૌ કોઈ સાથે મળી દિવસ-રાત કામ કરી રહ્યા છીએ.

૧૫મી માર્ચે રાજ્યમાં ૪૧ હજાર બેડ હતા જે એક મહિનામાં વધારીને સરકારે ૯૪ હજાર કર્યા. ૧૬ હજાર ઓક્સિજન બેડમાંથી ૫૨ હજાર બેડ કર્યા. એક મહિનામાં ઓક્સિજનનો વપરાશ ૧૫૦ મેટ્રિક ટનથી વધી એક હજાર મેટ્રિક ટન પર પહોંચ્યો છે. સરકારે છેલા એક મહિનામાં પાંચ લાખ જેટલા રેમડેસિવિર ઈન્જેક્શન લોકોને ઉપલબ્ધ કરાવ્યા. આજે રાજ્યમાં બે લાખથી વધુ મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ કોરોના સામેની લડાઈમાં કાર્યરત છે. સરકાર દરેક વ્યવસ્થાઓને વધારી સુદ્રઢ કરી કોરોના સામેનો સંગ્રામ ચાલુ રાખ્યો છે. ક્યારેક ક્યાંક અગવડતા આવી છતાં કોરોનાના દર્દીઓને ઓક્સિજન, દવા, ઈન્જેક્શન અને બેડ પૂરા પાડવામાં સરકારે દિવસ-રાત પ્રયત્ન ચાલુ રાખ્યા છે. કોરોનાથી રાજ્યમાં હાલ મૃત્યુનું પ્રમાણ પણ વધ્યું છે પરંતુ ગુજરાતીઓએ ગભરાવાની જરૂર નથી. આપણે સૌએ સાથે મળી પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી આપત્તિને મહાત કરવી છે.

હાલ ગુજરાત સરકારે તમામ વિભાગના અધિકારી-કર્મચારીઓને એકમાત્ર કોવિડ સંલગ્ન કામમાં લગાવ્યા છે. તેઓને જરૂરી પાવર આપ્યા છે. કોરોના સામેનું આ યુદ્ધ છે ત્યારે તેમાં જે કરવું પડે તેની છૂટ પણ અપાઈ છે. ૧ એપ્રિલથી ૨૬ એપ્રિલ સુધીમાં રાજ્યમાં બે લાખ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે,પરંતુ બીજી હકીકત એ પણ છે કે ૯૨ હજાર લોકો સાજા પણ થયા છે. રાજ્યમાં કોરોનાના દર્દીઓની રિકવરી પણ વધી રહી છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની જનતાને કરેલી અપીલ અક્ષરશઃ નીચે પ્રમાણે છે.

નમસ્કાર,

આજે ગુજરાત સહિત સમગ્ર દેશ અને ગંભીર સ્થિતિમાંથી પસાર થઈ રહ્યાં છે. આપણે સૌ આજે ઘણા મોટા પડકારનો સામનો



કરી રહ્યા છીએ. કોરોનાના વધી રહેલા કેસથી આપણી ચિંતામા વધારો થયો છે. હુ જાણુ છુ મહામારીના કારણે ઘણા લોકોએ પોતાનું ઘણુ બધુ ગુમાવ્યુ છે. કેટલાક લોકોએ પોતાના પરિવારજનો ગુમાવ્યા છે. ડોક્ટર, મેડિકલ સ્ટાફે લોકોની સેવા કરતા કરતા પોતાના જીવ ગુમાવ્યા છે. તેમના પરિવારની વેદનાને હુ સમજી શકુ છું. આ દુખની ઘડીમાં મારી સંવેદના તેમના પરિવાર સાથે છે.

ભાઈઓ-બહેનો, આજથી થોડા દિવસો પહેલા પરિસ્થિતિ જુદી હતી. લગભગ આપણે કોરોના સામેની લડાઈ જીતેલા હતા. એ રીતના કેસ ઘટી ગયા હતા. પરંતુ અચાનક પરિસ્થિતિ વિકટ બની અને આજે બીજો વેવ વધારે ખતરનાક આવ્યો. સંક્રમણ ઝડપથી ફેલાયું. રોજના 14 હજારની આસપાસ કેસ આવવા લાગ્યા છે. આ પરિસ્થિતિને સુધારવા સરકાર, અધિકારીઓ, ડોક્ટરો, પેરામેડિકલ સ્ટાફ, સામાજિક-સ્વૈચ્છિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ દિવસ-રાત જોયા વગર કામ કરી રહી છે.

સરકારે પહેલાં કોરોનાની સારવાર માટે લગભગ 15 માર્ચની આસપાસ 41 હજાર જેટલા બેડ ઉપલબ્ધ હતા. એક જ મહિનામાં દિવસ રાતએક કરીને આજે 94 હજાર બેડ આપણે ઊભા કર્યા. ઓક્સિજનની સવલતવાળા 16000 બેડ હતા. આજે 52 હજાર ઓક્સિજનની સવલતવાળા બેડ ઉભા કર્યા. ઓક્સિજન સપ્લાય પણ રાતોરાત એક મહિનામાં વધ્યો. માર્ચમાં 150 મેટ્રિક ટન ઓક્સિજનની જરૂરિયાત હતી. આજે ભારત સરકારે 1 હજાર મેટ્રિક ટન ઓક્સિજન એલોટમેન્ટ ક્વોટા ફાળવ્યો છે. આપણે હજાર મેટ્રિક ટનનો ઉપયોગ કરી રહ્યા છીએ. રેમડેસીવિર દવા મેળવવામાં આપણે સફળ થયા છીએ. એક મહિનામાં 5 લાખથી વધુ રેમડેસીવિર ઈન્જેક્શન ગુજરાતની જનતાને ઉપલબ્ધ કરાવ્યાં છે. બે લાખથી વધુ ડોક્ટર, મેડિકલ સ્ટાફ સતત કામ કરી રહ્યા છે.

સંક્રમણ જે રીતે વધ્યું એ રીતે સુવિધા પણ વધારી છે. આપણો આ સંગ્રામ ચાલી રહ્યો છે. થોડીક અગવડ પણ સ્વાભાવિક રીતે

દેખાઈ છે. ક્યાંક બેડ મેળવવામાં તકલીફ દેખાઈ છે, ક્યાંક ઓક્સિજનમાં તકલીફ, ક્યાક દવા, ઈન્જેક્શનમાં તકલીફ દેખાઈ છે. ક્યાંક મૃત્યુનું પ્રમાણ પણ વધ્યું છે. ગભરાવાની જરૂર નથી. આપણે પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને આવી પડેલી આપત્તિને માત કરીને આપણે આગળ વધવાનું છે. ગુજરાત સરકારે તમામ વિભાગના દરેક અધિકારીને એકમાત્ર કોરોનાની કામગીરીનું કામ સુનિશ્ચિત કરીને સોપેલુ છે. જ્યા જ્યા જરૂરીયાત પ્રમાણે અધિકારો પણ આપેલા છે. આ યુદ્ધ છે. અને યુદ્ધમાં જે કરવુ પડે તે તમામ પગલા લેવાની નિચે સુધી આપણે છુટ આપી છે.






1 એપ્રિલથી ગઈ કાલ સુધી બે લાખ લોકો સંક્રમિત થયા છે. એમાંથી કેટલાક લોકો મૃત્યુ પણ પામ્યા છે. બીજી હકીકત એ પણ છે કે સાજા થયેલા લોકો 14 દિવસે સાજા થયા છે. આજે ગુજરાતમાં 2 લાખમાંથી 92 હજાર લોકો સાજા થઈને ઘરે ગયા છે. જો હોસ્પિટલ આપણે વધારી ન હોત, બેડ વધાર્યા ન હોત, વ્યવસ્થા ન કરી હોત, ઈનજેક્શનની વ્યવસ્થા ન કરી હોત તો, ઘણા લોકો સાજા થઈને ઘરે ગયા ન હોત. ડોક્ટરોએ કરેલી ઝડપી ટ્રીટમેન્ટના કારણે લોકો ઝડપથી સાજા થયા છે. 15મી એપ્રિલે જે વ્યક્તિ દાખલ થાય છે. તે 30મી એપ્રિલે સાજો થઈને ઘરે જાય છે. 1 એપ્રિલથી અત્યાર સુધીમાં 2 લાખ લોકો સંક્રમિત થયા, 92 હજાર સાજા થઈને ઘરે ગયા. આપણો રિકવરી રેટનો આંકડો વધી રહ્યો છે. ગઈ કાલે સાડાસાત હજાર લોકો સાજા થઈને ઘરે ગયા છે.

ભાઈઓ બહેનો, આપણી પાસે વેક્સિન જેવું શસ્ત્ર છે, લોકો ઝડપથી વેક્સિન લગાવે એ જરૂરી છે. સાથે સાથે કોવિડના નિયમનું ચુસ્ત પાલન થાય તે પણ જરૂરી છે. કેન્દ્ર સરકારે ગઈ કાલે ગાઇડલાઇન આપી છે. આજે અમે પણ નિર્ણય કર્યો છે. પહેલા 20 શહેરોમાં નાઇટ કરફ્યુ હતો. તે હવે 29 શહેરોમાં નાઇટ કર્ફ્યુનો નિર્ણય કર્યો છે. રાતના 8થી સવારના 6 બધું જ બંધ. વ્યક્તિ પણ બહાર ન નીકળે. સવારના 6થી રાતના 8 સુધી આ 29 શહેરોમાં તમામ માર્કેટ, મોલ, દુકાન, શોપિંગ કોમ્પલેક્ષ, સિનેમા, ઓડિટોરીયમ, જીમ, બાગ બગીચા, બ્યુટી પાર્લર બંધ રાખ્યા છે. એક વખત બિનજરુરી ઘરની બહાર ન નીકળે અને બીજી બાજુ આપણે બહાર નીકળવાનો ક્યુયુ નથી કર્યો. આપણે પરંતુ જીવનજરૂરીયાતની વસ્તુઓ, દુધની દુકાન, પાર્લર, માર્કેટ,



ફળફળાદીની વસ્તુઓ, શાકભાજી, કરીયાણાનદુકાન, મેડિકલ સ્ટોર્સ અને આવશ્યક સેવાઓ ચાલુ રાખી છે. ઓફિસ પણ 50 ટકા સ્ટાફ સાથે ચાલુ રાખી છે.

આપણે ઉદ્યોગને પણ ચાલુ રાખ્યા છે, જેથી કરીને આપણું જનજીવન પ્રભાવિત ન થાય. સાથે નિયંત્રણ પણ મૂક્યાં છે. એટલે ઉદ્યોગ અને કંસ્ટ્રક્શન ચાલુ રહે. રોજનું રોજ ખાનારાને તકલીફ ન પડે તેની ચિંતા સરકારે કરી છે. આ 29 શહેરોના લોકોને બે હાથ જોડીને વિનંતી કરું છું, બિનજરૂરી બહાર ન નીકળશો. આઠ દિવસ નિયંત્રણ એટલા માટે લાદ્યાં છે કે ભીડ એકત્રિત ન થાય, સંક્રમણ ન થાય લોકો પોતાના ઘરમાં જ રહે અને 8 દિવસમાં આ સંક્રમણ શહેર-નગરમાં તોડી નાખવાનું છે.

ગામડાંઓને વિનંતી કરું છુ કે, આ વખતે ગામડાંમાં પણ સંક્રમણ વધ્યુ છે. ગામના મુખ્ય લોકો બેસે અને પોતાના ગામના લોકો નજીકના પીએચસીના ડોક્ટરને, મેડિકલ સ્ટાફને બોલાવી બધા લોકોનું સ્વાસ્થ્ય ચેક કરાવવાનો નિર્ણય કેમ ન કરે? કોઈને શરદી છે. કોઈને તાવ છે. કોઈને કળતર છે. તકલીફ છે. એને અલગ કરી તેનો ટેસ્ટ કરાવીએ. એમાંથી જેને કોરોના છે એ વધારે ફેલાવતો બંધ થાય અને સ્કૂલમાં ગામમાં, કોઈ સમાજની વાડીમાં અલગ રાખી ટ્રીટમેન્ટ આપીએ.

આમાં બે વસ્તુ થાય છે. તકલીફ એ છે કે માણસને કોરોના થાય છે એની 8-10 દિવસે ખબર પડે છે. ત્યાં સુધીમાં ઓક્સિજનની તકલીફ પડે છે. એની તબિયત એકદમ ખરાબ થાય છે અને હોસ્પિટલમાં દોડે છે. હોસ્પિટલમાં બેડની મુશ્કેલી ઊભી થાય છે. હોસ્પિટલ સુધી કેમ પહોચવું પડે છે. આપણે કેમ ઘરે જ ટ્રીટમેન્ટ ન લઈએ, પરંતુ તાત્કાલિક તેનું નિરાકરણ લાવવુ પડે, ટેસ્ટિંગ કરી લેવુ પડે. કોરોના હોય તો ઝડપથી એની ટ્રીટમેન્ટ થાય તો લગભગ 10 દિવસમાં દર્દી સાજો થઈને ઘરે જઈ શકે છે. એમનેમ 8 દિવસ ગામામાં ફરે રાખે છે અને બીજા 25 લોકોને કોરોના લગાડે છે. અને આમ સંક્રમણ વધે છે. એટલે ગામે નક્કી કરવુ પડે અમારા ગામમાં તાત્કાલિક સારવાર આપીશુ. અમારા ગામમાંથી એક પણ કેસ હોસ્પિટલમાં નહી જાય. અને શહેરના લોકો ઘરની બહાર બિનજરૂરી ન નીકળે. શહેરના લોકો ગયા વર્ષે મને બરોબર યાદ છે કે દૂધ લેવા જાઉ છુ એને એક દુધની થેલી લઈ આખા ગામમાં આટો મારી આવે. ભાઈ આ જરૂરી નથી. જો કામ હોય તો જવાની છૂટ છે. આપણે કાઈ કર્ફ્યુ નથી નાખ્યો. પણ એનો મતલબ એ નથી કે આપણે આની ગંભીરતા ન સમજીએ.

સૌને વિનંતી છે કે આ 8 દિવસ ગંભીરતા સમજીને સ્વયં શિસ્તનું પાલન કરી કોવિડના નિયમનું, સરકારે મૂકેલાં નિયત્રંણોને ધ્યાને રાખી આપણા ગામની વ્યવસ્થાને સુદૃઢ બનાવીએ. ગામના તમામ જવાબદાર લોકો જે માને કે હુ ગામનો વડીલ છુ. ગામનો સરપંચ છુ. ગામનો ચૂંટાયેલો માણસ છુ. એ બધા સાથે મળીને ગામના લોકોમા જનજાગૃતિ લાવીને 8 દિવસ બરોબર કેમ્પેન ચલાવે. સરકારે જે કરવાનું છે તે બધુ કરી રહી છે, સરકાર પૂરા જોમ સાથે બધી વ્યવસ્થા માટે મથે છે અને મથતી રહેશે. એનો વિશ્વાસ રાખજો.

હુ આપ સૌને ફરીથી અપીલ કરુ છુ. આવો આપણે સાથે મળીને કોરોના સામેની લડાઈ લડીએ SMS સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક અને સૅનેટાઇઝેશનનો નિષ્ઠાપૂર્વક અમલ કરીએ. વેક્સિનનના મંત્રનું પાલન કરી એ. અને 29 શહેરમાં જે નિયંત્રણ લાદવામાં આવ્યા છે એનું સખ્તાઈપૂર્વક પાલન કરીએ. મને વિશ્વાસ છે કે, આપણે આ સંક્રમણ અટકાવવામાં સફળ થઈશું. આપણે ઝડપથી આ મુશ્કેલીમાંથી બહાર નીકળી જઈશુ. મારા ગુજરાતનાં ભાઈઓ બહેનો ઉપર મને ભરોસો છે, ગુજરાત જીતશે, કોરોના હારશે. સરકાર તમારી સાથે છે. આપણે આપણા ગુજરાતને આ મોટી આપત્તિમાંથી બહાર કાઢીને આપણો ધર્મ બજાવીશું. ●





## CM- DyCMએ દાહોદ જિલ્લામાં આરોગ્ય પરિસ્થિતિની સમીક્ષા કરી

# દાહોદમાં કોરોનાના દર્દીઓ માટે ૩૦૦ બેડ વધારાશે

કોરોનાની પરિસ્થિતિને પહોંચી વળવા માટે આરોગ્યતંત્રની સજ્જતાની જાતમાહિતી મેળવવા માટેના ઉપક્રમ અનુસંધાને તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે દાહોદનાં જિલ્લા વહીવટી તંત્ર સાથે વિસ્તૃત ચર્ચા કરી આગામી સપ્તાહમાં ૩૦૦ પથારીની સુવિધા ઉભી કરવાની જાહેરાત કરી હતી. જેમાં દાહોદની ઝાયડ્સ હોસ્પિટલ ખાતે ૨૦૦ પથારી અને જિલ્લામાં ૧૦૦ વધારાની પથારી તમામ સુવિધા સાથે દર્દીઓ માટે વધારવામાં આવશે. એટલે, આગામી દિવસોમાં દાહોદમાં કોરોનાના દર્દીઓની સારવાર માટે વધારાની ૩૦૦ પથારીનો વધારો થશે.



આ સમીક્ષા બેઠક પછી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં આગામી સમયમાં મોટા પ્રમાણમાં લગ્નગાળો આવવાનો છે. તેમાં કોવિડની એસ.ઓ.પી.નું પાલન થાય તે જોવાની જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનને જવાબદારી સોંપવામાં આવી છે. જો લગ્નમાં નિયત કરતાં વધુ ભીડ જોવા મળશે, તો જવાબદાર પોલીસ અધિકારી સામે પણ પગલાં લેવામાં આવશે.

શ્રી રૂપાણીએ કહ્યું હતું કે, દાહોદ જિલ્લામાં જે વિસ્તારોમાંથી વધુ કોરોનાના કેસો મળી આવે છે, ત્યાં ટેસ્ટ, ટ્રેસિંગ અને આઈસોલેટ કાર્યમંત્રને આધારે લોકસહકારથી ઘનિષ્ઠ આરોગ્ય ચકાસણીની ઝુંબેશ હાથ ધરવામાં આવશે. દર્દીઓને આરોગ્યલક્ષી દવાઓની કિટ્સ પણ આપવામાં આવશે. કન્ટેઈન્મેન્ટ ઝોનના નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવા માટેની સ્થાનિક પ્રશાસનને સૂચના આપવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ એમ પણ જણાવ્યું કે દાહોદના ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાના કેસોનું પ્રમાણ વધુ પ્રમાણમાં જોવા મળ્યું છે. તેથી, ગ્રામ્યકક્ષાએ સેવા આપતા તબીબો પણ કોવિડ હેલ્થ સેન્ટર શરૂ કરે તેવી કાર્યવાહી કરવા માટે તંત્રને સૂચના આપવામાં આવી છે.

તેમણે દાહોદના નાગરિકોને બિનજરૂરી ઘરની બહાર ન

## દાહોદમાં આરોગ્ય વિભાગની કામગીરી...

દાહોદ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ સાડા ત્રણ લાખથી પણ વધુ કોવિડ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ટેસ્ટ પોઝિટિવીટી રેટ ૧.૧૦ ટકા છે. જ્યારે જિલ્લામાં કોવિડ દર્દીઓનો ડિચાર્જ રેટ ૮૯.૦૯ ટકા છે. કોરોના કેસો ડબલ થવાનો સમયગાળો ૧૫૩ દિવસ રહ્યો છે. જ્યારે કેસ ફેટાલીટી રેટ ૦.૧૬ છે. કોરોનાના કેસ દીઠ કરવામાં આવતા કોન્ટેક્ટ ટ્રેસીંગની સંખ્યા સરેરાશ ૨૦૬ છે. જે રાજ્યમાં સૌથી વધુ કોન્ટેક્ટ ટ્રેસીંગ રેશીયો પૈકીનો એક છે.

જ્યારે કોવિડનો કમ્પાઉન્ડ ડેઇલી ગ્રોથ રેટ ૧.૪૭ ટકા રહ્યો છે. પ્રતિ ૧૦ લાખ વ્યક્તિએ દૈનિક ધોરણે ૧૧૭૨ લોકોના ટેસ્ટ કરાઇ રહ્યાં છે. કોવિડની બીજી લહેરમાં દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ટેસ્ટ, ટ્રેસ અને આઇસોલેટના કાર્યમંત્ર ઉપર કામગીરી કરવામાં આવી રહી છે. છેલ્લા ૧૮ દિવસમાં આરોગ્ય વિભાગ દ્વારા ૫૬૬૪૭ લોકોનું સેમ્પલ કલેક્શન કરવામાં આવ્યું હતું. જેમાંથી પોઝિટિવીટી રેટ ૧.૨૫ ટકા રહ્યો છે.

જિલ્લામાં કુલ ૨૬૫૪ ટીમ દ્વારા ૪.૨૦ લાખ લોકોથી વધુનું સીધું સર્વેલન્સ કરવામાં આવ્યું છે. જેમાંથી ૨૩૧૧ લોકોને કોવિડ લક્ષણો જણાયા હતા. સર્વેલન્સને આધારે કુલ ૨૪૭૨ લોકોનો એન્ટીજન ટેસ્ટ અને ૧૪૧૭ લોકોનો આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવ્યો હતો. હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ ૨૬૪૨૩૫ લોકોનો, જ્યારે પીન્ક એરીયામાં ૭૨૮૬૮ લોકોનો, એમ્બર એરીયામાં ૨૦૫૬૫ લોકોનો, કન્ટેઇન્મેન્ટ ઝોનમાં ૪૨૯૪૫ લોકોનો સર્વેલન્સ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત બોર્ડર સ્ક્રિનિંગ ૧૭૯૩ લોકોનો, ધન્વંતરિ રથ દ્વારા ૫૪૫૮ લોકોનું સર્વેલન્સ કરવામાં આવ્યું હતું. સરકારી દવાખાનાઓ ૫૦૭૨ લોકોની અને ખાનગી હોસ્પિટલમાં ૬૨૮૬ લોકોની ઓપીડી કરવામાં આવી હતી. બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન વગેરે સ્થળે સુપરસ્પેડ્રર હોય તેવા ૧૨૨૨ લોકોનું સર્વેલન્સ હાથ ધરાયું હતું.

જિલ્લામાં કુલ ૫૫ ધન્વંતરિ રથ દ્વારા દૈનિક ધોરણે કરવામાં આવતી ઓ.પી.ડી. સરેરાશ ૧૫૧ છે. ધન્વંતરિ રથ દ્વારા કુલ ૧૬૧૧ લોકોના એન્ટિજન ટેસ્ટ કરવામાં

નીકળવા અને સમયસર વેક્સીન લઇ લેવા અપીલ પણ કરી હતી. તેમણે જનપ્રતિનિધિઓને પણ લોકઆરોગ્યની સુરક્ષાના અભિયાનમાં જોડવવા માટે જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ બેઠકમાં જિલ્લાની કોવિડ પરિસ્થિતિ અંગે ઉચ્ચ અધિકારીઓ સાથે વિગતે સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીશ્રીને જિલ્લામાં ડેડીકેટેડ હોસ્પિટલ્સ, બેડ્સની ઉપલબ્ધતા, રેમડેસિવિર ઇન્જેક્શન, એન્ટિજન ટેસ્ટ કિટ, લોજીસ્ટીક્સ સહિતની તમામ બાબતો અંગે તલસ્પર્શી માહિતી આપવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી સમક્ષ જિલ્લાની કોવિડ સ્થિતિ અંગે સ્પષ્ટ અને સર્વગ્રાહી ચિત્ર રજૂ કરવામાં આવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે ડોર ટુ ડોર સર્વેલન્સ વધારીને કોવિડના દર્દીઓને સમયસર ટ્રેસ કરી લેવા આરોગ્ય વિભાગને સૂચના આપી હતી. આ ઉપરાંત, દાહોદ જિલ્લાની જરૂરિયાત આરોગ્યલક્ષી સાધન સુવિધા પૂરી પાડવામાં આવશે, તેમ પણ કહ્યું હતું. આ બેઠકમાં તેમણે ઝાયડ્સ હોસ્પિટલમાં સિટી સ્કેન તત્કાલ શરૂ કરવા પણ કહ્યું હતું.

આ બેઠકમાં ગ્રામ્ય ગૃહ નિર્મિા રાજ્ય મંત્રી શ્રી બચુભાઇ ખાબડ, સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી શીતલબહિન વાઘેલા, ધારાસભ્ય શ્રી રમેશભાઈ કટારા, નગરપાલિકા પ્રમુખ શ્રી રીનાબેન પંચાલ, અગ્રણી શ્રી શંકરભાઇ અમલિયાર, મુખ્યસચિવ શ્રી અનિલ મુકીમ, ખાસ ફરજ પરના અધિકારી શ્રી રાજકુમાર બેનીવાલ સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## દાહોદની સિવિલ હોસ્પિટલમાં સિટીસ્કેનનો પ્રારંભ



કોરોના સંક્રમણ સામે નાગરિકોને મળી રહેલી આરોગ્યની સુવિધાની સમીક્ષા કરવા માટે તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ દાહોદનાં જિલ્લા વહીવટીતંત્રને સૂચનાઓ આપી હતી. આ સૂચનાઓનું જિલ્લા વહીવટી તંત્રએ ગણતરીની કલાકોમાં જ અમલવારી કરી ઝાયડ્સ મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ ખાતે સિટીસ્કેનની સુવિધા શરૂ કરાવી દીધી છે.

કલેક્ટર શ્રી વિજય ખરાડીએ જણાવ્યું હતું કે, ઝાયડ્સ હોસ્પિટલમાં સિટીસ્કેનની સુવિધા શરૂ દેવાઇ છે. રાજ્યની અન્ય સરકારી સિવિલ હોસ્પિટલ અને સરકારી મેડિકલ કોલેજમાં રાજ્ય સરકાર દ્વારા સિટીસ્કેનના જે દરો નિયત કરવામાં આવ્યા છે, તે જ ચાર્જ પ્રમાણે અહીં નાગરિકો સિટીસ્કેન કરાવી શકશે.

ઝાયડ્સના ડો. સંજીવ કુમારે જણાવ્યું કે, આ સુવિધાનો પ્રારંભ થતાંની સાથે જ કોરોનાના કેસમાં ફેફસામાં ઇન્ફેક્શનની તપાસ માટે કરાતા એચઆરટીસી માત્ર રૂ. ૧૮૦૦ની દરે અહીં કરવામાં આવશે. આ સુવિધા શરૂ થતાં નાગરિકોને રાહત થશે.

આવ્યા છે. જયારે ૪૨૭ લોકોને સારવાર અર્થે રીફર કરવામાં આવ્યા છે.

જિલ્લાની ઝાયડસ મેડીકલ કોલેજ અને હોસ્પિટલ, અર્બન રળિયાતી હોસ્પિટલ, રેલ્વે હોસ્પિટલમાં કુલ ૪૩૬ બેડની કેપિસીટી છે. જયારે જિલ્લાની ૨૨ ખાનગી હોસ્પિટલમાં ૫૬૨ બેડની કેપિસીટી છે. જેમાંથી સરકારી હોસ્પિટલમાં કુલ ૧૨૯ આઇસીયુ બેડ અને ખાનગી હોસ્પિટલમાં ૯૧ આઇસીયુ બેડ એમ કુલ ૨૨૦ આઇસીયુ બેડ છે. તેમાંથી કુલ ૪૪ માં વેન્ટીલેટર અને ૩૭ માં બાઇપેપની સગવડ છે.

જિલ્લામાં ઉક્ત ત્રણ સરકારી હોસ્પિટલમાં ૨૪૪ ઓક્સીજન બેડ અને ખાનગી હોસ્પિટલમાં ૨૧૪ ઓક્સીજન બેડ એમ કુલ ૪૫૮ ઓક્સીજન બેડ છે. ઉપરાંત ઉક્ત સરકારી હોસ્પિટલમાં ૬૩ અને ખાનગી હોસ્પિટલમાં ૨૫૭ એમ કુલ ૩૨૦ નોર્મલ બેડ છે. જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ૧૦ કોવિડ હેલ્થ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. જેમાં ૧૧૦ બેડ ઉપલબ્ધ છે. જયારે દાહોદ સહિત અન્ય તાલુકાઓના ૯ કોવિડ કેર સેન્ટરમાં ૬૩૮ બેડ ઉપલબ્ધ છે.

નાગરિકોને કોરોના અંગેની માહિતી મળી રહે તે માટે ૨૪×૭ હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે. જયાં બેડની ઉપલબ્ધતા, કોરોનાની દવા, રસીકરણ કેન્દ્ર તેમજ ટેસ્ટીંગ સેન્ટર સહિતની માહિતી આપવામાં આવે છે. ઉપરાંત કોલ સેન્ટર દ્વારા કોલ કરીને હોમ આઇસોલેટ દર્દીઓ, એક્ટીવ-ડિસ્ચાર્જ દર્દીઓ, સગર્ભા-ધાત્રી માતાઓનું ફોલો અપ લેવામાં આવે છે. આ રીતે અત્યાર સુધીમાં ૪૯૩૬ કોલ કરવામાં આવ્યા છે. કોવિડ ડેડીકેટેડ હોસ્પિટલ, કોવિડ કેર સેન્ટર સાથે આ કોલ સેન્ટરનું સતત સંકલન રાખવામાં આવે છે.

કોવિડની બીજી લહેરમાં સંક્રમણને રોકવા દાહોદ જિલ્લા પોલીસે માસ્ક પહેરવા માટે સકારાત્મક ઝુંબેશ હાથ ધરી હતી અને ૯૯૯૩૧ લોકોને નિ:શુલ્ક માસ્ક આપ્યા છે. લોકડાઉન અને અનલોકના વિવિધ તબક્કાઓમાં અત્યાર સુધીમાં ૩૨૨૫ લોકો સામે વિવિધ કલમો હેઠળ જાહેરનામા ભંગના ગુના નોંધવામાં આવ્યા છે. જિલ્લામાં કોવિડ રસીકરણ અભિયાન અંતર્ગત ૨૭૨૧૬૬ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અપાયો છે. જયારે તેમાથી ૬૮૪૧૬ લોકોને વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. ●

### કેન્દ્રના અને રાજ્ય સરકારના સહયોગથી રેકોર્ડ સમયમાં

# અમદાવાદ GMDC ખાતે કોવિડ હોસ્પિટલ કાર્યરત

આગોતરુ આયોજન મુશ્કેલી દૂર હટાવવાનો એક માત્ર ઉપાય છે.વર્તમાન કોરોના કાળમાં સમગ્ર વિશ્વ સંકટમાં છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા સાવચેતીનાં અસરકારક પગલાઓ લેવામાં આવ્યા છે. તાજેતરમાં કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદમાં જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડમાં કોવિડ હોસ્પિટલ અને ગાંધીનગર જિલ્લાના કોલવડા ખાતે કોવિડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલ ખાતે ૨૮૦ PSA ઓક્સિજન પ્લાન્ટનો શુભારંભ કરાવ્યો હતો. આ વેળાએ રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતીનભાઇ પટેલ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

DRDO અને ગુજરાત સરકારના સંયુકત ઉપક્રમે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે નિર્માણ પામેલી ધન્વતરી કોવિડ હોસ્પિટલમાં ૯૫૦ બેડ હશે, જેમાં ૨૫૦ આઈસીયુ બેડ હશે. જેમાં તમામ પ્રકારના ટેસ્ટની સુવિધા પણ ઉપલબ્ધ હશે.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે નવનિર્મિત ધન્વંતરિ કોવિડ હોસ્પિટલની મુલાકાત લઈ સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ મુલાકાત બાદ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ સાથે પરિસ્થિતિ અંગે ચર્ચા વિચારણા કરી હતી. ત્યારબાદ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ કહ્યું હતું કે, હાલ સમગ્ર દેશમાં કોવિડનો બીજા વેવ ચાલી રહ્યો છે. આ સમયે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા ઉત્તમ કામગીરી  કરવામાં આવી રહી છે.

ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રી શ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી કેટલાક અગત્યના નિર્ણયોની જાહેરાત કરી હતી. ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કદાચ દેશમાં ગુજરાત એવું રાજ્ય છે કે જ્યા આઈસીયુ બેડની મહત્તમ સુવિધા છે.

આ ઉપરાંત ગૃહરાજ્યમંત્રીશ્રીએ રાજ્યની જનતાને આહવાન કર્યું હતું કે આપણે સૌએ સાથે મળીને કોવિડ સામે વિજય પ્રાપ્ત કરીશું. આ તબક્કે ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતની સ્થિતિ વિશે સતત જાણકારી મેળવી અને જરુરી માર્ગદર્શન આપી રહ્યા છે.

ગૃહમંત્રીશ્રીએ તબીબોને અપીલ કરતાં કહ્યું કે રેમડેસિવિર ઈન્જેકશનની જરુર હોય તો જ ઉપયોગ કરવામાં આવે. તેમણે





ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સની ગાઈડલાઈનનું અનુસરણ કરવા માટેની તાકીદ કરી હતી. કેન્દ્રિય ગૃહમંત્રીશ્રીની આ મુલાકાત વેળાએ મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી કે. કૈલાશનાથન અને અન્ય ઉચ્ચ અધિકારીશ્રી પણ ઉપસ્થિત રહ્યા હતા.

### કોલવડા આયુર્વેદિક હોસ્પિટલમાં 280 લિટર PSA ઓક્સિજન પ્લાન્ટનો શુભારંભ

કોલવડા આયુર્વેદિક હોસ્પિટલામાં ૨૮૦ PSA ઓક્સિજન પ્લાન્ટનો શુભારંભ કરાવ્યા બાદ ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહે જણાવ્યુ હતું કે, કોલવડામાં દર મિનિટે 280 લિટર ઓક્સિજન દર્દીઓને મળશે . એટલું જ નહીં આકસ્મિક સમય માટે ઓક્સિજન સિલિન્ડર પણ અહીં ઉપલબ્ધ કરાયા છે જેનાથી દર્દીઓને કોઈ તકલીફ પડે નહીં. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ અને આયોજન હેઠળ દેશભરમાં પી. એમ.કેર ફંડમાંથી ઓક્સિજન પૂરો પાડવા માટે એક ખાસ અભિયાન હાથ ધરાયું છે જેના ભાગરૂપે ગુજરાતમાં નવા 11 PSA ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવા માટે કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે જે ટૂંક સમયમાં કાર્યરત કરાશે. અને વધારાનો ઉત્પાદિત ઓક્સિજનનો જથ્થો અન્ય રાજ્યોને પહોંચાડવામાં આવશે. ગુજરાત ઉદ્યોગિક રાજ્ય છે ત્યારે ઓક્સિજનનું પણ વધુ ઉત્પાદન થઈ રહ્યું છે જે અન્ય લોકોને મદદરૂપ થશે.

શ્રી અમિતભાઈ શાહે તેમના સંસદીય મતવિસ્તારમાં ગ્રામીણ નાગરિકો માટે ઉપલબ્ધ કરાયેલ સેવાઓ માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલને અભિનંદન પાઠવતા કહ્યું કે, શ્રી વિજયભાઈ અને શ્રી નીતિનભાઈ પટેલે ગુજરાતમાં કોરોનાની પ્રથમ લહેર વખતે જે રીતે કામગીરી કરી હતી એ જ રીતે આજે પણ કોરોનાની બીજી લહેરમાં મક્કમ રીતે લડાઈ લડી રહ્યા છે ત્યારે મને વિશ્વાસ છે કે આ બીજા તબક્કામાં પણ આપણે કોરોનાને હરાવીને ગુજરાતના નાગરિકોને બહાર લાવીને સુરક્ષિત કરશું.

તેમણે ઉમેર્યું કે, ગાંધીનગરના હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે ટાટા સન્સ અને ડી.આર.ડી.ઓ.ના સહયોગથી 1200 બેડની સુવિધા ધરાવતી હોસ્પિટલ ટૂંક સમયમાં કાર્યરત બનશે.જેમાં 600 બેડ



ICUની સુવિધા ઉપલબ્ધ હશે. જેનો લાભ પણ સત્વરે નાગરિકોનો મળતો થશે, આ માટેની કામગીરી પણ શરૂ કરી દેવાઇ છે.

આ પ્રસંગે કોવિડની કામગીરી માટે નિયુક્ત કરાયેલા ગાંધીનગર જિલ્લાના પ્રભારી શ્રી સુનયના તોમર, ગાંધીનગર જિલ્લા કલેક્ટટર ડો. કુલદીપ આર્ય, મ્યુનિસિપલ કમિશનર ડૉ. રતન કવર ગઢવી ચારણ સહિત ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગૃહમંત્રીશ્રીની મદદથી સંક્રમણ નિયંત્રણ સામેના જંગમાં નવી શક્તિ અને નવી દિશા મળશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોનાના આ કપરા સમયમાં ગુજરાતની જનતા-જનાર્દનની આરોગ્ય સેવા સુખાકારી માટે ૧૦ કરોડનાં વિવિધ સાધનસહાય આપવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહનો સમગ્ર ગુજરાતવતી આભાર વ્યક્ત કર્યો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહે ગુજરાતની કપરા સમયે મદદ કરી છે તે ગુજરાતીઓ ક્યારેય નહીં ભૂલે. ગુજરાતની જનતા અને રાજ્ય સરકાર કોરોનાની બીજી લહેર વચ્ચે ગુજરાતને શ્રી અમિતભાઈ શાહે કરેલી આ મદદ સહાય આશીર્વાદ રૂપ નીવડશે.

સંકટના સમયમાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલી આરોગ્ય સુવિધાઓ નાગરિકો માટે આરોગ્ય સુખાકારીમાં વધુ સહાયક બનશે.

શ્રી અમિતભાઈ શાહે જી.એમ.ડી.સી. હોસ્પિટલ અને કોલવડા ઓક્સીજન પ્લાન્ટના લોકાર્પણ બાદ પોતાના સંસદીય મત વિસ્તારની કોરોના સંક્રમિત વ્યક્તિઓની સારવાર સેવા માટે ૧૦ કરોડના ખર્ચે ઉપલબ્ધ કરાવેલી આ સાધનસહાય સોલા

સિવિલ હોસ્પિટલ ખાતેથી સંબધિત સ્થળોએ પહોચાડવા અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર વાહકોએ રવાના કરી હતી

અમદાવાદ સોલા સિવિલ ખાતે અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાગલે અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી અરુણ મહેશ બાબુની ઉપસ્થિતિમાં આઇસીયુ ઓન વ્હીલ્સ, મોબાઈલ લેબોરેટરી અને એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ઊભી કરેલી આરોગ્ય સુવિધાનો લાભ ૮ લાખથી વધુ ગ્રામીણ લોકોને મળશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, શ્રી અમિતભાઈ શાહે કોરોનાકાળમાં પોતાના મતવિસ્તારના લોકોની આરોગ્ય સુવિધાઓની પણ દરકાર કરીને આદર્શ સાંસદનો દાખલો બેસાડ્યો છે.

આ પહેલથી સરકારી હોસ્પિટલોની આરોગ્ય સુવિધાઓ વધુ સુદ્રઢ બનશે.કોવિડ મહામારીના સમયમાં પ્રજાને જરુરી આરોગ્યસુવિધાઓ મળી રહે તે હેતુથી કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર લોકસભા સંસદીય મતવિસ્તારમાં રૂ. ૧૦ કરોડથી વધુ રકમની વ્યવસ્થા કરી છે, જેમાંથી ૧૦૦ બાયપેપ મશીન અને ૨૫ વેન્ટીલેટરની સુવિધા ઊભી થશે. આ બાયપેપ મશીનમાંથી ૫૦ સોલા સિવિલ ખાતે અને ૫૦ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત થશે.

કેન્દ્રીયમંત્રીશ્રીની આ વ્યવસ્થાના પગલે તાત્કાલિક ધોરણે ૬ એમ્બ્યુલન્સ અને ૨ આઈ.સી.યુ. ઓન વ્હીલ્સ અને ૨ મોબાઈલ લેબોરેટરીની સુવિધા જનતાને મળશે. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી દ્વારા ઊભી કરવામાં આવેલી આ વ્યવસ્થાને પગલે અમદાવાદ જિલ્લાના ૧૬૦ ગામડાઓ, ગાંધીનગર જિલ્લાના ૧૦૦ ગામડા અને ૪ નગરપાલિકા વિસ્તારની જનતાને રાહત થશે.





કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીની આ પહેલના પગલે ગાંધીનગર વિસ્તારની પ્રજાને ૧- એમ્બ્યુલન્સ વાન, ૧- મોબાઈલ ટેસ્ટિંગ વાન અને ૧- આઈ.સી.યુ. ઓન વ્હીલ્સની સુવિધાનો લાભ મળશે. જ્યારે અમદાવાદ ક્ષેત્રની પ્રજાને ૬ એમ્બ્યુલન્સ વાનનો લાભ મળશે. આ ઉપરાંત અમદાવાદ સોલા સિવિલ ખાતે આંખના રોગોના નિદાન માટે ફેકો મશીન અને સાણંદ તથા બાવળા વિસ્તારમાં એક-એક મોબાઇલ ટેસ્ટિંગ લેબોરેટરી વાન ફાળવવામાં આવી છે. કોવિડની સ્થિતિને ધ્યાનમાં રાખી પ્રજાને તાત્કાલિક હોસ્પિટલ સુધી પહોંચાડવામાં સુગમતા રહે તે માટે બાવળા, સાણંદ,નાનોદરા, વિરોચનનગર, સનાથલ, સરઢવ અને સોલા સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગરમાં આઇ.સી.યુ. ઓન વ્હીલ્સની સુવિધા પૂરી પાડવામાં આવશે.

અમદાવાદના સાણંદ અને બાવળા વિસ્તારમાં ૨ ડિજિટલ એક્સ રે મશીન, ૨ સોનોગ્રાફી કલર મશીન, ૬ ઓક્સિજન કોન્સનટ્રેટ મશીન, ૧૨ બાયનોક્યુલર માઈક્રોસ્કોપ, ૨ ડિજિટલ એક્સ રે મશીન અને ફિઝિયોથેરાપીના મશીનો ફાળવવામાં આવ્યા છે.

ગાંધીનગર વિસ્તારમાં ૧ સોનોગ્રાફિક મશીન, ૧ ફુલ્લી ઓટોમેટિક કેમેસ્ટ્રી એનેલાઈઝર, ૧ લેપ્રોસ્કોપિક મશીન યુનિટ, ૧ પોર્ટેબલ ઈ.સી.જી મશીન અને ૧ ડેન્ટલ ડિજિટલ એક્સરે મશીન ફાળવવામાં આવ્યું છે.

નગરપાલિકાવાર કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ ઊભી કરેલી આરોગ્ય સુવિધાઓ જોઈએ તો બાવળા, સાણંદ, નાનોદરા, વિરોચનનગર, સનાથલ અને સોલા સિવિલ અર્બન હેલ્થ સેન્ટર (યુ.એચ.સી.) માટે એમ્બ્યુલન્સ. સાણંદ-બાવળા માટે મોબાઈલ લેબોરેટરી વાન, ડિજિટલ એક્સરે મશીન, કલર સોનોગ્રાફી મશીન, બાયનોક્યુલર માઈક્રોસ્કોપ અને ડેન્ટલ ડિજિટલ એક્સરે મશીનનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત સરઢવ માટે એમ્બ્યુલન્સ વાન, ગાંધીનગર માટે બ્લડ સેલ મોબાઈલ વાન અને આઈ.સી.યુ. ઓન વ્હીલ્સ તથા કાલોલ-ગાંધીનગર માટે બાયનોક્યુલર માઈક્રોસ્કોપ. કલોલ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર (સી.એચ.સી.) માટે સોનોગ્રાફી મશીન 3 ડી & 4 ડી, ફુલ્લી ઓટોમેટિક કેમિસ્ટ્રી એનલાઈઝર, લેપ્રોસ્કોપી ઓટોમેટિક કેમેસ્ટ્રી અને ડિજિટલ એક્સ રે મશીનનો સમાવેશ થાય છે.

આ બધી સુવિધાઓ મળતી થવાને કારણે રાજ્ય સરકારને કોરોના સંક્રમણ નિયંત્રણ સામેના જંગમાં નવી શક્તિ અને નવી દિશા મળશે એટલું જ નહિ, સારવાર વ્યવસ્થાઓ પણ વધુ સુદ્રઢ બનતા કોરોનાગ્રસ્તોની દરકાર અને કાળજી વધુ વ્યાપકપણે લઈ શકાશે. ●

# હજીરાના સ્ટીલ પ્લાન્ટ પરિસરમાં ૨૫૦ બેડની હંગામી કોવિડ હોસ્પિટલ





કોરોના સંક્રમણની વર્તમાન પરિસ્થિતિમાં ઓક્સિજનની અનિવાર્યતાને ધ્યાને રાખીને ગુજરાતના જાણીતા સ્ટીલ ઉત્પાદકો આર્સેલર મિત્તલ પરિવારે કેન્દ્ર અને રાજ્ય સરકારની અપીલને તુરંત જ પ્રતિસાદ આપીને પોતાના પ્લાન્ટ પરિસરમાં જ ૨૫૦ બેડની હંગામી કોવિડ હોસ્પિટલ ઊભી કરીને માનવ સેવાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોવિડ હોસ્પિટલના શુભારંભ વેળાએ વીડિયો કોન્ફરન્સિંગથી સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આર્સેલર મિત્તલે ઓક્સિજનની તીવ્ર જરૂરિયાતની આ વેળાએ સમાજ પ્રત્યેની જવાબદારી ઉમદા રીતે નિભાવી છે. તેમણે શ્રી લક્ષ્મી મિત્તલ અને આર્સેલર મિત્તલ પરિવારની આ પહેલને આવકારી હતી, અને કહ્યું હતું કે, રાજ્ય સરકારે છેલ્લા એક મહિનામાં કોવિડ હોસ્પિટલોમાં ઓક્સિજન બેડ ૪૧ હજારથી વધારીને ૯૨ હજાર જેટલા કર્યા છે. આજે ઓક્સિજનની સુવિધા સાથેની હોસ્પિટલની ખૂબ જ આવશ્યકતા છે ત્યારે આર્સેલર મિત્તલ સ્ટીલ પ્લાન્ટની આ પહેલ આવકારદાયક છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં જ દેશના ઉત્પાદકોને ઓક્સિજનનું મહત્તમ ઉત્પાદન કરવા અને કોરોનાના દર્દીઓની આવશ્યકતાને પહોંચી વળવામાં સહયોગ આપવા અપીલ કરી હતી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પણ ગુજરાતના ઉત્પાદકોને કોરોનાની સ્થિતિમાં ઓક્સિજનની માંગને પહોંચી વળવામાં મદદરૂપ થવાની અપીલ કરી હતી. આર્સેલર મિત્તલે રાજ્ય અને કેન્દ્ર સરકારના આ આહવાનને ઉમળકાભેર પ્રતિસાદ આપ્યો છે.

ગુજરાતમાં સુરત નજીક હજીરામાં કાર્યરત આર્સેલર મિત્તલ સ્ટીલ પ્લાન્ટ પોતાના સ્ટીલ ઉત્પાદન માટે ગેસ ઓક્સિજનનું ઉત્પાદન કરે છે. હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા કોરોનાના દર્દીઓની જરૂરિયાત માટે ગેસ ઓક્સિજનનું પરિવહન શક્ય નથી હોતું. પરિવહન માટે લિક્વિડ ઓક્સિજન ગેસની આવશ્યકતા હોય છે. અહીં ઉલ્લેખનીય છે કે, આર્સેલર મિત્તલ સ્ટીલ પ્લાન્ટ તરફથી અત્યારે પોતાના લિક્વિડ ઓક્સિજન ઉત્પાદનને ૩૦ ટકા વધારી ૧૮૫ મેટ્રિક ટન લિક્વિડ ઓક્સિજન કોરોનાના ગુજરાતના દર્દીઓ માટે આપવામાં આવી રહ્યો છે.

આર્સેલર મિત્તલ સ્ટીલ પ્લાન્ટ માટે ઉત્પાદિત ઓક્સિજન ગેસ સ્વરૂપમાં હોવાથી તેનું પરિવહન સંભવ નહીં હોવાથી આ ગેસ ઓક્સિજન કોરોનાના દર્દીઓની સારવાર માટે તરત જ ઉપયોગમાં લઈ શકાય એ હેતુથી સ્ટીલ પ્લાન્ટમાં જ કોવિડ હોસ્પિટલ ઊભી કરવામાં આવી હોય અને તે પણ ઐતિહાસિક સમયમાં એવી આ પ્રથમ ઘટના હશે.

રાજ્ય સરકારના ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસના સતત પરામર્શમાં રહીને સુરત જિલ્લા કલેક્ટર શ્રી ધવલ પટેલ તથા સુરત મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાનીના સહયોગથી હજીરામાં આર્સેલર મિત્તલ સ્ટીલ પ્લાન્ટ ના મેનેજમેન્ટ દ્વારા માત્ર ૭૨ કલાકના રેકોર્ડ સમયમાં હંગામી કોવિડ હોસ્પિટલ શરૂ કરી દેવામાં આવી છે. જરૂરિયાત અનુસાર અહીં ૧૦૦૦ બેડની કોવિડ હોસ્પિટલ ખૂબ ઝડપથી કાર્યરત થઈ શકે એ પ્રકારે આર્સેલર મિત્તલે આયોજન કર્યું છે.

આ હંગામી કોવિડ હોસ્પિટલની શુભારંભ વેળાએ જાણીતા ઉદ્યોગપતિ શ્રી લક્ષ્મી મિત્તલ કઝાકિસ્તાનથી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી જોડાયા હતા. જ્યારે સહયોગી કંપની નિપ્પોન સ્ટીલના પ્રતિનિધિઓ જાપાનથી જોડાયા હતા. આ પ્રસંગે સાંસદ શ્રી સી. આર. પાટીલ, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ જોડાયા હતા. ●

## મુખ્યમંત્રીશ્રીએ કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો

દેશના નાગરિકોને કોરોનાના સંક્રમણથી બચાવવા માટે દેશવ્યાપી રસીકરણ કાર્યક્રમ ચાલી રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ નાગરિકોને રસી લેવા અપીલ કરી છે. જેના ભાગરૂપે રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગાંધીનગર ખાતે કોરોનાની વેકિસનનો પ્રથમ ડોઝ લીધો છે.



કોરોનાની રસી લીધા બાદ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોરોનાથી બચવા માટે વેકિસન જ અમોઘ શસ્ત્ર છે ત્યારે રાજયમાં ચાલી રહેલા રસીકરણનો લાભ લેવો જોઈએ. આ સાથે, મુખ્યમંત્રીશ્રીએ ૧લી મે-૨૦૨૧થી 18 વર્ષથી ઉપરના તમામ યુવાઓ માટે શરૂ થનારા રસીકરણ કાર્યક્રમમાં બધા યુવાઓ-નાગરિકોને રસી લેવા અનુરોધ કર્યો હતો.

તેમણે ઉમેર્યુ હતું કે, પ્રવર્તમાન સંજોગોમા બીજુ સંક્રમણ વધુ વ્યાપક છે અને સંક્રમણ ઝડપથી પ્રસરે છે ત્યારે વેકિસનથી જ આપણને કોરોના સામે રક્ષણ મળી રહેશે. 45 વર્ષથી ઉપરના તમામ નાગરિકો અને જે લોકોને કોરોના થઈ ગયો હોય તેઓએ પણ ડૉક્ટરની સલાહ લઈ વેકિસનના ડોઝ લેવા જોઈએ, તેવી તેમણે અપીલ કરી હતી. આ ઉપરાંત, તેમણે જણાવ્યું હતું કે, આગામી તા.૧ લી મે-૨૦૨૧ થી ૧૮ વર્ષથી ઉપરના યુવાઓને રસી આપવા માટે કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે તે મુજબ ગુજરાત સરકારે પણ આ અંગે આગોતરૂ આયોજન કરીને સંપૂર્ણ વ્યવસ્થાઓ ગોઠવી દીધી છે એટલે યુવાઓ પણ વેકિસન લઈ લે એ અત્યંત જરૂરી છે. ●

**મુખ્યમંત્રીશ્રીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો સકારાત્મક પ્રતિસાદ**

## જામનગરમાં ૧૦૦૦ બેડની કોવિડ હોસ્પિટલ બનશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મુકેશ અંબાણી સાથે વાતચીત કરીને જામનગરમાં ૧૦૦૦ બેડની ક્ષમતા સાથે ઓક્સિજન વ્યવસ્થા ધરાવતી કોવિડ હોસ્પિટલ શરૂ કરવા અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના અનુરોધનો ત્વરિત પ્રતિસાદ આપતાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મુકેશ અંબાણીએ ગુજરાતમાં કોરોના સંક્રમણની મહામારીની વિપદામાં જનતા જનાર્દનની સેવામાં સરકાર સાથે રિલાયન્સ પરિવાર પણ પડખે ઊભો છે તેની ખાતરી આપી હતી. આ હોસ્પિટલ કાર્યરત થવાથી જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર સહિત સૌરાષ્ટ્રનાં જિલ્લાઓનાં કોવિડ દર્દીઓને સમયસર સારવાર આપવાનું કાર્ય ઝડપી બનશે.

શ્રી અંબાણીએ મુખ્યમંત્રીશ્રીની અપીલ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સામાજિક ઉત્તરદાયિત્વ રૂપે જામનગરમાં ૧૦૦૦ બેડની ક્ષમતા સાથેની ઓક્સિજન સુવિધાઓ સહિતની હોસ્પિટલ બનાવવા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના અધિકારીઓને સૂચનાઓ પણ આપી છે. શ્રી મુકેશ અંબાણીએ મુખ્યમંત્રીશ્રીને એમ પણ જણાવ્યું હતું કે, ૪૦૦ બેડની હોસ્પિટલ તો ઓક્સિજન સુવિધાઓ સાથે જામનગરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા શરૂ કરી દેવાશે.

ત્યારબાદ વધુ ૬૦૦ બેડની ક્ષમતા સાથેની હોસ્પિટલ શરૂ કરવાનું ઈન્ફ્રાસ્ટ્રકચર સહિતનું નિર્માણ કાર્ય બનતી ત્વરાએ હાથ ધરીને ૧૦૦૦ બેડની સંપૂર્ણ ક્ષમતા સાથેની હોસ્પિટલ એકાદ સપ્તાહમાં શરૂ કરવા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સંપૂર્ણતઃ પ્રયાસરત રહેશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેનને જણાવ્યું હતું કે આ હોસ્પિટલ માટે જરૂરી માનવબળ પુરૂં પાડવામાં રાજ્ય સરકાર રિલાયન્સને મદદરૂપ બનશે. જ્યારે અન્ય સાધન-સામગ્રી, ઈક્વિપમેન્ટસ અને આનુષાંગિક સુવિધાઓ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ આ હોસ્પિટલ માટે ઊભી કરશે.

જામનગરમાં નિર્માણ થનારી રિલાયન્સની હોસ્પિટલ માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની સૂચના અને માર્ગદર્શનમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસના નેતૃત્વમાં જિલ્લા કલેકટર તેમજ જિલ્લા વહિવટીતંત્ર સંકલનની જવાબદારી સંભાળી રહ્યા છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આગામી રવિવાર સુધીમાં ૪૦૦ બેડની તેમજ ત્યાર બાદ બનતી ત્વરાએ એકાદ સપ્તાહમાં વધુ ૬૦૦ બેડ સાથે એમ કુલ ૧૦૦૦ બેડની સંપૂર્ણ ક્ષમતાની ઓક્સિજન સુવિધા સહિતની આ હોસ્પિટલ કાર્યરત થવાથી જામનગર તેમજ સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા, પોરબંદર વગેરે જિલ્લાઓના નાગરિકો-લોકો માટે કોરોના સંક્રમણ સારવારની મોટી સુવિધા ઘર આંગણે મળતી થશે. ●

### કોરોના સામે લડવા આરોગ્ય - આયુષ વિભાગ સુસજ્જ

## રાજ્યભરમાં આયુર્વેદિક ઉકાળા-દવાનું વિતરણ કરાશે

વિશ્વવ્યાપી મહામારી કોરોના વાયરસ, કોવિડ-19ના સંક્રમણ સામેનો જંગ ગુજરાતમાં નાગરિકોની રોગપ્રતિકારક શક્તિ વધારીને જીતવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આરોગ્ય વિભાગ અને આયુષ આયુર્વેદ વિભાગને વ્યાપક ઉપાયો-પગલાં માટે પ્રેરિત કર્યા છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ હેતુસર ગુજરાતમાં ૬૦ હજાર કિલોગ્રામ આયુર્વેદ દવાઓ તેમજ ૧૦ લાખ ડોઝ હોમિયોપેથી ઔષધિ-દવાઓના ઓર્ડર આપીને આ દવાઓ ત્વરાએ મેળવી તેનું રાજ્યવ્યાપી વિતરણ કરવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યમાં કોરોના સંક્રમણ નિયંત્રણ સ્થિતિની સમીક્ષા માટે નિયમીત રૂપે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાતી કોર કમિટિની બેઠકમાં શ્રી વિજયભાઇ રૂપાણીએ આ ઔષધિઓ મેળવવા માટે આયુષ અને આરોગ્ય તંત્રને સુચનાઓ આપી છે. આ દવાઓ મેળવવા માટેના ઓર્ડર પણ આયુષ વિભાગે આપ્યા છે.

રોગપ્રતિકારક શક્તિ વધારવામાં આયુર્વેદ દવાઓનો મહત્વપૂર્ણ ફાળો રહેલો છે અને આ દવાઓના અનેક સારા પરિણામો મળ્યા છે તેને પગલે મુખ્યમંત્રીશ્રીએ કોરોના સંક્રમણની આ બીજી લ્હેરમાં પણ આયુર્વેદ-હોમિયોપેથી ઔષધિઓના ઉપયોગથી કોરોના સામેનો જંગ જિતવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણય અનુસાર રાજ્યભરના ૩૩ જિલ્લાઓ માટે ૨૯૭૦૦ કિ.ગ્રામ અમૃત પેય ઊકાળાનો જથ્થો, સંશમની વટીનો ૩૦ હજાર કિ.ગ્રામ જથ્થો તેમજ ઓર્સેનિક આલ્બમ-૩૦ ના કુલ ૧૦ લાખ ડોઝ રાજ્ય સરકાર વિવિધ સંસ્થાઓ-સંગઠનો-કેન્દ્ર સરકાર પાસેથી મેળવશે.

આ આયુર્વેદ દવાઓની વિતરણ વ્યવસ્થા પણ જિલ્લા-તાલુકા અને ગ્રામીણ સ્તર સુધી સુદ્રઢ બનાવવા મુખ્યમંત્રીશ્રીએ માર્ગદર્શન આપ્યુ છે, તે મુજબ તલાટીઓ, સરપંચો, આશાવર્કર બહેનો અને સેવા સંસ્થાઓ મારફતે તેનું વિતરણ જન-જન સુધી કરવાની વ્યૂહરચના ઘડવામાં આવી છે.

કોરોનાથી સંક્રમિત દર્દીઓને સારવાર ઉપરાંત તેમનામાં રોગપ્રતિકારક શક્તિ વધારવાની બાબતને પણ વિશ્વસ્તરે સ્વીકૃતિ મળી છે ત્યારે માનવ શરીરમાં ઇમ્યુનિટી બુસ્ટ કરતી આયુર્વેદી દવાઓનો વપરાશ વધ્યો છે. ગુજરાતમાં કોરોનાની પ્રથમ લહેરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન અને પ્રેરણાથી ૯૦ લાખ પરિવારો માટે ઓર્સેનિક આલબમના ડોઝ, ૭૮ હજાર કિ.ગ્રામ અમૃત પેય ઉકાળા અને ૮૫ હજાર કિ.ગ્રામ સંશમની વટી લોકોને પૂરી પાડવામાં આવેલી છે

સમગ્ર રાજ્યમાં ગત વર્ષ તા. ૬ માર્ચ-૨૦૨૦થી આ ઔષધિઓના વિતરણ દ્વારા અત્યાર સુધીમાં એટલે કે તા. ૨૨ એપ્રિલ-૨૦૨૧ સુધીમાં ૧૦.૭૭ કરોડ અમૃત પેય ઉકાળા ડોઝ લાભાર્થીઓ, ૮૨.૭૦ લાખ સંશમની વટીના અને ૬. ૩૫ કરોડ ઓર્સેનિક આલબમ-૩૦ ના લાભાર્થીઓને આવરી લઈ રોગપ્રતિકારક શક્તિ વધારવાનો સફળ પ્રયોગ હાથ ધરાયો છે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આયુર્વેદ ઔષધિઓના ઉપયોગથી લોકોની રોગપ્રતિકારક શક્તિ વધારીને જનસહયોગથી કોરોના સામેનો જંગ જિતવા ‘‘હારશે કોરોના-જિતશે ગુજરાત’’ની પ્રતિબદ્ધતા સાથે આ વધુ આયુર્વેદ ઔષધિઓનો જથ્થો મેળવી તેની સઘન વિતરણ વ્યવસ્થાથી જનઆરોગ્ય સુખાકારીમાં ગુજરાતને અગ્રેસર રાખવાની નેમ કોર કમિટીની બેઠકમાં વ્યકત કરી હતી. ●

### કોવિડ-૧૯ની સાંપ્રત પરિસ્થિતિ સંદર્ભે

## એક મહિના માટે બાયો મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ હેઠળ ઓથોરાઇઝેશન અપાશે

બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સની જોગવાઈઓ મુજબ બાયોમેડિલ વેસ્ટ પેદા કરતી દરેક હેલ્થ કેર ફેસિલિટી માટે બોર્ડનું ઓથોરાઈઝેશન મેળવવું ફરજિયાત છે ત્યારે રાજ્યમાં પ્રવર્તી રહેલી કોવિડ-૧૯ની અસામાન્ય પરીસ્થિતિમાં કોવિડની સારવાર અર્થે હેલ્થ કેર ફેસિલિટી ત કાર્યરત થઇ શકે તે માટે હેલ્થ કેર ફેસિલીટિઓને હંગામી ધોરણે ૩૦ દિવસ માટે બાયો મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ હેઠળ ઓથોરાઇઝેશન આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર, જાહેર હિતમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આવી તમામ હેલ્થ કેર ફેસીલીટીઓને બાયો મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ની જોગવાઇઓ તથા કોવિડ દર્દીઓની સારવાર/નિદાન/સંસર્ગ નિષેધ દરમ્યાન ઉત્પન્ન થતા કચરાના હેંડલીંગ, ટ્રીટમેન્ટ અને નિકાલ અંગેની સી.પી.સી.બી.ની માર્ગદર્શિકાનું પાલન કરવાની શરતોને આધિન હંગામી ધોરણે ૩૦ દિવસ માટે બાયો મેડીકલ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ હેઠળ ઓથોરાઇઝેશન આપવાનો આ નિર્ણય લેવાયો છે. ●

# રાજ્યનાં મહાનગરો સહિત 29 શહેરોમાં નિયંત્રણો લાદવામાં આવ્યા

ભારત સરકારના ગૃહ મંત્રાલયની ૨૬ એપ્રિલની માર્ગદર્શિકા સંદર્ભે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગૃહ વિભાગ સાથેની તાકીદની બેઠક પછી કેટલાક મહત્વના નિર્ણયો કર્યા છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ પદે મળેલી બેઠકમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, અધિક મુખ્ય સચિવ (ગૃહ) શ્રી પંકજકુમાર, પોલીસ મહાનિર્દેશક શ્રી આશિષ ભાટિયા, આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. શ્રીમતી જયંતિ રવિ સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ અગાઉ જે આઠ મહાનગરો સહિત ૨૦ શહેરોમાં રાત્રિના ૮ થી સવારે ૬ વાગ્યા સુધી કરફ્યુ હતો, તે ૨૦ શહેરો ઉપરાંત હિંમતનગર, પાલનપુર, નવસારી, વલસાડ, પોરબંદર, બોટાદ, વિરમગામ, છોટાઉદેપુર અને વેરાવળ-સોમનાથ સહિત કુલ ૨૯ શહેરોમાં રાત્રિના ૮ થી સવારના ૬ વાગ્યા સુધી કરફ્યુ રહેશે.

તદઉપરાંત આ ૨૯ શહેરોમાં વધારાના નિયંત્રણો મૂકવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. રાજ્યના ૨૯ શહેરોમાં રાત્રિ કરફ્યુ ઉપરાંત વધારાના નિયંત્રણો મૂકવાની રાજ્ય સરકારની જાહેરાત કરી છે. આ નિયંત્રણ તા. ૨૮મી એપ્રિલ-૨૦૨૧ થી તા. ૫મી મે-૨૦૨૧ સુધી અમલી રહેશે.

આ નિયંત્રણો દરમિયાન ઉપરોક્ત ૨૯ શહેરોમાં તમામ આવશ્યક સેવાઓ ચાલુ રહેશે. અનાજ-કરિયાણાની દુકાન, શાકભાજી, ફળ-ફળાદિ, મેડિકલ સ્ટોર, મિલ્ક પાર્લર, બેકરી તથા ખાદ્યપદાર્થોની દુકાનો ચાલુ રહેશે. આ ૨૯ શહેરોમાં પણ તમામ ઉદ્યોગો, ઉત્પાદન એકમો, કારખાનાઓ અને બાંધકામ પ્રવૃત્તિઓ યથાવત ચાલુ રહેશે. આ તમામ એકમોએ SOPનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તમામ મેડિકલ અને પેરામેડિકલ સેવાઓ યથાવત રહેશે. આ ૨૯ શહેરોમાં તમામ રેસ્ટોરન્ટ બંધ રહેશે માત્ર ટેક-અવે સેવાઓ ચાલુ રાખી શકાશે.

તમામ ૨૯ શહેરોમાં મોલ, શોપિંગ કોમ્પલેક્ષ, ગુજરી બજાર, સિનેમા હોલ, ઓડિટોરિયમ, જીમ, સ્વીમિંગ પુલ, વોટરપાર્ક, જાહેર બાગ-બગીચાઓ, સલૂન, સ્પા, બ્યુટી પાર્લર અને અન્ય એમ્યુઝમેન્ટ પ્રવૃત્તિઓ બંધ રહેશે. સમગ્ર રાજ્યમાં તમામ APMC બંધ રહેશે. માત્ર શાકભાજી અને ફળ-ફળાદિના વેચાણ સાથે સંલગ્ન APMC ચાલુ રાખી શકાશે. સમગ્ર રાજ્યમાં ધાર્મિક સ્થળોએ જાહેર જનતાનો પ્રવેશ બંધ રહેશે માત્ર સંચાલકો અને પૂજારીઓ પૂજાવિધિ કરી શકશે. સમગ્ર રાજ્યમાં પબ્લિક બસ ટ્રાન્સપોર્ટ ૫૦ ટકા ક્ષમતા સાથે ચાલુ રહેશે. સમગ્ર રાજ્યમાં લગ્ન પ્રસંગમાં નિયમો અનુસાર વધુમાં વધુ ૫૦ વ્યક્તિઓ હાજર રહી શકશે અને અંતિમવિધિઓમાં ૨૦ વ્યક્તિઓ હાજર રહી શકશે. ●



# ધારાસભ્યશ્રીઓ રૂ.૨૫ લાખની ગ્રાન્ટ મેડિકલ સાધનોની સહાય માટે આપી શકશે

કોરોના સંક્રમણ નિયંત્રણના હેતુસર રાજ્ય સરકારે રાજ્યની સરકારી કચેરીઓમાં ૧૫મી મે સુધી શનિવાર-રવિવાર દરમિયાન રજા જાહેર કરવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટિની બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણય મુજબ રાજ્યની સરકારી કચેરીઓમાં ૧૫ મી મે સુધી ૫૦% સ્ટાફ સાથે કામગીરી કરવાની રહેશે. કોર કમિટિની બેઠકમાં લેવાયેલા અન્ય મહત્તવના નિર્ણય મુજબ રાજ્યના ધારાસભ્યો તેઓને મળતી પ્રવર્તમાન ગ્રાન્ટ ઉપરાંત ૨૫ લાખની ગ્રાન્ટ સરકારી હોસ્પિટલ દવાખાનાને મેડિકલ સાધનોની સહાય માટે આપી શકશે. કોર કમિટિમાં લેયાયેલા અન્ય એક નિર્ણય અંતર્ગત કોરોના વાયરસ સામેની રાજ્ય સરકારની લડતને વધુ મજબૂત કરવાના ઉમદા આશયથી ધારાસભ્યશ્રીઓ ૨૫ લાખ સુધીની રકમ સિવિલ હોસ્પિટલ, સરકારી દવાખાના, કોર્પોરેશન અને નગરપાલિકાની હોસ્પિટલ- દવાખાના માટે અદ્યતન મેડિકલ ઉપકરણ - સાધનો વસાવવા માટે આપી શકશે. ●

# રાજ્યની તમામ ખાનગી હોસ્પિટલ કોવિડની સારવાર કરી શકશે

ગુજરાતમાં કોરોનાના દર્દીઓની વધતી જતી સંખ્યાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવ શ્રી કે. કૈલાશનાથન, અગ્રસચિવ ડૉ. જયંતી રવિ તથા ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં મળેલી કોર કમિટીની મિટિંગમાં અત્યંત મહત્વના નિર્ણયો કર્યા છે.



મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ નિર્ણયોની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યની તમામ ખાનગી હોસ્પિટલો, ક્લિનિક્સ, દવાખાનાઓ અને નર્સિંગ હોમના ડોક્ટરો પોતાની હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓને સારવાર આપી શકશે. આગામી તા. ૧૫મી જુન સુધી તમામ ખાનગી હોસ્પિટલો, ક્લિનિક્સ, દવાખાનાઓ અને નર્સિંગ હોમને કૉવિડના દર્દીઓની સારવાર કરવાની રાજ્ય સરકારે મંજૂરી આપી છે. કોરોનાના દર્દીઓની સારવાર કરવા માટે તેમણે કોઇ પણ જાતની મંજૂરી મેળવવાની રહેશે નહીં અને જે-તે કલેક્ટર કે મ્યુનિસિપલ કમિશનરને આ બાબતની જાણ કરવાની રહેશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ બીજા મહત્વના નિર્ણયની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે તજજ્ઞ ડોક્ટરો માટે માસિક રૂ. ૨.૫ લાખ, મેડિકલ ઓફિસરો માટે માસિક રૂ. ૧.૨૫ લાખ, ડેન્ટલ ડોકટરો માટે માસિક રૂ. ૪૦ હજાર, આયુષ ડોક્ટર્સ અને હોમિયોપેથી ડૉક્ટર્સ માટે માસિક રૂ. ૩૫ હજાર, જુનિયર ફાર્માસિસ્ટ/લેબ ટેકનિશિયન/ એક્સ-રે ટેકનિશિયન અને ઇ.સી. જી. ટેકનિશિયન માટે માસિક રૂ. ૧૮ હજાર અને વર્ગ ૪ના કર્મચારીઓ માટે માસિક રૂ. ૧૫ હજારના માનદ વેતનથી ૩ માસ માટે નવી નિમણુક કરવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, ૧૫ મી માર્ચ ૨૦૨૧ની આસપાસ ગુજરાતની તમામ હોસ્પિટલોમાં કૉરોનાના દર્દીઓ માટે ૪૧ હજાર જેટલા બેડ હતા. જેની સંખ્યા વધારીને આજે લગભગ ૭૮ હજાર જેટલી કરવામાં આવી છે. પરંતુ વધતા જતા સંક્રમણ અને વધતા જતા કેસોને કારણે આ વ્યવસ્થા પણ અપૂરતી બની રહી છે. સમગ્ર પરિસ્થિતિને ધ્યાને લઇને કોર કમિટીની મિટિંગમાં નિર્ણય કરવામાં આવ્યો છે કે, રાજ્યની તમામ ખાનગી હોસ્પિટલો, ક્લિનિક્સ, દવાખાનાઓ અને નર્સિંગ હોમના ડોક્ટરો પોતાની હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓને સારવાર આપી શકશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇને મેડીકલ અને પેરામેડીકલના વિવિધ સંવર્ગના કર્મીઓને દર્દીઓની સેવામાં રાજ્ય સરકારના પ્રયત્નોમાં સહભાગી થવા જલદીથી જોડાઇ જવા અપીલ કરી છે. તેમણે કહ્યું છે કે, રાજ્યમાં કોરોનાના વધતા જતા કેસોને ધ્યાને લઇને દર્દીઓને સારી સેવા આપી શકાય તે માટે સરકારી હોસ્પિટલોમાં ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ અને પેરામેડીકલ સ્ટાફની નિમણુક માટે રાજ્ય સરકારે જાહેરાત કરી છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, મેડિકલ ઓફીસર્સ, ડેન્ટલ ડોક્ટર્સ, આયુષ ડોક્ટર્સ, હોમિયોપેથી ડોક્ટર્સ તેમજ જુનિયર ફાર્માસિસ્ટ/લેબ ટેકનિશિયન/ એક્સ-રે ટેકનિશિયન અને ઇ.સી.જી. ટેકનિશિયનની આકર્ષક માનદ વેતન સાથે નિમણૂકો કરાઇ રહી છે. એ જ રીતે સરકારી હોસ્પિટલોમાં માનદ સેવા આપી રહેલા મેડીકલ, નર્સિંગ, ફાર્માસિસ્ટ, લેબ-ટેક અને વર્ગ-૪ના સ્ટાફને આગામી ત્રણ મહીના માટે વધું પ્રોત્સાહક વેતન આપવામાં આવશે.

તેમણે કહ્યું હતું કે, સરકારી હોસ્પિટલોમાં વર્ગ-૩ની કક્ષામાં ફરજ બજાવતા આઉટસોર્સિંગ સ્ટાફ નર્સના હાલ મળતા પગારમાં વધારો કરીને ૩ માસ માટે માસિક રૂ. ૨૦,૦૦૦નું માનદ વેતન આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. નવી ભરતીમાં દાખલ થનાર નર્સ બહેનો-ભાઇઓને પણ આ જ પ્રમાણે માનદ વેતન આપવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે, હાલ સરકારી હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓ માટે ફરજ બજાવતાં આવા એડહોક ડોક્ટરો, નર્સો, ફાર્માસિસ્ટ, ટેકનિશિયન તેમજ વર્ગ-૪ના કર્મચારીઓને પણ આ જ પ્રકારે મે, જુન અને જુલાઇ એમ ૩ માસ માટે માનદ વેતન આપવાનો સરકારે નિર્ણય કર્યો છે.

ગુજરાતમાં આવેલી આર્મી હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓને સારવાર મળી રહે તે માટેનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં કચ્છ, જામનગર, અમદાવાદ અને વડોદરામાં આર્મી હોસ્પિટલો છે. ગુજરાતની આર્મી હોસ્પિટલો કોરોનાના દર્દીઓ માટે ઉપલબ્ધ થઈ શકે તે માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. આ માટે ભારત સરકારે પણ આહ્વાન કર્યું હતું.

આ સંદર્ભે આર્મીના અધિકારીઓ સાથે ગુજરાતના અધિકારીઓ બેઠક ચાલી રહ્યાં છે અને ગુજરાતને વધુ બેડ મળે તે દિશામાં પ્રયત્નો ચાલી રહ્યાં છે. ●

# પ્રત્યેક નાગરિકની આરોગ્ય સુખાકારી માટે સજ્જ ગુજરાત

**સમગ્ર દેશ કોરોના મહામારી સામે લડી રહ્યો છે. રાજ્ય સરકાર પણ નાગરિકોને સારી, સસ્તી અને ઝડપી આરોગ્ય સુવિધા મળી રહે તે માટે પૂરી નિષ્ઠાથી કાર્ય કરી રહી છે. સરકારની સાથે રાજ્યની સામાજિક સંસ્થાઓ, સેવાભાવી લોકો પણ કોરોના દર્દીઓની સારવારમાં મદદ કરી રહ્યા છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં સરકાર દ્વારા હોસ્પિટલની સુવિધા અને ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત લોકોને ઘરઆંગણે આરોગ્ય સુવિધા ઉપલબ્ધ કરાવવા ધન્વંતરિ રથ, દવાઓનું યોગ્ય વિતરણ વગેરે સગવડ કરવામાં આવી છે. રાજ્યના વિવિધ જિલ્લામાં આરોગ્ય સુવિધા અંગેની વિગતો અત્રે પ્રસ્તુત છે.**

### ભરૂચ

ભરૂચ જિલ્લાના ગ્રામ્ય અને અર્બન વિસ્તારના લોકોને ઘર આંગણે આરોગ્ય સારવાર મળી રહે તે માટે જિલ્લા કલેકટર ડૉ. એમ.ડી.મોડિયા અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી અરવિંદ વિજયનના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. દુલેરાની રાહબરીમાં ૩૩ જેટલા ધન્વંતરિ રથ જિલ્લાનાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ પૂરી પાડી ઉત્કૃષ્ઠ કામગીરી કરી રહ્યા છે. ધન્વંતરી રથ દ્વારા ભરૂચ જિલ્લામાં ૯૯૬૭૭૩ લોકોના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.







આ ધન્વંતરિ રથમાં મેડિકલ ઓફિસર અને પેરા મેડિકલ સ્ટાફ દ્વારા આરોગ્યની કામગીરી કરવામાં આવી રહી છે. ધન્વંતરિ રથ મોબાઈલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ગરજ સારે છે. જેમાં તાવના, શરદી ઉધરસના, ડાયાબિટીસના, બ્લડ પ્રેશરના તેમજ દુખાવો ચામડીના અને અન્ય રોગોના દર્દીઓના આરોગ્યની તપાસ કરી આયુષની દવાઓ આપવામાં આવી રહી છે આરોગ્યના કર્મીઓ દ્વારા તમામને સોશિયલ ડિસ્ટન્સીંગ અને માસ્કની ઉપયોગીતા અને સેનેટાઇઝરના ઉપયોગ વિશે માહિતી આપવામાં આવી હતી.

### ભાવનગર

કોરોનાનું સંક્રમણ રાજ્યમાં ધીમે ધીમે વધી રહ્યું છે તેને ધ્યાનમાં રાખીને ભાવનગર શહેર-જિલ્લામાં અગમચેતી રૂપે કોરોનાના કેસના પ્રમાણમાં જરૂરી બેડ ઉપલબ્ધ બને તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શ્રી વિવેકાનંદ હોમિયોપેથિક મેડિકલ કોલેજ & હોસ્પિટલ, ભાવનગરને ૧૫ જનરલ બેડ અને H.D.U. ના ૧૦ બેડ મળી કુલ ૨૫ બેડની પરવાનગી સાથે કોવિડ-૧૯ હોસ્પિટલ તરીકે ચલાવવાની મંજૂરી સાથે આરોગ્ય વિભાગની જોગવાઈઓ મુજબ સેગમેન્ટ-૧ મુજબ કોવિડ કેર હોસ્પિટલ તરીકે ચલાવવાની મંજૂરી આઈસોલેશન અને સારવાર માટે આપવામાં આવી છે. તેવી જ રીતે શ્રી બજરંગદાસબાપા આરોગ્યધામ, સદવિચાર જનરલ હોસ્પિટલ & નર્સિંગ હોમ અને શ્રી રૂદ્ર હોસ્પિટલ & આઇ.સી.યુ.કેરને કોરોનાના બેડ વધારવાની મંજૂરી સંદર્ભે પરવાનગી સાથે કોવિડ-૧૯ હોસ્પિટલ તરીકે ચલાવવાની મંજૂરી સાથે આરોગ્ય વિભાગની જોગવાઈઓ મુજબ કોવિડ કેર હોસ્પિટલ તરીકે ચલાવવાની મંજૂરી આઈસોલેશન અને સારવાર માટે આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, આ રીતે હવે ભાવનગર શહેરની ૧૯ હોસ્પિટલોને કોવિડ-૧૯ હોસ્પિટલ તરીકે માન્યતા છે. જેમાં જનરલના ૨૭૩, H.D.U.ની ૨૫૧, I.C.U.ની ૬૩, N.I.C.U.ની ૩ મળી કુલ ૫૯૦ બેડ કોરોના માટે આરક્ષિત રખાયાં છે. ઉપરોક્ત હોસ્પિટલોમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની જોગવાઈઓ મુજબ નિર્ધારિત કરેલ દરે સારવાર આપવામાં આવશે. તેનાથી વધુ દર લઈ શકાશે નહીં. આ ઉપરાંત ભાવનગર જિલ્લાને વધુ ૧૦ સંજીવની રથ શિક્ષણ રાજ્યમંત્રી શ્રી વિભાવરીબેન દવેના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા. મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, બીજા ૧૦ સંજીવની રથ ભાવનગર જિલ્લાને મળશે. આ ઉપરાંત અન્ય બીજા ૭ ધન્વંતરિ પણ ભાવનગર જિલ્લાને મળવાના છે. જે ઈમરજન્સી સેવા માટે તહેનાત કરવામાં આવશે.

કોરોનાની બીજી લહેર વચ્ચે ઓક્સિજનની જરૂરિયાત

ધરાવતાં દર્દીઓની સંખ્યા વધવાના કારણે ઓક્સિજનનો વપરાશ થઈ વધી રહ્યો છે ત્યારે અગાઉની ૧૦ હજાર લીટરની ક્ષમતાની લિક્વીડ ઓક્સિજન ટેંક, ૫ હજાર લિટરની ક્ષમતાની ક્રાયો લિક્વિડ ઓક્સિજન ટેંક, ઉપરાંત વધારાની ૨૦ હજાર લીટરની ક્ષમતાની લિક્વીડ ઓક્સિજન ટેંક સ્થાપિત કરવાથી હોસ્પિટલની ક્ષમતા ૩૫ હજાર લીટરની ક્ષમતાની થઈ જશે. સર ટી. હોસ્પિટલ પાસે ૧૦ હજાર લીટર ક્ષમતાની લિક્વીડ ઓક્સિજન ટેંક ઉપરાંત, તાજેતરમાં સ્થાપિત ૫ હજાર લિટરની ક્ષમતાની ક્રાયો લિક્વિડ ઓક્સિજન ટેંક, ૭ ક્યુબિક મીટરનાં એક એવાં ૪૦૦ જમ્બો ઓક્સિજન સિલિન્ડર અને ૧૦૦ લીટરના ૧૬૫ નાના ઓક્સિજન સિલિન્ડર હાલમાં વપરાશમાં છે.

### વડોદરા

વડોદરામાં મકરપુરા ખાતે આવેલી એ.બી.ઈન્ડસ્ટ્રીઝ જીવન રક્ષામાં અનિવાર્ય ઉપયોગીતા ધરાવતા મેક્સ પ્રોટોન પ્લસ વેન્ટિલેટર બનાવે છે અને ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોને પૂરા પાડે છે.કોરોના સામેની લડતમાં આ કંપનીએ તંત્રને ખૂબ ઉપયોગી જીવન રક્ષક યોગદાન આપ્યું છે અને મજબૂત પીઠબળ પૂરું પાડ્યું છે. ખાસ ફરજ પરના અધિકારી અને શિક્ષણ સચિવ ડો.વિનોદ રાવે આ કંપનીના અસાધારણ અને જીવન રક્ષક યોગદાન પર પ્રકાશ પાડતા તેમના આ માનવીય અભિગમને દિલથી બિરદાવ્યો છે.

તાજેતરમાં બે અઠવાડિયા પહેલાં આ કંપની એ માત્ર ટેલીફોનીક વિનંતીને માન આપીને રૂ.૪ કરોડની કિંમતના 120 વેન્ટિલેટર નામ માત્રના ભાડાથી વડોદરાના કોવિડ દર્દીઓ માટે કામચલાઉ ઉપયોગમાં લેવા સંમતિ આપી હતી. તેમનું આ સૌજન્ય દર્દીઓની જીવનરક્ષામાં ખૂબ ઉપયોગી બની રહ્યું છે.

આ કંપની પાસે હાલમાં દેશના વિવિધ રાજ્યોમાંથી વેન્ટિલેટરની મોટી માંગ છે તેમ છતાં કંપનીએ ગુજરાત મેડિકલ સર્વિસિસ કૉર્પોરેશન લિમિટેડના માધ્યમથી ખરીદવાના છે તેવા, વડોદરા માટે વધુ 100 વેન્ટિલેટર અગ્રતાના ધોરણે એક સપ્તાહમાં પૂરા પાડવા સંમતિ આપી છે. સામાન્ય રીતે આવો ઓર્ડર પૂરો કરતા એક મહિનાનો સમય લાગી શકે. ડો.રાવે આજે આ કંપનીની મુલાકાત લીધી ત્યારે આ માનવતાભર્યા સૌજન્ય માટે કંપનીના એમ.ડી.શ્રી અશોકભાઈ પટેલ અને ટીમને દિલથી ધન્યવાદ આપ્યા હતા.







### ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં કોરોનાને નિયંત્રણમાં લાવવાના પ્રયાસ હાથ ધરાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્યલક્ષી સેવાને વધુ સુદૃઢ બનાવવા માટે આરોગ્ય તંત્ર દ્વારા ૧૦ ધન્વંતરિ આરોગ્ય રથ ફેરવામાં આવી રહ્યા છે. છેલ્લા ૧૫ દિવસમાં આ આરોગ્ય રથ દ્વારા ૪૬૨ ગામના ૨૪,૮૭૬ નાગરિકોની આરોગ્યની તપાસ કરી છે. આ આરોગ્ય રથ દ્વારા તા. ૦૯ થી તા. ૨૩મી એપ્રિલ, ૨૦૨૧ એટલે કે છેલ્લા પંદર દિવસમાં જિલ્લાના ચાર તાલુકાના ૪૬૨ ગામોમાં આરોગ્ય લક્ષી સેવા આપી છે.

ગાંધીનગર જિલ્લા આયુર્વેદ કચેરી દ્વારા રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરવામાં આવે છે. છેલ્લા દશ દિવસમાં ૮, ૯૬, ૬૦૮ વ્યક્તિઓને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમજ ૨૪,૯૯૪ વ્યક્તિઓને સંશમવટીનું અને ૫૨,૩૫૫ વ્યક્તિઓને આર્સેનિક આલ્બમ દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. જિલ્લામાં ગાંધીનગર તાલુકાના ૪૬, માણસા તાલુકાના ૧૮, દહેગામ તાલુકાના ૫ અને કલોલ તાલુકાના ૧૧ ગામોમાં આયુર્વેદ ઉકાળાનું વિતરણ વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લા દશ દિવસમાં ગાંધીનગર તાલુકાના ૬,૨૩,૨૩૫ વ્યક્તિઓ, દહેગામ તાલુકામાં ૨૪,૮૪૮ વ્યક્તિઓ, કલોલ તાલુકામાં ૮૪,૪૪૬ અને માણસા તાલુકામાં ૧,૬૪,૦૭૯ વ્યક્તિઓને ઉકાળાનો લાભ લીધો છે.

### ગીર-સોમનાથ

ગીર-સોમનાથ જિલ્લામાં વૈશ્વિક મહામારી કોરોનાને માત આપવા રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા સાથે જિલ્લા કલેક્ટર શ્રી અજયપ્રકાશના માર્ગદર્શન હેઠળ વહીવટીતંત્ર સાથે આરોગ્ય વિભાગ સમગ્ર જિલ્લામાં સઘન કામગીરી કરી રહ્યું છે. કોરોનાગ્રસ્ત દર્દીને તાત્કાલિક સારવાર મળે તેની તકેદારી રાખવામાં આવી રહી છે. જિલ્લામાં ૮ ખાનગી હોસ્પિટલને કોવિડ-૧૯ હોસ્પિટલ તરીકે માન્યતા આપવામાં આવી છે. તાલુકા મથકે કોવિડ કેસ સેન્ટર શરૂ કરવામાં આવી રહ્યા છે.

જિલ્લામાં ૩૪ ધન્વંતરિ રથ દ્વારા દરરોજ ૧૬૦૦થી વધુ લોકોના આરોગ્યની તપાસણી કરવામાં આવી રહી છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-૨૯, સબ સેન્ટર-૧૭૪, અર્બન હેલ્થ સેન્ટર-૪ દ્વારા લોકોના આરોગ્યની તપાસણી,

રસીકરણ, કોરોના ટેસ્ટીંગની કામગીરી કરવામાં આવી રહી છે. ગીર-સોમનાથ જિલ્લાના વડામથક વેરાવળ શહેરમાં ૯ જગ્યા પર આરોગ્ય વિભાગ દ્વારા કોરોના ટેસ્ટીંગ માટેના સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે. જ્યા લોકોના વિના મૂલ્યે કોરોના ટેસ્ટીંગ કરી આપવામાં આવે છે.

## બોટાદ

બોટાદ જિલ્લામાં કોરોના રસીકરણ કામગીરીમાં બોટાદ જિલ્લામાં ૪૫ વર્ષથી વધુ વયના કુલ ૪૩૫૦૬થી વધુ લોકોને રસી અપાઇ છે. જેમાં બોટાદ તાલુકામાં ૧૬૮૮૮, ગઢડા તાલુકામાં ૧૬૨૮૮, બરવાળા તાલુકામાં ૪૯૩૦ અને રાણપુર તાલુકામાં ૫૪૦૦ મળીને કુલ ૪૩૫૦૬ લોકોને કોરોના સામે રક્ષણ આપતી રસી આપવામાં આવી છે.

## દેવભૂમિ દ્વારકા

દેવભૂમિ દ્વારકામાં કોવિડ-૧૯ રોગની સારવાર મેળવવામાં કોઈ મુશ્કલી ન પડે તેમજ સ્થાનિક કક્ષાએ જ ગુણવતાસભર આરોગ્યની સારવાર સરળતાથી મળી રહે તે હેતુથી ખંભાલીયા નગરપાલિકા વિસ્તારમાં ૨૦૦ બેડની સુવિધાયુક્ત કોવિડ કેર સેન્ટર અને આઈસોલેશન સેન્ટર કાર્યરત કરવામાં આવી છે. નવીન કોવિડ કેર સેન્ટર અને આઈસોલેશન સેન્ટરમાં પ્રારંભિક તબકકે ૨૦ ઓકસીજન સુવિધા વાળા બેડ સહિત કુલ ૨૦૦ બેડ ઉપલબ્ધ કરવામાં આવ્યુ છે. આ સેન્ટરમાં જિલ્લા પંચાયત અંતર્ગત આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા એમ.બી.બી.એસ. તબીબો, આયુષ તબીબો અને પેરામેડીકલ કર્મચારીની ટીમો બનાવી રાઉન્ડ ધ કલોક દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવશે. આ સેન્ટર ખાતે માત્ર સરકારી કોવિડ હોસ્પિટલ ખાતેથી રીફર કરવામાં આવેલ દર્દીઓને દાખલ કરી ઓક્સીજન બેડ હેઠળ સારવાર આપવામાં આવશે. આ કોવિડ કેર સેન્ટરમાં સારવાર મેળવતા તમામ દર્દીઓ માટે નિ:શુલ્ક ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. જે કોવિડ-૧૯ ના દર્દીઓ હોમ આઈસોલેશન સારવાર મેળવવાને લાયક હોય પરંતુ તેમના ઘરે અલાયદા રૂમની વ્યવસ્થા ઉપલબ્ધ ન હોય તેવા દર્દીઓ આ સેન્ટર ખાતે દાખલ થઈ સરકારની ગાઈડલાઈન મુજબ સારવાર મેળવી શકશે.







## મહિસાગર

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાથ ધરાયેલ રસીકરણ ઝુંબેશ હેઠળ મહીસાગર જિલ્લામાં અત્યાર સુધી હેલ્થ કોરોના વોરિયર, ફ્રન્ટ લાઈન વોરિયર, ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉમરના કુલ ૨,૭૧,૦૨૬ નાગરિકોએ કોરોના રસીકરણ કરાવી કોરોના સામે આરોગ્ય સુરક્ષા કવચ મેળવ્યું છે. ૨૫મી એપ્રિલ સુધીમાં બાલાસિનોર તાલુકામાં ૪૧૨૮૬,સંતરામપુર તાલુકામાં ૭૧૨૭૭, લુણાવાડા તાલુકામાં ૭૩૦૦૦, ખાનપુર તાલુકામાં ૨૪૩૮૯, કડાણા તાલુકામાં ૩૨૯૩૫ અને વિરપુર તાલુકામાં ૨૮૧૬૨ મળી જિલ્લાના કુલ ૨,૭૧,૦૨૬ જેટલા હેલ્થ કોરોના વોરિયર, ફ્રન્ટ લાઈન વોરિયર, ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉમરના શહેરી અને ગ્રામ્ય વિસ્તાઉરોના નાગરિકો દ્વારા કોરોના વેક્સીનેશન કરાવ્યું છે.

જિલ્લામાં આ લખાય છે ત્યારે ૬૦૨૭ આરોગ્ય કોરોના વોરિયર, ૯૧૪૩ ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર, ૪૫ થી ૫૯ વર્ષના અને ૬૦ થી વધુ ઉમરના ૨,૧૧,૭૦૬ જેટલા નાગરિકોને કોરોના રસી મૂકવામાં આવી છે. તેમજ જિલ્લામાં ૨,૨૬,૮૭૬ નાગરિકોને કોરોના રસીનો પ્રથમ તેમજ ૪૪,૧૫૦ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

## પાટણ

કોરોના મહામારીના મુશ્કેલ સમયમાં છેવાડા વિસ્તારોમાં વસતા નાગરિકોને સમયસર સઘન સારવાર ઉપલબ્ધ થાય તે માટે જિલ્લા કલેક્ટર શ્રી સુપ્રીત સિંઘ ગુલાટીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા વારાહી તથા સમી ખાતેના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ઓક્સિજનની સુવિધા ધરાવતા બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. જે અંતર્ગત સાંતલપુર તાલુકાના વારાહી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઓક્સિજનની જરૂરિયાતવાળા દર્દીઓ માટે ૧૪ બેડની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. સાંતલપુર તાલુકાના અંતરિયાળ ગામોમાંથી આવતા દર્દીઓને વારાહી ખાતે સમયસર સઘન સારવાર મળી રહે તે હેતુથી ૧૪ બેડ ધરાવતા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઓક્સિજન સપ્લાયની વ્યવસ્થા કરવામાં આવી છે. ●

# માત્ર ત્રણ દિવસમાં તબીબી સાધનોથી સજ્જ ૧૫૦ એમ્બ્યુલન્સ સેવારત

મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કોરોના સંક્રમણના કપરા કાળમાં નવી ૧૫૦ એમ્બ્યુલન્સ સેવાઓ માત્ર એક જ સપ્તાહમાં સંપૂર્ણ સુવિધાઓથી સજ્જ કરીને નાગરિકો-દર્દીઓની સેવામાં સમર્પિત કરવાની આગવી સંવેદના દર્શાવી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યમાં કચ્છથી ડાંગ સુધીના સમગ્ર વિસ્તારના કોરોના દર્દીઓને વેળાસર એમ્બ્યુલન્સ સેવા મળી રહે તે માટે આ નવી ૧૫૦ એમ્બ્યુલન્સને ગાંધીનગરથી જિલ્લાઓમાં પ્રસ્થાન કરાવ્યું હતું.



મુખ્યમંત્રીશ્રીએ એક સપ્તાહ પહેલાં કોર કમિટિની બેઠકમાં ત્વરિત નિર્ણય લઇને નવી ૧૫૦ એમ્બ્યુલન્સ તાત્કાલિક મળી જાય તે માટે યુદ્ધના ધોરણે કામગીરી કરવા આરોગ્યતંત્રને આપેલા દિશાનિર્દેશોને પગલે રાજ્ય સરકારે ૨૬.૩૮ કરોડના કુલ ખર્ચે માત્ર એક જ અઠવાડિયામાં સમગ્ર પ્રક્રિયાઓ પૂરી કરી આ એમ્બ્યુલન્સ આરોગ્ય સેવા કાફલામાં સેવારત કરી દીધી છે. આ નવી ૧૫૦ એમ્બ્યુલન્સમાં ઓક્સિજન સુવિધા, જરૂરી તબીબી સાધનો અને પેરામેડીકલ સ્ટાફ સહિતની સગવડો માત્ર ત્રણ જ દિવસના વિક્રમસર્જક સમયમાં પૂર્ણ કરી દેવામાં આવી છે.

આ ૧૫૦ એમ્બ્યુલન્સ સેવાઓ માત્ર સપ્તાહના સમયગાળામાં ખરીદીથી માંડી રજીસ્ટ્રેશન અને સુવિધા સજ્જતા સાથે કાર્યરત થઇ જ ન શકે તેવી દલીલો-તર્ક ગુજરાત સરકાર સામે કરનારા લોકો માટે મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વની પારદર્શી નિર્ણાયક સરકારે આ અશકયને શકય બનાવીને કોરોનાના કપરા કાળમાં જનસેવા-પ્રજાલક્ષી સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડયું છે.

કોરોના સંક્રમણની વ્યાપકતાના આ સમયમાં રાજ્યમાં ડાંગ જેવા અંતરિયાળ વિસ્તારથી માંડી કચ્છના સરહદી ક્ષેત્ર સુધી જરૂરતમંદ દર્દીઓની સારવાર માટે આ એમ્બ્યુલન્સ સેવાઓ સુસજ્જ છે. એટલું જ નહિ, જી.પી.એસ સિસ્ટમ, સ્માર્ટ ફોન, અનુભવી અને તાલીમબદ્ધ કર્મચારીઓ દ્વારા આ સેવાઓનું પેપરલેસ ડિઝીટલી મોનિટરીંગ સી.એમ ડેસ્ક બોર્ડ દ્વારા થઇ શકશે. આ નવી ૧૫૦ એમ્બ્યુલન્સ સેવાઓ કાર્યરત થઇ જતાં રાજ્યમાં કોરોના સંક્રમિત વ્યક્તિઓની સારવાર માટેની સજ્જતામાં વધુ સગવડ જોડાઇ જવાથી સમયસર, ત્વરિત સુવિધા મળશે અને આ આરોગ્ય સેવા જીવનરક્ષક બની રહેશે.

એમ્બ્યુલન્સને જિલ્લામાં સેવારત થવા પ્રસ્થાન અવસરે શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, આરોગ્ય અગ્ર સચિવશ્રી ડૉ. જયંતિ રવિ તેમજ વરિષ્ઠ સચિવો-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## ગાંધીનગરમાં "કોરોના સેવાયજ્ઞ"

ગાંધીનગરમાં રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની પ્રેરણાથી શરૂ થયેલાં "કોરોના સેવાયજ્ઞ" અંતર્ગત એક લાખ પાયાના કોરોના વોરિયર્સ સુધી જીવન ઉપયોગી વસ્તુઓની કીટ પહોંચાડવાના જન-અભિયાનનો પ્રારંભ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કરાવ્યો હતો. 11 હજાર કિટના પ્રથમ જથ્થાને પ્રસ્થાન કરાવતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે વ્યથા નહીં, વ્યવસ્થાના કર્મમંત્ર સાથે કોરોના સંક્રમણ સામે જંગ છેડ્યો છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે તમામ પ્રકારના સંસાધનો સાથે સંક્રમણના સામના માટે બહુઆયામી વ્યૂહ અપનાવ્યો છે. કોરોના સામેના આ જંગમાં રસીકરણના શસ્ત્રથી વિજય મેળવવા તેમણે સૌને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે "કોરોના સેવાયજ્ઞ"માં સહયોગ આપનારા દાનશ્રેષ્ઠીઓનું રાજ્યપાલશ્રીએ અભિવાદન કર્યું હતું. એક લાખ કીટ પૈકીનો પ્રથમ જથ્થો જામનગર-રાજકોટ-વિસ્તાર માટે મોકલવામાં આવ્યો હતો.

રાજભવન ખાતે "કોરોના સેવાયજ્ઞ" જન અભિયાનમાં મુખ્ય સહયોગ આપનારા શ્રી અમિતાભ શાહ અને તેમની સ્વયંસેવી સંસ્થા "યુવા અનસ્ટોપેબલ"ની સેવા પ્રવૃત્તિને રાજ્યપાલશ્રીએ બિરદાવી હતી. ●

# કોરોના સામે અડીખમ રાજ્યનું આરોગ્ય તંત્ર

કોરોનાના કપરા કાળમાં સમગ્ર આરોગ્ય તંત્ર અડીખમ રહી ફરજ બજાવી રહ્યું છે. મેડીકલ સ્ટાફથી માંડીને તબીબો દર્દીઓની સ્વજનની જેમ દરકાર લઇ રહ્યાં છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સમાં રાહ જોતા દર્દીઓને પણ જે તે સ્થળે જ પ્રાથમિક સારવાર આપવામાં આવી રહી છે. તો સાચી સમજણમાં જ સલામતી હોવાનો મત નિષ્ણાત તબીબોએ વ્યક્ત કર્યો છે. કોરોના સામે આરોગ્ય તંત્રની મહેનત રંગ લાવી રહી છે, સ્વસ્થ થઇ પુનઃ ઘરે જતા દર્દીઓ પણ આરોગ્ય કર્મચારીઓની સેવાને બિરદાવી રહ્યાં છે.

## ગેરસમજ દૂર કરવી જરૂરી

કોરોના સારવાર અંગે ગેરસમજૂ દૂર કરતાં ડૉ. અતુલ પટેલ કહે છે કે, જેઓ સ્વસ્થ છે તેમણે બિનજરૂરી રીતે વધારાની દવાઓ ન લેવી જોઇએ. કારણ કે આ દવાઓની આડઅસરોને લીધે એવું લાગે કોરોના આગળ વધવાનું ચાલુ થયું છે. દર્દીને લાંબા સમય સુધી જો તાવ રહેતો હોય ( ૧૦૧/૧૦૨ ડીગ્રી) અને એ તાવ પેરાસીટામોલ નામની દવાથી કન્ટ્રોલમાં ન આવતો હોય તો ચોક્કસ તરત જ તમારા ડૉક્ટરનો કોન્ટેક કરવો જોઈએ. આ ઉપરાંત દર્દીને બાથરૂમમાં જઈને આવે અને થોડોક થાક લાગે અથવા તો શ્વાસ લેવાની, શ્વાસ ચડવાની પ્રક્રિયા ચાલુ થાય તો તરત જ એણે સમય બગાડ્યા વિના એના ફેમિલી ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ. એ જ રીતે દર્દીનું જે સેચ્યુરેશન ઓક્સિમીટર પર ૯૪ થી ઓછું બતાવે તો સમય બગાડ્યા વગર તરત જ ડોક્ટરની સલાહ લઇ અને દાખલ થઈ જવું જોઈએ.



## રેમડેસિવિર દવાની જરૂર ક્યારે પડે?

આ પ્રશ્નનો ઉત્તર આપતા ડો. અતુલ પટેલ કહે છે કે, જ્યારે દર્દીના શરીરમાં ઓક્સીજનનું પ્રમાણ ૯૪ થી ઓછું થાય, શરીરના બંને ફેફસામાં ન્યુમોનિયા હોય અને એને ઓક્સિજન થેરાપીની જરૂર પડે. આ એક રેમડેસીવર દવા આપવા માટેનું ઈન્ડિકેશન છે. આનો અર્થ એ થયો કે દરેક કોરોનાના દર્દી કે જેનું નિદાન થયું છે તેને રેમડેસિવિર નામનું ઇન્જેક્શન લેવાની કોઈ જરૂર નથી...એનાથી કોઈ મોટો ફાયદો દર્દીના શરીરમાં જોવા નથી મળતો. રેમડેસિવિર એ કોઈ જીવ બચાવે તેવી કે રામબાણ દવા નથી, એટલે તે મેળવવા માટે ભાગદોડ કરવાની જરૂર નથી. આ ઇન્જેક્શન અંગે ગેરસમજ દૂર કરવી જ રહી...

## કોરોના સંક્રમણ અટકાવવા રસીકરણ સૌથી મોટું હથિયાર

આ રોગને અટકાવવા માટે વર્ષ 2021મા આપણી પાસે રસીકરણ મોટુ હથિયાર છે. દરેક વ્યક્તિએ રસી લેવી જ જોઇએ... તેનાથી સંક્રમણને આપણે આગળ વધતુ જરૂરથી અટકાવી શકાય. બીજો ફાયદો એ છે કે રસી લીધેલા વ્યક્તિનું કોરોનાને લીધે મૃત્યુ થવાનો દર ખૂબ જ ઓછો હોઈ શકે છે... ત્રીજો ફાયદો એ થશે કે અમુક દર્દીઓને તો કોરોનાનું ઇન્ફેક્શન જ નહીં થવા દે એટલે તમે ઇન્ફેક્શનથી બચી શકશો. સામાન્ય રીતે જે વેક્સિન લીધા પછી જે આડઅસર થાય છે તે વેક્સિનની અંદર જે આપણે કોરોના સામે રક્ષણ માટે એન્ટીબોડી બનવા માટેનું જે તત્વ આપણે ઈન્જેક્ટ કર્યું છે તેને પારખીને શરીર તેના આધારે પ્રતિભાવ આપે છે. તેના કારણે આપણને હાથ -પગ દુખે અને તાવ આવે છે, જેને આડઅસર નહીં પણ અસર કહી શકાય. કારણ કે વેક્સિન લઈશું તો જ કોરોનાના સંક્રમણની ચેઈન તોડી શકીશુ...

ડો.અતુલ પટેલ SMS (એસ.એમ.એસ ) એટલે સોશ્યલ ડિસ્ટન્સિંગ, માસ્ક અને સેનિટાઈઝેશનને સૌથી મહત્વનું ગણાવે છે. સોશ્યલ ડિસ્ટન્સિંગને આપણે દૈનિક જીવન પ્રક્રિયાનો હિસ્સો બનાવવો જરૂરી છે.

## સોલા સિવિલમાં ઓક્સિજનનો જથ્થો મળે તેવી સુચારુ વ્યવસ્થા

કોવિડના દર્દીઓની સંખ્યામાં અસાધારણ વૃદ્ધિના પગલે સરકારી હોસ્પિટલમાં ક્ષમતા-વૃદ્ધિ માટેની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહી છે. અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને પ્રાણવાયુ(ઓક્સિજન)નો પૂરતો પુરવઠો વિક્ષેપરહિત મળી રહે તે દિશામાં કાર્યવાહી હાથ ધરાઈ છે.

સોલા સિવિલમાં બે મહિના પહેલા જ્યારે કોવિડની સ્થિતિ ગંભીર ન હતી ત્યારે દૈનિક ધોરણે અંદાજે ૫૦ લાખ લીટર ઓક્સિજનનો વપરાશ થતો હતો, તે વપરાશ આજે વધીને લગભગ બમણો એટલે કે ૧ કરોડ લીટરે પહોંચ્યો છે. ત્યારે જિલ્લા વહીવટીતંત્ર એ કોઈ પણ પ્રકારની સ્થિતિને પહોંચી વળવા માટે સુદ્રઢ આયોજન હાથ ધર્યું છે. આ આયોજનના ભાગરુપે છ ટનની ઓક્સિજન ટેન્ક (ટાંકી) ઈન્સ્ટોલ કરવામાં આવી રહી છે. અગાઉ જ્યારે કોવિડની ગંભીર સ્થિતિ ન હતી ત્યારે પાંચ ટનની ક્ષમતાવાળી ટેન્ક રોજ એક વાર જ ભરવી પડતી હતી, પણ આજે ઓક્સિજનનો પુરવઠો વધુ જોઈતો હોઈ ઓક્સિજન ટેન્ક દિવસમાં ત્રણ થી ચાર વાર ભરવાની ફરજ પડે છે, ત્યારે હવે આ નવી વ્યવસ્થા ઉભી કરવાથી સમયનો બચાવ થશે અને દર્દીને ઓક્સિજનનો જથ્થો વિક્ષેપરહિત મળી શકશે. તેમ જ પૂરતા પ્રેશરથી મળી રહેશે.



નોંધપાત્ર બાબત એ છે કે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ શ્રી હારિત શુક્લાના વડપણ હેઠળ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓને ઉત્તમ સુવિધાઓ મળી રહે તે માટે યુદ્ધના ધોરણે કાર્યવાહી કરવામાં આવી રહી છે. અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેએ નોન-કોવિડ દર્દીઓની પણ ચિંતા કરી તેમને પણ ઓક્સિજનનો પૂરતો પુરવઠો મળી રહે તે માટે તાકીદ કરી હતી. જિલ્લા વિકાસ અધિકારી શ્રી અરુણ મહેશ બાબુએ પણ જિલ્લા વહીવટીતંત્રને દર્દીઓની સુવિધાઓ, ઓક્સિજન સપ્લાય અને દર્દીઓના ભોજન જેવા શ્રેણીબદ્ધ મુદ્દાઓ પર અધિકારીશ્રીઓને જરૂરી દિશા-નિર્દેશ આપ્યા હતા.

## અમદાવાદ સિવિલમાં છેલ્લા ૧૫ દિવસમાં અંદાજે ૭૬૪ ટન ઓક્સિજનનો વપરાશ થયો

કોરોનાની બીજી લહેરમાં શહેરમાં વધી રહેલા કોરોના સંક્રમણને કારણે ઓક્સિજનની જરૂરિયાત ધરાવતા કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. સિવિલ હોસ્પિટલની ડેઝીગ્નેટેડ હોસ્પિટલમાં દાખલ દર્દીઓને પુરતા પ્રમાણમાં ઓક્સિજનનો જથ્થો ઉપલબ્ધ થાય તે માટે સિવિલ તંત્ર અથાગ પ્રયાસો કરી રહ્યું છે. માર્ચ મહિનામાં દરરોજ દરરોજ 13 ટન જેટલી ઓકિસજનની જરૂરિયાત રહેતી હતી. આજે કોરોનાની બીજી લહેરમાં ઓક્સિજનની જરૂરિયાત ધરાવતા દર્દીઓની સંખ્યા વધવાના કારણે હાલમાં દરરોજ ૫૫ ટન જેટલા ઓકિસજન પુરવઠાનો વપરાશ થઈ રહ્યો છે. છેલ્લા પંદર દિવસમાં અંદાજિત ૭૬૪ ટન ઓક્સિજનનો વપરાશ થયો છે.



સિવિલ હોસ્પિટલની કોરોના ડેઝીગ્નેટેડે 1200 બેડ હોસ્પિટલ અને મંજુશ્રી હોસ્પિટલમાં ઓકિસજનની જરૂરીયાતને પહોચી વળવા માટે તબક્કાવાર આધુનિક ટેન્કો ઈન્સ્ટોલ કરવામાં આવી છે. જેમાં 1200 બેડ હોસ્પિટલમાં ૨૦,૦૦૦ લિટરની ટેન્ક, જયારે મંજુશ્રી હોસ્પિટલમાં ૨૦,૦૦૦ લીટરની ટેન્ક અને સિવિલ બિલ્ડીંગમાં ૨૦,૦૦૦ લીટરની ક્ષમતાવાળી ઓક્સિજન ટેંક સ્થાપિત કરવામાં આવી છે. આમ કુલ ૬૦,૦૦૦ લીટર ઓક્સિજન ટેન્કોની ક્ષમતા સાથે કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે. પૂરતી માત્રામાં લિક્વિડ ઓક્સિજન ટેન્ક દ્વારા ફ્લોલેસ ઓક્સિજનની વ્યવસ્થા ઉપલબ્ધ થતાં કોરોનાગ્રસ્ત દર્દીઓની વધુ સારી રીતે સારવાર શક્ય બની છે.

સિવિલ હોસ્પિટલમાં દાખલ કોવિડ-૧૯ના દર્દીઓને ક્યારેય ઓક્સિજનની તંગી નોંધાઇ નથી. દરેક કોરોના સંક્રમિત દર્દીઓના બેડ સુધી જરૂરિયાત મુજબ પૂરતી માત્રામાં ઓક્સિજન મળી રહે તે માટે હોસ્પિટલ તંત્ર સજ્જ છે. ઓક્સિજન સુવિધાના કારણે ક્રિટીકલ કંડીશનના દર્દીઓની સઘન સારવાર કરી તેમને ઝડપથી સ્વસ્થ કરવામાં મદદ મળી રહી છે. સ્ટોરેજ કેપેસિટી વધવાથી વધુ સમય માટે ઓક્સિજનનો સ્ટોરેજ રાખી શકાય છે. હાલ તમામ ટેન્કોને દિવસમાં સરેરાશ બે થી ત્રણ વાર







રિફીલ કરવામાં આવે છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને કોવિડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલમાં ઓક્સિજનની લાઇન સેન્ટ્રલાઇન કરેલ હોવાથી ક્યારેય ઓક્સિજન ખૂટવાની શક્યતા રહેતી નથી. ઓક્સિજન ટેન્કમાં ઓડિયો-વિડીયો અલાર્મ સેટ કરેલા છે. જે નિર્ધારીત કરેલા ચોક્કસ સ્તરે પહોંચે ત્યારે ઓક્સિજન સપ્લાય કરતી કંપની વોટ્સએપ પર મેસેજ પહોંચી જાય છે. જેથી ખૂબ જ ઝડપથી જે-તે કંપની દ્વારા સ્થળ પર પહોંચીને ટેંક ભરી દેવામાં આવે છે.

વોર્ડમાં સારવાર લઇ રહેલા દર્દીની સ્વાસ્થ્ય સ્થિતિ ને આધારે તેની ઓક્સિજનની જરૂરિયાત નક્કી કરવામાં આવે છે. ઓક્સિજન સપ્લાય કરતા મશીનની સાથે હ્યુમીડીફાયર જોડાયેલ હોય છે. જેમાં ઓક્સિજન જ્યારે ફેફસા સુધી પહોંચે છે તે પ્રક્રિયાને ભેજયુક્ત રાખવામાં માટે તેમાં પાણી (ડિસ્ટીલ વોટર) ભરવામાં આવે છે. આ પાણી ખાલી થઇ જાય તે છતાંય ઓક્સિજનનો પ્રવાહ નિયમિત વહેંતો રહે છે... માટે પાણી ખાલી થઇ જવાથી ઓક્સિજનનો સપ્લાય ફેફસામાં જતો અટકી જતો નથી.

## 'ટીમ અમદાવાદે' દર્દીઓને આપી હૈયાધારણા : કહ્યું, "સરકાર આપની સેવામાં"

વૈશ્વિક મહામારીમાં કદાચ એવું પહેલીવાર એવું બની રહ્યું છે કે સ્વજનો પણ દર્દી પાસે જતા ડરે, પણ જનસેવાને વરેલી 'ટીમ અમદાવાદ' કોવિડગ્રસ્ત દર્દીઓના વોર્ડમાં જઈ તેમના ખબર-અંતર પૂછ્યા અને અન્ય જિલ્લા વહીવટીતંત્ર માટે પ્રેરણારુપ કામગીરી કરી. અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલના નોડલ ઓફિસર અને સચિવ શ્રી હારિત શુક્લાની આગેવાનીમાં જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અરુણ મહેશ બાબુ અને સોલા સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડો.પીનાબહેન સોનીએ સોલા સિવિલ હોસ્પિટલના કોવિડ વોર્ડમાં જઈ દર્દીઓના ખબર અંતર પૂછ્યા અને દર્દીઓને હૈયાધારણ આપી કે, ચિંતા કરશો નહીં. સરકાર આપની સેવામાં રાત-દિવસ કાર્યરત છે.

'ટીમ અમદાવાદ'એ કોવિડગ્રસ્ત દર્દીઓને મળીને તેમનું મનોબળ વધાર્યું હતું અને તેમને અહેસાસ કરાવ્યો કે આ સંકટના સમયમાં સરકાર આપની સાથે છે. 'અધિકારીશ્રીઓએ તેમને તમામ સારવાર અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી હતી. સેવા પરમો ધર્મ'ના ધ્યેયમંત્રને વરેલા કર્મયોગીઓએ વેન્ટીલેટર વોર્ડ, આઈસીયુ વોર્ડ, ઓક્સિજન વોર્ડ અને બાયપેપ વોર્ડની મુલાકાત લીધી હતી. અધિકારીશ્રીઓએ આ મુલાકાત દરમિયાન દર્દીઓ પાસેથી સારવાર, ઓક્સિજનની ઉપલબ્ધતા, આહાર અને સ્વચ્છતા જેવા મુદ્દે પ્રતિભાવો મેળવ્યા હતા.

એટલું જ નહીં, 'ટીમ અમદાવાદ'એ સોલા સિવિલ હોસ્પિટલના તબીબો, આરોગ્યકર્મીઓ, સફાઈકર્મીઓને મળીને તેમની સેવાભાવનાને બિરદાવી હતી અને તેમનું મનોબળ વધાર્યું હતું. ઉચ્ચ અધિકારીશ્રીઓની આ મુલાકાતના પગલે આરોગ્યકર્મીઓના મુખ પર સંતોષનો અનેરો ભાવ જોવા મળતો હતો. આમ, 'સ્વથી ઉપર સેવા'નો ભાવ ધરાવતા અધિકારીની કોવિડગ્રસ્ત વોર્ડની મુલાકાતે એ પુરવાર કર્યું છે કે ક્યારેક સ્વજન પણ દર્દીને છોડે, પણ સરકારના હૈયે તો હંમેશા નાગરિકનું હિત જ રહેલું છે. અને ગમે તેવા કપરા સંજોગોમાં પણ તે નાગરિકોની સાથે છે.

## ઓક્સિજન ટેન્કમાં વેપોરાઈઝરનું મહત્વ

ઉલ્લેખનીય છે કે, ઓક્સિજન ટેન્કોમાં હાઈ કેપેસિટી ધરાવતું ઓક્સિજન ટેંક સાથે વેપોરાઇઝર પણ કાર્યરત હોય છે. ઓક્સિજનની સપ્લાય બે પ્રકારે કરવામાં આવતી હોય છે. એક પ્રવાહી અને બીજુ વાયુ સ્વરૂપે. ઓક્સિજન લિક્વીડ સ્વરૂપમાં હોવાથી તેને સીધો ઉપયોગમાં લઈ શકાતો નથી, પણ તેને વેપોરાઈઝર મશીનના માધ્યમથી વાયુ સ્વરૂપમાં પરિવર્તિત કર્યા બાદ કોવિડ હોસ્પિટલના દરેક વોર્ડમાં પાઈપલાઈન મારફતે કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે સપ્લાય કરવામાં આવે છે. ટેંકમાં રહેલો લિકવીડ ઓક્સિજન (-૧૯૬ ડિગ્રી સેલ્સિયસ) તાપમાન ધરાવતો હોય છે. જેને દર્દીના રૂમ ટેમ્પરેચરમાં ૩૦ થી ૩૫ ડિગ્રીએ લાવવો જરૂરી હોય છે, આ પ્રક્રિયા દરમિયાન પાઈપલાઈન પર બરફ જામી જતો હોય છે, જેને અટકાવવાં માટે પણ વેપોરાઈઝરનો ઉપયોગ થાય છે. ●

# "ટીમ" રાજકોટ સામે કોરોનાની ડાંડી થશે ડૂલ!

વિશ્વવ્યાપી કોરોનાની મહામારીને કાબૂમાં રાખવા માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના માર્ગદર્શન હેઠળ રાજય સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં અનેક વિધ પગલા લેવામાં આવ્યા છે. કોરોનાના દર્દીઓને બચાવવા માટે તાત્કાલિક ઉભી થયેલી જરૂરિયાતોને પહોંચી વળવા રાજ્ય સરકારે યુદ્ધના ધોરણે કામગીરી આરંભી છે.કોરોનાના દર્દીઓની સારવાર માટે મેડિકલ સુવિધાઓ જરૂરિયાતોને પહોંચી વળવા માટે જિલ્લા તંત્ર દ્વારા તાત્કાલિક વ્યવસ્થાઓ સુનિશ્ચિતમાં આવી છે. જેના ભાગરૂપે જિલ્લાકક્ષાની કોવિડ હોસ્પિટલ, ઓક્સિજન, રેમડેસિવિર ઈન્જેક્શન, હેલ્પલાઇન, વેન્ટિલેટર, એમ્બ્યુલન્સ, ધન્વંતરી-સંજીવની આરોગ્ય રથ, કોરોના ટેસ્ટ અને તે માટેની લેબોરેટરી સહિતની સુવિધાઓનો સમાવેશ થાય છે. તદઉપરાંત ટ્રીટમેન્ટ ઓન વ્હિલની સવલત કે જેમાં દર્દીને જે તે વાહનમાં જ સારવાર આપવાની વ્યસ્થા કરવામાં આવી છે. આ સુવિધા અને કામગીરીનું સતત ઉચ્ચકક્ષાએથી નિરીક્ષણ કરાઇ રહ્યું છે. તબીબોની ટીમની રાઉન્ડ ધી ક્લોક દર્દીઓની સારવાર માટે કરવામાં આવી રહેલી મહેનત રંગ લાવી રહી છે અને રોજેરોજ દર્દીઓ સાજા થઇ ઘરે જઇ રહ્યાં છે. તેમણે પણ રાજ્ય સરકારના નિર્દેશોથી આપવામાં આવી રહેલી સારવાર અને સુવિધાને બિરદાવી છે.



## રાજકોટ કલેક્ટર કચેરીમાં રેમડેસિવિર કંટ્રોલરૂમ

કોરોનાની બીજી લહેરમાં દર્દીઓ વધતા સારવારમાં જેને ખરેખર જરૂરિયાત છે તેવા દર્દીઓને રેમડેસિવીર ઈન્જેકશન મળી રહે તે માટે રાજ્ય સરકારના માર્ગદર્શન મુજબ રાજકોટ જિલ્લાને પૂરતા પ્રમાણમાં દવાનો જથ્થો ફાળવવામાં આવી રહ્યો છે. રાજકોટ જિલ્લામાં રેમડેસિવીર ઈન્જેક્શન ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન મુજબ પુરતા પ્રમાણમાં દર્દીઓને મળી રહે તે માટે કલેક્ટર શ્રી રેમ્યા મોહન, અધિક કલેક્ટર પરિમલ પંડ્યાના માર્ગદર્શન હેઠળ કલેક્ટર કચેરી ખાતે હોસ્પિટલોમાંથી આવતી ઈન્જેકશનની જરૂરિયાતને ઓનલાઈન ડોક્યુમેન્ટ તપાસીને મંજૂર કરવામાં આવે છે. કલેક્ટર કચેરી ખાતે રેમડેસિવીર ઈન્જેકશનની જરૂરિયાત અંગેની મંજૂરીઓ તત્કાલ આપવા માટે કોમ્પ્યુટરાઈઝડ કંટ્રોલરૂમ રાઉન્ડ ધ ક્લોક શરૂ કરવામાં આવ્યો હતો. આ કંટ્રોલરૂમમાં બે મામલતદાર શ્રી એચ.સી.તન્ના અને શ્રી ઉતમ કાનાણી પણ દેખરેખ રાખી રહ્યા છે. જ્યારે જુદી જુદી ત્રણ શિફટમાં ૧૨ જેટલા કર્મચારીઓ સેવા આપી રહયાં છે.


મામલતદાર શ્રી કાનાણીએ જણાવ્યું હતું કે કંટ્રોલ રૂમ ખાતે જુદી જુદી કોલિંગ હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે. જેમાં હોસ્પિટલના પ્રતિનિધિ ફોન નંબર ઉપર દર્દીનું આધારકાર્ડ, પોઝિટિવ રિપોર્ટ, પ્રિસ્ક્રિપ્શન અને નિયત ઈન્ડેન ફોર્મ મોકલે છે. જેના આધારે તાત્કાલિક મંજૂરી આપી દેવામાં આવે છે. દર્દીના સગાને ઈન્જેક્શન માટે કોઈ મુશ્કેલી રહેતી નથી અને તેથી જ કાર્યવાહી હોસ્પિટલ અને કંટ્રોલ રૂમ વચ્ચે થાય છે. એપ્રુવલ મળતા જ હોસ્પિટલના પ્રતિનિધિ અથવા તે અધિકૃત કરે તેને આ ડૉક્યુમેન્ટ લઈને કુંડલીયા કોલેજના મધ્યસ્થ વિતરણ કેન્દ્ર ખાતેથી ઈન્જેક્શન આપવામાં આવે છે. ઈન્જેકશનની જરૂરિયાત ૨૪ કલાક દરમિયાન સૌથી વધુ બપોર થી સાંજના અરસામાં આવતી હોવાથી આ સમયગાળામાં કર્મચારીઓ દ્વારા વિશેષ કામગીરી કરવામાં આવે છે.

કલેક્ટર કચેરીનાં કન્ટ્રોલ રૂમમાં રાજકોટની પ્રાઈવેટ ૩૩ હોસ્પિટલો અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની ૨૧ હોસ્પિટલોમાંથી ઈન્જેકશનની જરૂરીયાતો આવે છે. અને તાત્કાલિક મંજૂર કરી દેવામાં આવે છે એક પણ જરૂરિયાતની પેન્ડન્સી નથી. એ જ રીતે કુંડલીયા કોલેજ ખાતે પણ તાત્કાલિક કામગીરી કરવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં ઈન્જેક્શનનો પૂરતો જથ્થો છે, નર્સિંગ હોમને પણ, તબીબના દેખરેખ હેઠળના દર્દી માટે પણ તબીબના પ્રિસ્ક્રિપ્શન મુજબ પણ આ કામગીરીની સેવા આપવામાં આવે છે.

## હોમ આઇસોલેટેડ થયેલા દર્દીઓ માટે હેલ્પલાઇન

કોરોનાના દર્દીઓની સંખ્યા વધતા હોસ્પિટલોમાં દર્દીઓ વધી રહ્યા છે. જે દર્દીઓને ગંભીર અસર ન હોય તેવા દર્દીઓ હોમ આઈસોલેટેડ થતાં હોય છે. રાજકોટમાં ત્રણ ખાનગી હોસ્પિટલ અને કેર સેન્ટર દ્વારા ઘરબેઠા સારવાર ઉપલબ્ધ કરવામાં આવી છે. જેની હેલ્પલાઈન કાર્યરત છે. ખાનગી હોસ્પિટલની સેવાની જરૂરીયાત હોય તેવા દર્દીઓના સગા સબંધીઓ હેલ્પલાઈન ઉપર સંપર્ક કરી શકે છે. તેની સાથેસાથે તમામ દર્દીઓ ઈમરજન્સીમાં સારવાર, બેડ અને દવા તેમજ ટેસ્ટિંગ કરાવી શકે તે માટે જિલ્લા વહીવટી તંત્રના સંકલનમાં રાજકોટ ખાતે છ સેવાઓ અંગેની હેલ્પલાઈન શરૂ કરાઈ છે.કોવિડ હેલ્પ લાઈન ગુજરાત સરકાર દ્વારા કાર્યરત છે. જેનો નંબર ૧૦૪ છે. જેમાં બહાર ન જઈ શકનાર દર્દી માટે ટેસ્ટ અને તાત્કાલિક સારવાર સંજીવની રથ- ધન્વંતરી રથ દ્વારા કરવામાં આવે છે. એમ્બ્યુલન્સ માટે ૧૦૮ તેમજ હોસ્પિટલમાં ઉપલબ્ધ બેડ માટે કલેકટર કચેરી ખાતે હેલ્પલાઈન કાર્યરત છે.રેમડેસિવિર ઈન્જેક્શન, ખાનગી વાહન વ્યવસ્થા તેમજ રાત્રે કરફ્યુ દરમ્યાન ઈમજન્સી વાહન વ્યવસ્થા મેળવવા પણ હેલ્પલાઈન શરૂ કરાઈ છે. સંપર્ક કરવાથી સેવાઓ મળી રહેશે.





## રાજકોટ સિવિલ હોસ્પિટલમાં "ટ્રિટમેન્ટ ઓન વ્હિલ"

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને સત્વરે સારવાર મળી રહે તે માટે "ટ્રિટમેન્ટ ઓન વ્હિલ" શરૂ કરાઈ છે. જેમાં આવનાર દર્દીને બેડની સુવિધા જો ઉપલબ્ધ ન થઈ શકે તેમ હોય તેવા સંજોગોમાં ૧૦૮, ખાનગી એમ્બ્યુલન્સ અથવા કાર અને રિક્ષા જેવા વાહનોમાં જ દર્દીને ચેક કરીને જરૂરીયાતની સેવા પુરી પાડવામાં આવે છે. મેડિકલ વિભાગ તથા ૩ ડેડીકેટેડ ઓફિસરોની ટીમ દ્વારા કોઈપણ એમ્બ્યુલન્સ કે ખાનગી વાહનમાં દર્દીઓ આવે છે, તેમનું ચેકઅપ કરીને તેમની તબિયત અનુસાર દર્દીને ઈમરજન્સી વોર્ડમાં અથવા દર્દીની તબિયત અનુસાર સમરસ હોસ્ટેલ વ્યક્તિને મોકલીને ઓક્સિજન આપીને જેમનો જીવ બચાવવામાં આવે છે. જિલ્લા વહીવટી તંત્રની ટીમ સમરસ ખાતે કાર્યરત છે.ડો.કિનલ પટેલ જણાવ્યું હતું કે, દર્દીઓને એમ્બ્યુલન્સ ખાનગી વાહનમાં જ ઓક્સિજન તથા અન્ય તાકીદની સારવાર, તપાસ અને રાહત થાય તે માટેની કામગીરી તેમને સોંપવામાં આવી છે. જેથી સારવાર મેળવવાનો વારો આવે તે પહેલા જ જરૂરી સારવાર આપીને મહામૂલુ માનવ જીવન બચાવી શકાય. દર્દીઓ અને તેના સગા વહાલાઓને "ટ્રિટમેન્ટ ઓન વ્હિલ"નો અભિગમને આવકાર્યો છે.

## પદ્મકુંવરબા સરકારી હોસ્પિટલમાં ગાયનેક ઓપીડીમાં ૯૭૬ મહિલા દર્દી

સિવિલ હોસ્પિટલ, અર્બન આરોગ્ય કેન્દ્રો ઉપરાંત પેલેસ રોડ ઉપર આવેલ પદ્મકુંવરબા સરકારી હોસ્પિટલમાં પણ આરટીપીસીઆર અને રેપિડ એન્ટિજન ટેસ્ટ થઈ રહયા છે. રાજકોટની મહિલાઓની પ્રસુતા માટેની ઝનાના હોસ્પિટલનો ગાયનેક વિભાગ પદ્મકુંવરબા સરકારી હોસ્પિટલમાં સ્થળાંતરિત કરાયો છે. આમ તો આ હોસ્પિટલમાં કોરોના ટેસ્ટને બાદ કરતાં નોન કોવિડની જ કામગીરી થઈ રહી છે. દસ દિવસમાં ૯૭૬ પૈકી કોરોનાના શંકાસ્પદ લક્ષણો ધરાવતી ૧૮ ગર્ભવતી મહિલાઓના રેપિડ એન્ટીજન ટેસ્ટ કરાવાતાં બે પ્રસૂતા-મહિલાઓ પોઝીટીવ આવી હતી. જેથી આ બંને મહિલાઓને સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરાઈ હતી. તેમ ઈન્ચાર્જ આરએમઓ ડો.નુતન લુંગાતરીએ જણાવ્યું હતું. આ ઉપરાંત સેન્ટર ઉપર ગાયનેક વિભાગ ઉપરાંત વયસ્કો માટે પણ વિશેષ સુવિધા છે.

## ઓક્સિજન લેવલ ૫૬ થઇ ગયુ હોવા છતાં મહિલાએ કોરોનાને આપી મહાત

''છેલ્લા એક વર્ષથી કોરોનાની મહામારીથી બચવા ચિવટ રાખી હતી. આમ છતાં કોરોના સંક્રમણમાં ઓક્સિજન લેવલ ૫૬ થઈ જતાં રાજકોટ સિવિલમાં બે દિવસ અને પછીના ચાર

દિવસ મને કેન્સર હોસ્પિટલમાં સારવાર માટે મોકલવામાં આવી.'' આ વાત છે ૫૦ વર્ષના શ્રી તરૂબેન રમેશભાઇ પીઠડિયાની. તેઓને કોરોનાની સારવાર બાદ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરાયા હતા. તરૂબેન વધુમાં કહે છે કે, 'હોસ્પિટલમાં છ દિવસ સુધી મને નિદાન-સારવાર, ઓક્સિજન બધુ જ વિનામૂલ્યે પૂરું પાડવામાં આવે છે. ખાનગી હોસ્પિટલમાં આ છ દિવસ માટે મારે લાખો રૂપિયાનો ખર્ચો થાત. પતિ દરજી કામ કરે છે, દીકરો ઇલેક્ટ્રીશ્યન છે. કામકાજમાં મંદી છે. તેમારા જેવા પરિવારો માટે સરકારી દવાખાના - હોસ્પિટલો આશિર્વાદ સમા છે. સરકારી હોસ્પિટલ હવે આધુનિક બની ગઇ છે. ડોકટરો પણ નિયમિત તપાસવા આવતાં. નર્સો દ્વારા દવા, ઈંજેકશન સમયસર અપાતું. સિવિલ હોસ્પિટલમાં મને મળેલી સારવારથી મને સંપૂર્ણ સંતોષ છે.

## દર્દીઓના સંબંધીઓ માટે કરાઇ ભોજન વ્યવસ્થા

પરિવારના સભ્યને કોરોના થયો હોય અને તે હોસ્પિટલમાં હોય તેની ચિંતામાં રાજકોટની સમરસ હોસ્પિટલ બહાર ઉભેલા તેના સ્વજનો રાત્રી કરફ્યુને લીધે ભોજનની વ્યવસ્થા કરી શકતા ન હતા. રાજકોટની સમરસ હોસ્ટેલ હોસ્પિટલમાં ૫૦૦થી વધુ દર્દીઓના સગા સંબંધીઓ કે જે બહારગામથી આવે છે તેમના માટે લોક સહયોગ થકી ભોજનની વ્યવસ્થા ઉપલબ્ધ થઈ છે. બહારગામથી આવેલા દર્દીના સગા સંબંધીઓએ જિલ્લા વહીવટી તંત્રની આ કામગીરીને આવકારી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સમરસ હોસ્ટેલના ગ્રાઉન્ડમાં દર્દીના સગા સંબંધીઓ માટે મંડપ વ્યવસ્થા કરીને હેલ્પલાઈન અને અન્ય મદદ માટે વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. તો રાજકોટની પંડિત દીનદયાળ ઉપાધ્યાય સિવિલ હોસ્પિટલની ડેઝીગ્નેટેડ કોવિડ હોસ્પિટલમાં સિવિલ હોસ્પિટલ પાસે રોડ પર ચૌધરી હાઈસ્કૂલ મેદાનમાં મંડપ નાખી દર્દીઓને તડકાથી રક્ષણ આપવામાં આવી રહ્યુ છે. જ્યારે જિલ્લા કલેકટર શ્રી રેમ્યા મોહનના માર્ગદર્શન હેઠળ કોરોનાના દર્દીઓના સગા સંબંધીઓ માટે પણ સ્વામિનારાયણ ગુરૂકુલ દ્વારા નિઃશુલ્ક ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.





## સીસીટીવી કેમેરા મ્યુઝિક થેરાપી અને વેલકમ કીટની સુવિધા

સમરસ કોવિડ કેર સેન્ટરના સાત માળમાં ૨૨૪ રૂમ આવેલા છે. આ તમામ માળ ઉપર દર્દીઓની જરૂરિયાત અને લાભાર્થે રીયલ ટાઇમ ટ્રેકીંગ એન્ડ મોનીટરીંગ સિસ્ટમ(સીસી ટીવી કેમેરા) ઉભી કરાઈ છે. જેના વડે મોનીટરીંગ અને દર્દીઓ સાથે વાતચીત થઇ શકે છે. સમરસ કોવિડ કેર સેન્ટરના સાત માળમાં આવેલા તમામ ૨૨૪ રૂમોમાં મ્યુઝિક સિસ્ટમ ફિટ કરવામાં આવી છે. જેના પગલે ધાર્મિક ભજન-કિર્તન વગેરે દર્દીઓ સાંભળી શકશે. અને તેઓને માનસિક અને આધ્યાત્મિક ઊર્જા મળી શકશે. દર્દીઓને વેલકમ કીટ આપવામાં આવે છે. જેમાં દર્દીઓએ કાળજી રાખવાની માહિતીના પેમ્ફલેટ, બ્રશ, ટુથપેસ્ટ, ઉલિયુ, સાબુ, નેપકિન, પાણીની બોટલ સહિતની વસ્તુઓ આપવામાં આવે છે.

## દર્દીઓ અને તેમના સગાઓ માટે વિશેષ વ્યવસ્થા

સમરસ હોસ્ટેલના કેમ્પસ ઉપર પેશન્ટ ઇન્ફોર્મેશન સિસ્ટિમ ઉભી કરાઇ છે. જયાં સાત જેટલા શિક્ષકો દ્વારા દર્દીઓની સ્થિતિ વિશેની માહિતી દર્દીઓના સગાઓને આપવામાં આવે છે. દરરોજ ડોકટરો દ્વારા ૩ રાઉન્ડ થકી દર્દીઓની તબીબી સ્થિતિની ચકાસણી કરવામાં આવે છે. અને તેના આધારે સાતેય ફ્લોર ઉપરના ફ્લોર મેનેજર દ્વારા પેશન્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમના શિક્ષકોને દર્દીના સ્ટેટસ વિશેની માહિતી પૂરી પાડવામાં આવે છે. સમરસ હોસ્ટેલમાં દર્દીઓને જોઈતો સામાન, ભોજન તેમના સગાઓને આપી જાય છે. આ સામાન દર્દીઓને પહોચાડવા માટે પાર્સલ સુવિધાનો અલાયદો વિભાગ પણ સમરસ હોસ્ટેલના કેમ્પસમાં ઊભો કરાયો છે. જયાં શિક્ષકો દ્વારા દર્દીઓના સગા પાસેથી સામાન લઈને દર્દીઓને પહોંચાડવામાં આવે છે. આ ઉપરાંત સમરસ હોસ્ટેલ બહાર દર્દીઓના સગાઓને છાયડો મળે તે માટે પણ એક ડોમ બનાવાયો છે. જેથી દર્દીઓના સગા તડકાથી બચી શકે. તેમજ ગુરુદ્વારા ટ્રસ્ટ અને સદભાવના ટ્રસ્ટ દ્વારા દર્દીઓના સગાઓને ભોજન પણ પૂરું પાડવામાં આવે છે. ●

# કોરોના સામે નાગરિકોને સુરક્ષિત રાખવા સુરત સજ્જ

કોરોના સામે રક્ષણ આપવા સુરતનું આરોગ્ય તંત્ર એડી ચોટીનું જોર લગાવી રહ્યું છે. વધુને વધુ દર્દીઓને સુરતની વિવિધ કોવિડ હોસ્પિટલમાં સારવાર આપવા વ્યવસ્થાને વધુ સુદ્રઢ કરવામાં આવી રહી છે. કોરોના સામે રક્ષણ મેળવવા રસીકરણ અને માસ્ક અસરકારક શસ્ત્રો છે. સુરતવાસીઓ કોરોનાથી સુરક્ષિત રહે એ માટે હાલ ૪૫ વર્ષથી વધુ વયના નાગરિકોનું રસીકરણ કરવાની ઝુંબેશને વધુ સઘન બનાવવામાં આવી છે. રસીકરણ ઉપરાંત ઓક્સિજન સાથે આઇસોલેશન સેન્ટર્સ શરૂ કરવામાં આવી છે. સતત ૧૦૦ દિવસની સારવાર બાદ કોરોનામુક્ત થયેલા તબીબે પ્લાઝમા દાન કરીને પ્રેરણાત્મક દાખલો પુરો પાડ્યો હતો.

## યુનિવર્સલ ફાઉન્ડેશન દ્વારા રસીકરણ

કોરોના સામે રક્ષણ મેળવવા રસીકરણ અને માસ્ક અસરકારક શસ્ત્રો છે. સુરતવાસીઓ કોરોનાથી સુરક્ષિત રહે એ માટે હાલ ૪૫ વર્ષથી વધુ વયના નાગરિકોનું રસીકરણ કરવાની ઝુંબેશને વધુ સઘન બનાવવામાં આવી છે. જેમાં અનેક અગ્રણી સામાજિક સંસ્થાઓ પણ ખભેખભો મિલાવીને વેક્સિનેશનની સેવા માટે યોગદાન આપી રહી છે, ત્યારે સુરત મહાનગરપાલિકા, જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા અને વિવિધ સમાજ અને સોસાયટીઓના પ્રમુખોના સહયોગથી યુનિવર્સલ ફાઉન્ડેશન દ્વારા મોટા વરાછા, નાના વરાછા, પુણા, વેડરોડ સહિતના હેલ્થ સેન્ટરો પર વિનામૂલ્યે રસી મૂકવાનું શરૂ કરવામાં આવી છે.

આ સંસ્થાના અધ્યક્ષ તથા દેશની ચોથી રક્ષા પાંખ સિવિલ ડિફેન્સ-અમરોલી ઝોનના માનદ્ સૈનિક શ્રી પ્રકાશકુમાર વેકરિયાએ ૫૦,૦૦૦થી વધુ લોકોને વિનામૂલ્યે કોરોના રસીકરણ કરવાના સંકલ્પ લીધો છે, જેને પૂર્ણ કરવા માટે સંસ્થાના સેવાભાવી સભ્યો દ્વારા રસીકરણને વ્યાપક બનાવાયું છે. સંસ્થા દ્વારા દ્વારા શરૂ થયેલા આ અભિયાનમાં મોટા વરાછા ઝોનના સેનેટરી ઈન્પેક્ટર શ્રી ભટ્ટ, આસિ. અને ડે. કમિશનરશ્રીના સહયોગથી ફાઉન્ડેશનની હેલ્થ કમિટીના શ્રી દિવ્યેશભાઇ શિરોયા, કેતનભાઇ કળથીયા, શુભમભાઈ નાવડીયા અને રાષ્ટ્રસેવકોની ટીમે વિવિધ સંસ્થાઓ અને કંપનીઓનાં સમન્વયથી રસીકરણની કવાયત પૂરજોશમાં ચાલી રહી છે.







## કતારગામમાં ઓક્સિજન સાથેનું કોવિડ કેર આઇસોલેશન સેન્ટર

ઘરના એક સભ્યનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોય અને ઘરના અન્ય સભ્યને કોરોનાનું સંક્રમણ ન ફેલાય તે હેતુસર અત્યારે સૌથી જરૂરી વ્યવસ્થા હોય તો એ આઇસોલેશન વોર્ડની છે ત્યારે કોરોના સંક્રમણને અટકાવવા અને દર્દીને મદદ કરવાના હેતુથી સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ દ્વારા કતારગામ-વેડરોડ મેડીકલ એસોસિએશનના સહયોગથી ૫૪ બેડનું કોવિડ કેર આઇસોલેશન સેવા સેન્ટર, કતારગામ આંબાતલાવડી સ્થિત સમસ્ત પાટીદાર સમાજની વાડી ખાતે પાલિકાના કમિશ્નર શ્રી બંછાનિધિ પાનીના હસ્તે ખુલ્લુ મુકાયું હતું.

આ આઇસોલેશન સેન્ટરમાં જે દર્દીને ડોક્ટર દ્વારા ઘરે હોમ ક્વોરેન્ટાઇન થવાની સૂચના આપી હોય અને દર્દીને ઘરે અલગ રહેવાની સગવડ ના હોય એવા દર્દીઓ તથા હોસ્પિટલમાંથી રજા લીધા પછી ડોક્ટરની દેખરેખની જરૂર હોય તેવા દર્દીઓને આ આઇશોલેશન વોર્ડમાં પ્રવેશ મેળવી શકશે. આ ઉપરાંત દર્દીની તપાસ માટે કન્સલ્ટન્ટ ૧૫ ડોક્ટરની ટીમ તેમજ વિઝીટર ૧૫ ડૉક્ટરો સાથે કુલ ૩૦ તજજ્ઞ ડોક્ટરોની ટીમ સેવા આપી દર્દીઓને દવા પણ પુરી પાડવામાં આવશે.

આ સેન્ટર પર કોરોનાની સારવાર માટે ઓક્સિજન બેડ, એમ્બ્યુલન્સ, દવાઓ, નર્સિંગ સ્ટાફ, કોવિડ રિપોર્ટ, કોરોના રસીકરણ કેન્દ્ર તથા અનેક સુવિધા સાથેનું કોવિડ આઇસોલેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. ઉપરાંત કોરોનાના દર્દીઓ તણાવમુક્ત થાય તે માટે પ્રતિદિન વિવિધ કાર્યક્રમો યોજી અને એલઇડી સ્કીન દ્વારા મોટીવેટ કરવામાં આવી રહ્યાં છે.

## મોટા વરાછામાં ઓક્સિજન સાથે આઈસોલેશન સેન્ટરનો પ્રારંભ

કોરોના સંકટમાં સુરતની અગ્રણી સંસ્થાઓ, વ્યાપારી મંડળો, ઉદ્યોગગૃહો સામાજિક જવાબદારી નિભાવવા જાગૃત્ત છે, ત્યારે સાંસદ શ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ એકતા ગ્રુપ તથા મોટાવરાછા મંડપ એસોસિયેશનના સહયોગથી મોટા વરાછા એક્સપેરિમેન્ટલ સ્કૂલમાં ઓક્સિજન સાથે ૪૦ બેડના આઈસોલેશન સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

## 'ડર કે આગે જીત હૈ' : ડો. ભીડે

કોરોના પ્રથમ અને બીજા ફેઝમાં કોરોનાગ્રસ્તોની સારવાર કરતાં સિવિલ અને સ્મીમેર હોસ્પિટલના અનેક ડોક્ટર્સ, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ કોરોનાનો ભોગ બન્યા, પરંતુ આ કોરોના યોદ્ધાઓએ સ્વસ્થ થઈને એમની સારવાર-સેવાને અટકવા ન દીધી, જેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે સુરત સિવિલ હોસ્પિટલના બાળરોગ વિભાગના ડો. દેવવ્રત ભીડે. ૨૫ વર્ષીય યુવા પીડિયાટ્રીશ્યન ડો.ભીડે ૧૩ દિવસની સારવાર બાદ કોરોનાને હરાવી પુન: ફરજ પર હાજર થયા છે. વેક્સીનના બંને ડોઝ લીધા હોવાથી તેઓને સઘન સારવાર લેવાની જરૂર પડી ન હતી. અને આઈસોલેશનમાં રહી જરૂરી સારવાર મેળવ્યા બાદ સ્વસ્થ થઈ ગયા છે.

'ડર એ કોરોનાથી વધુ ઘાતક વાઈરસ છે, જેથી ડરો નહીં, કોરોના સામે આપણી પૂર્વકાળજી જીવાડે અને જીતાડે છે એમ તેઓ જણાવે છે.

મૂળ મહારાષ્ટ્રના પૂણેના વતની ડો.દેવવ્રત ભીડે સુરત સિવિલમાં હોસ્પિટલમાં પીડિયાટ્રીશ્યન તરીકે ફરજ બજાવે છે. ડો.ભીડેએ જણાવ્યું કે, સુરતમાં કોરોનાના સેકન્ડ ફેઝનું સંક્રમણ તીવ્ર ગતિથી વધ્યું ત્યારથી સ્ટેમ સેલ બિલ્ડીંગ અને કિડની હોસ્પિટલની કોવિડ ઓપીડીમાં ફરજ પર નિયુક્ત હતો, એ દરમિયાન તા. ૮ એપ્રિલે મને શરદી, ઉધરસ અને નબળાઈના લક્ષણો જણાતા આરટીપીસીઆર કરાવ્યો, જે પોઝિટિવ આવતા સિવિલ આરોગ્ય તંત્ર દ્વારા સ્ટાફ માટે નિયત કરાયેલા ક્વોરન્ટાઈન સેન્ટરમાં આઈસોલેટ થઈને સારવાર મેળવી હતી.

તેમણે વધુમાં કહ્યું કે, સારવારમાં એલોપેથીક દવાઓની સાથે આયુર્વેદિક ઔષધીય પદાર્થો, ઉકાળા, સ્ટીમ્યુલેશન, ગરમ પાણીનું સેવન કરવાથી સ્વાસ્થ્યમાં સુધારો થયો. ૧૩ દિવસ ક્વોરન્ટાઈનમાં રહી સારવાર મેળવી કોરોના સામે જીત મેળવી છે. હું સંપૂર્ણ સ્વસ્થ થયો હોવાથી ફરીવાર ફરજ પર જોડાયો છું.

તેમણે લોકોને જાગૃતિનો સંદેશ આપતાં કહે છે કે, માસ્ક અને વેક્સીન એ કોરોના સામેની લડાઈનું અસરકારક શસ્ત્ર છે. ખુલ્લામાં ક્યારેય પણ માસ્ક વિના ન નીકળો. અવારનવાર હાથ ધોવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાની ટેવને જીવનનો ભાગ બનાવો. ડર એક એવી ચીજ છે જે સ્વસ્થ વ્યક્તિને પણ બીમાર કરી દે છે. એટલે પોતાની જાતને મોટીવેટ કરી ભયને દૂર ભગાડો.

આમ, પ્રેરણાસ્ત્રોત બનેલા યુવા પીડિયાટ્રીશ્યન કોરોના સામેની લડાઈ જીતી સ્વસ્થ થયા બાદ ફરી એક વાર નિષ્ઠાપૂર્વક સેવારત બન્યા છે. ●

કોરોનાના લક્ષણ ધરાવતા અને જેમના ઘરે આઈસોલેટ થવા અલાયદો રૂમ નથી તેવાં દર્દીઓ માટે આ સેન્ટર વરદાનરૂપ બનશે. આઈસોલેશન સેન્ટર પર દર્દીઓની સારવાર-સેવા માટે ડોકટરો અને મેડિકલ સ્ટાફની સુવિધા, જરૂરિયાત જણાય તો એમ્બ્યુલન્સની વ્યવસ્થા, પૌષ્ટિક ભોજન અને શુદ્ધ પાણી, સમયાંતરે દર્દીઓ સાથે ડોકટરો દ્વારા પરામર્શ જેવી સુવિધા પણ ઉપલબ્ધ છે. આ પ્રસંગે ઓલપાડના ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ, ડે. મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, અગ્રણી શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા ઉપસ્થિત રહ્યા હતા.

## સુરત સ્મિમેર હોસ્પિટલમાં ૪૨૦ બેડની સ્થાયી વ્યવસ્થા ઊભી કરાઇ

કોરોના કહેર વચ્ચે રાજય સરકાર તથા મહાનગર પાલિકાના સંયુકત પ્રયાસોથી કોરોના દર્દીઓ માટે આરોગ્યની સુવિધાઓ મળી રહે તે માટે ઝડપથી ઓકિસજન બેડ, આઈ.સી.યુ., વેન્ટીલેટર સહિતની વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી રહી છે. સુરત મહાનગર પાલિકા હસ્તકની સ્મિમેર હોસ્પિટલમાં અઠવાડિયાના ટુંકાગાળામાં નેશનલ મેડિકલ કાઉન્સિલ (NMC)ની ગાઈડલાઈન અનુસાર ૪૨૦ બેડની સ્થાયી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

મહાનગરપાલિકાના હાઉસીંગ વિભાગના ડેપ્યુટી ઈજનેર શ્રીમતી મેઘાવી દેસાઈએ માહિતી આપતા જણાવ્યું હતું કે, સ્મીમેર હોસ્પિટલમાં મલ્ટીલેવલ પાર્કિગ ખાતે કોવિડ હોસ્પિટલમાં હાલ કોરોનાની સારવાર માટે ૬૪૦ બેડની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. નેશનલ મેડીકલ કાઉન્સીલની ગાઈડલાઈન અનુસાર માત્ર અઠવાડિયામાં ગ્રાઉન્ડ ફલોર પર ૧૪૦, પહેલા માળે ૧૪૦, બીજા માળે ૧૪૦ મળી કુલ ૪૨૦ બેડની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, સ્મિમેર મેડીકલ કોલેજમાં હાલમાં ૨૦૦ મેડીકલ સીટો ઉપલબ્ધ છે. ભવિષ્યમાં ૨૫૦ સીટો થાય તો તે પ્રકારનું ઈન્ફ્રાસ્ટ્રકચર અત્યારથી જ ઉભુ કરવામાં આવ્યું છે. હાલમાં કોરોનાના દર્દીઓની સારવાર કરવામાં આવશે. પણ ભવિષ્યમાં અલગ અલગ ડિપાર્ટમેન્ટના વોર્ડ માટે પણ ઉપયોગ કરી શકાશે.

શ્રી મેઘાવી દેસાઈએ વધુમાં કહ્યું કે, ચોથા માળે ૫૦ આઈ.સી.યુ.બેડની વ્યવસ્થા યુધ્ધના ધોરણે હાઉસીગ વિભાગના સ્ટાફ દ્વારા સંસાધનોની મર્યાદા વચ્ચે 'વ્યથા નહી વ્યવસ્થા'નો અભિગમ અપનાવીને દિવસ-રાતની મહેનતના પરિણામે ઉપલબ્ધ કરવામાં આવી છે.







# સંસ્કાર નગરી વડોદરા બની "સેવા નગરી"

સંસ્કારનગરી તરીકે ઓળખાતા વડોદરા શહેરને નવી ઓળખ મળી રહી છે. સંસ્કારનગરી આરોગ્યના વિષયમાં સેવા નગરી બની રહી છે. કોરોનાનો સામનો કરવા સરકારનું આરોગ્ય તંત્ર ખડે પગે છે ત્યારે તેમનો સાથ નિભાવવા ધાર્મિક સંસ્થાઓ આગળ આવી છે. અટલાદરા, કારેલીબાગ સ્વામીનારાયણ મંદિર આરોગ્યધામ બન્યાં છે તો પવિત્ર રમજાન માસમાં મસ્જિદમાં પણ કોવિડ કેર હોસ્પિટલ્સ શરૂ કરાઇ છે. વડોદરા જિલ્લામાં રસીકરણ અભિયાનને નાગરિકોએ વધાવી લીધુ છે તો બીજી તરફ આરોગ્ય સુવિધાની ઉચ્ચ કક્ષાએથી સતત સમીક્ષા કરવામાં આવી રહી છે. તદઉપરાંત આરોગ્ય સુવિધાઓ વધારવા તરફ ધ્યાન આપવા સાથે વધુને વધુ લોકો રસી લે અને સુરક્ષિત થાય તેવા પ્રયાસો આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યાં છે. અહીં વડોદરામાં થઇ રહેલી આરોગ્ય વિષયક કામગીરીનો સચિત્ર અહેવાલ પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

## વડોદરા જિલ્લામાં વેગ પકડતું રસીકરણ અભિયાન

વિશ્વવ્યાપી કોવિડ - ૧૯ મહામારીના સંક્રમણ સામે આરોગ્ય રક્ષા કવચ આપતું કોરોના રસીકરણ અભિયાન વડોદરા જિલ્લામાં પૂરજોશમાં ચાલી રહ્યું છે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા રસીકરણ ઝુંબેશ હેઠળ વડોદરા જિલ્લામાં આ લખાય છે ત્યાં સુધીમાં હેલ્થ કોરોના વોરિયર, ફ્રન્ટ લાઈન વોરિયર, ૪૫થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના કુલ ૩,૦૧,૮૮૮ નાગરિકોએ રસી લઇ કોરોના સામે આરોગ્ય સુરક્ષા કવચ મેળવ્યું છે.

કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલે જણાવ્યું હતું કે, વડોદરા જિલ્લામાં ૪૭૪૩ નાગરિકોને કોરોના રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. વડોદરા જિલ્લામાં તા.22 સુધીમાં ૨૨૨૪૬ આરોગ્ય કોરોના વૉરિયર, ૨૩૯૪૯ ફ્રન્ટ લાઈન કોરોના વૉરિયર, ૪૫ થી ૫૯ વર્ષના ૧,૨૫,૪૨૦ નાગરિકો અને ૬૦ થી વધુ ઉંમરના ૧,૩૦,૨૭૩ નાગરિકોને કોરોના રસી મૂકવામાં આવી છે. અત્યાર સુધીમાં જિલ્લામાં ૨,૫૯,૩૧૭ નાગરિકોને કોરોના રસીનો પ્રથમ તેમજ ૪૨૫૭૧ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

## અટલાદરા સ્વામિનારાયણ મંદિરઃ "મંદિરથી આરોગ્ય મંદિર સુધીની સફર"

વડોદરા તંત્ર દ્વારા બાપ્સ, અટલાદરાના યજ્ઞપુરૂષ સભા સ્થળ ખાતે ૫૦૦ પથારીની સમર્પિત કોવિડ હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનો પ્રથમ તબક્કો કાર્યરત થયો છે.ખાસ ફરજ પરના અધિકારી અને શિક્ષણ સચિવ ડો.વિનોદ રાવના માર્ગદર્શન હેઠળ અહીં જરૂરી તમામ મેડિકલ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. ગોત્રી મેડિકલ હોસ્પિટલની વિસ્તરણ સુવિધાના ભાગરૂપે યજ્ઞ પુરૂષ સભામંડપમાં કોવિડ દર્દીઓની અહી સારવાર કરવામાં આવી રહી છે. બાપ્સ સંસ્થાનું સભા મંડપ આજે દર્દી નારાયણોની સેવા સારવારનું કેન્દ્ર બન્યું છે.







અટલાદરા સ્વામિનારાયણ મંદિરના જ્ઞાનવત્સલ સ્વામીએ જણાવ્યું કે, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર દ્વારા ખાસ ફરજ પરના અધિકારી ડો.વિનોદ રાવની સાથે થયેલ બેઠક મુજબ મંદિરના યજ્ઞપુરુષ સભામંડપમાં કોવિડ હોસ્પિટલ બનાવવા માટેનું સૂચન કરવામાં આવ્યું હતું જેનાથી અમે પણ ખૂબ જ પ્રભાવિત થયા હતા. સંસ્થાને વિપદાની આ ઘડીમાં કોરોનાના દર્દીઓની સેવા કરવાની તક મળી છે.

તેમણે જણાવ્યું કે, હાલમાં આ યજ્ઞપુરુષ શેડમાં જરૂરી તમામ સુવિધા





ઊભી કરવામાં આવી છે. સંસ્થા દ્વારા નોન મેડિકલ સુવિધાઓ જેવી કે મોબાઈલ ટોઈલેટ, બાથરૂમ, એર કુલર, પાર્કિંગની વ્યવસ્થા પુરી પાડવામાં આવી છે. જ્યારે રાજ્ય સરકારે તમામ મેડિકલ સુવિધાઓ પૂરી પાડી છે. હાલમાં આ સેન્ટરમાં ડોક્ટર, નર્સ દ્વારા કોરોના દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે. સંસ્થા દ્વારા ૬૦૦ જેટલા જરૂરિયાતમંદ અને ગરીબ પરિવારોને ભોજન આપી અન્યના દુઃખમાં મદદ કરવામાં આવી રહી છે. હાલમાં અહીં સારવાર હેઠળના દર્દીઓ માટે ભોજન પ્રસાદની સેવા સંસ્થાએ ઉપાડી છે.

કોરોના મહામારીમાં ધાર્મિક સંસ્થાઓએ સમાજ પ્રત્યે જેટલું થઈ શકે એટલું કરવાની અત્યારે જરૂર છે ધાર્મિક સંસ્થાઓ સંકટની આ ઘડીમાં પ્રશાસન અને સરકારને મદદ રૂપ થઇ સમાજ પ્રત્યે પોતાનું ઋણ અદા કરવું જોઈએ તેમણે ઉમેર્યુ હતુ.

ગોત્રી હોસ્પિટલના એડિશનલ સુપ્રિટેન્ડન્ટ અને આ કેન્દ્રના ઈન્ચાર્જ ડો. સંદીપ શાહે જણાવ્યું કે, ગોત્રી જી.એમ.ઇ.આર.એસના તાબા હેઠળના આ યજ્ઞપુરુષ સભા મંડપમાં ૩૫૦ બેડની ઓક્સિજન સુવિધા સહિતની કોવિડ હોસ્પિટલ અહીં શરૂ કરવામાં આવી છે. જેનું તબક્કાવાર વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. અહીં હાલ ૨૦૦ જેટલા કોરોનાના દર્દીઓને ઓક્સિજનની સુવિધા સાથેની સારવાર આપવામાં આવી રહી છે. આમ, અટલાદરા સ્વામિનારાયણ મંદિરે કોવિડના વ્યવસ્થાપનમાં સરકાર સાથે સહભાગીદાર બની એક નવો રાહ ચિંધ્યો છે.

## વડોદરાના કારેલીબાગ સ્વામિનારાયણ મંદિરમાં ૫૦ બેડનું કોવિડ કેર સેન્ટર શરૂ

કોરોનાની વિકટ પરિસ્થિતિમાં શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી કુંડળધામની પ્રેરણાથી સ્વામિનારાયણ મંદિર કારેલીબાગ, વડોદરામાં કોરોના દર્દીઓની સારસંભાળ માટે ૫૦ બેડનું કોવિડ કેર સેન્ટર કાર્યરત કરાયું છે. કોરોના સામેની લડાઇમાં સરકારની સાથે ધાર્મિક સંસ્થાઓનો પણ સહયોગ મળી રહ્યો છે. રાજ્ય સરકારની મંજૂરથી ચાલતા કોવિડ આઇસોલેશન સેન્ટરમાં વડોદરાની જાહ્નવી મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલના નિષ્ણાત ડોક્ટરોની ટીમના સહયોગથી કોરોના દર્દીઓને અસરકારક અને સુદ્રઢ સારવાર મળી રહે તેવી સુવિધા ઊભી કરવામાં આવી છે. પૂજ્ય શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી તથા સંતો દ્વારા દર્દીઓને હૂંફ-બળ અને પ્રોત્સાહન પૂરૂં પાડવા સાથે તેમની સાથે સંવાદ પણ સાધી રહ્યા છે.

## વડોદરાની જહાંગીરપુરાની મસ્જિદમાં કોવિડ હોસ્પિટલ

વડોદરા શહેરમાં કોરોના સામેનું યુદ્ધ લડવા મુસ્લિમ સંસ્થાઓ પણ આગળ આવી છે. જહાંગીરપુરા મસ્જિદ અને તાંદલજાના દારુલઉલેમ ખાતે સુવિધાસભર કોવિડ સેન્ટર શરૂ કરવામાં આવ્યાં છે.જ્યાં મુસ્લિમ સમાજના નાગરિકોને કોવિડની સારવાર સેવા આપવામાં આવી રહી છે. જહાંગીરપુરાના ઈરફાન શેખ કહે છે કે જહાંગીરપુરા મસ્જિદમાં કોવિદની પરિસ્થિતિને ધ્યાને લઇ ઓક્સિજનની સુવિધા સહિતના ૫૦ બેડની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. તો શહેરના તાંદલજામાં વડોદરા માનવ કલ્યાણ ફાઉન્ડેશન સંચાલિત દારુલ ઉલેમમાં ૧૪૨ પથારીની સુવિધા ધરાવતું કોવિદ કેર સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. આ કોવિડ કેર સેન્ટરમાં ઓક્સિજનની સુવિધા સહિત ૧૦ વેન્ટિલેટર અને બાયપેપની સુવિધા ઊભી કરવામાં આવી છે.

## ડભોઇના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં કોવિડની સારવાર

વડોદરા જિલ્લામાં ડભોઇ સામુદાયિક આરોગ્ય કેન્દ્ર મથકે જ હવે ઓક્સિજન બેડ સહિત કોવિડની સારવારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામા આવી રહી છે. ડભોઈના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં કોવિડની સારવારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના આયોજન હેઠળ ઓક્સિજન પાઈપલાઇનો લગાવવામાં આવી રહી છે. જેના પરિણામે ઓક્સિજન બેડ સારવાર માટે ઉપલબ્ધ બનશે. આ સરકારી દવાખાનામાં મુખ્યત્વે ઓક્સિજન બેડ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. દર્દીને બેડ પર જ ઓક્સિજન આપી શકાય તે માટે પાઈપલાઈઈ બછાવવા

સહિતની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. પૂરતાં ઓક્સિજનની ખાત્રી માટે આ દવાખાનાને જમ્બો સિલિન્ડર પૂરા પાડવામાં આવશે. આ સામુદાયિક આરોગ્ય કેન્દ્ર કોવિડ હેલ્થ સેન્ટર સહ કોવિડ હોસ્પિટલ તરીકે સેવાઓ આપશે. જરૂરી સ્ટાફની નિમણુંક અને તાલીમનું પણ આયોજન કરી નિમણૂક આપી દેવામાં આવી છે. જિલ્લા કલેકટરશ્રીએ આ કામગીરી યુદ્ધના ધોરણે પૂરી કરાવવા જિલ્લા કક્ષાએ જિલ્લા પુરવઠા અધિકારીશ્રીને તથા ડભોઇમા નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી-૧, ડભોઇ મામલતદાર અને તાલુકા આરોગ્ય અધિકારીને જવાબદારી આપવામાં આવી છે. અને ઝડપથી આ કામગીરી પૂરી થાય તે માટે સતત સંપર્ક અને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

## વડોદરામાં તંત્રે કર્યો ૨૪ કલાકનો અખંડ પરિશ્રમ યજ્ઞ

કોવિડ કટોકટીને પહોંચી વળવા અને દર્દીઓને શક્ય હોય તેટલી ઉમદા સારવાર સેવાઓ ઉપલબ્ધ કરાવવા આરોગ્ય તંત્રની ટીમ વડોદરા અખંડ પરિશ્રમ કરી રહી છે. તેની એક કડીના રૂપે સમરસ હોસ્ટેલ કોવિડ હોસ્પિટલમાં સતત ૨૪ કલાકની અવિરત મહેનત કરી પાંચ વેન્ટિલેટર સહિત ૨૫ બેડનું આઇસીયુ શરૂ કરી દેવાયું હતું. રાત્રિના ત્રણ વાગે આ સુવિધા ખાતે એક જરૂરિયાતમંદ દર્દીને બાયપેપની ઓક્સિજન સારવાર પર મૂક્યા હતા. વધુ ૧૦૦ આઇસીયુ બેડ તૈયાર કરી દેવા તંત્ર યુદ્ધના ધોરણે કાર્યરત છે.





## ગોત્રી હોસ્પિટલમાં તાત્કાલિક બે વેપરાઈઝર વધારાયા

ગોત્રી હોસ્પિટલમાં દર્દીઓ માટે જરૂરી ઓક્સિજનનો હેવી ફલો જાળવવા તાત્કાલિક બે વેપરાઇઝર વધારવામાં આવ્યા છે. ખાસ ફરજ પરના અધિકારી ડો.વિનોદ રાવે જણાવ્યું કે ગોત્રી ખાતેની લિકવિડ ઓક્સિજન સંગ્રહ ટાંકીની ક્ષમતા ૨૦ ટનની છે.તેની સામે હાલમાં છેલ્લા થોડા દિવસથી દૈનિક વપરાશ વધીને ૩૦ ટન થયો છે. તેને અનુલક્ષીને યુદ્ધના ધોરણે અને તકેદારીનાં પગલાં તરીકે વેપરાઇઝર કેપેસિટીનું અપગ્રેડેસન કરવામાં આવ્યું છે.

## કલેકટર શ્રી રણોલીની કોસેરા ડાઈગ્નોસિસ કંપનીની મુલાકાતે

વડોદરાનાં કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલે જિલ્લાની આ એકમાત્ર RTPCR ટેસ્ટ કિટનું નિર્માણ અને વિતરણ કરતી કંપની રણોલીસ્થિત કોસેરા ડાયગ્નોસિસની મુલાકાત લીધી હતી. આ કંપનીએ ગયા વર્ષે લોકડાઉન દરમિયાન ટેસ્ટ કિટ વિકસાવી હતી. જેનું ઉત્પાદન શરૂ કરી શકાય તે માટે વડોદરા જિલ્લા વહીવટી તંત્રે યથોચિત તમામ મદદ અને સંકલન કરીને કરી હતી. આ કંપનીએ વર્ષ ૨૦૨૦માં ૧૧.૫ લાખ જેટલી અને અત્યાર સુધીમાં ૧૬ લાખ જેટલી કિટ બનાવીને ગુજરાતમાં અને દેશમાં પૂરી પાડી છે. આ કંપનીમાં માસિક ૩.૫ લાખ જેટલી કિટનું ઉત્પાદન થાય છે. કંપનીએ જરૂર પડે તો વધુ બે લાખ કીના ઉત્પાદન નું આશ્વાસન આપ્યું છે. શ્રીમતી અગ્રવાલે જણાવ્યું કે કંપનીના કર્મચારીઓમાં મહિલાઓ મોટી સંખ્યામાં છે અને તેમની અવિરત કામગીરી બિરદાવવાને પાત્ર છે.

## રેમડેસિવિરની ખાનગી હોસ્પિટલ્સને ફાળવણી

નોડલ અધિકારીઓની દેખરેખ હેઠળ કોવિડના દર્દીઓની સારવારમાં ઉપયોગી રેમડેસિવીર ઇન્જેક્શનની માન્ય ખાનગી હોસ્પિટલોને ફાળવણી કરવામાં આવી રહી છે. આ અંગે જાણકારી આપતાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારી અને નોડલ અધિકારી શ્રી આર. બી. ત્રિવેદીએ જણાવ્યું કે આજે 199 હોસ્પિટલો ને 2047 ડોઝ ફાળવાય આવ્યા છે.અત્યાર સુધીમાં કુલ 27913 ડોઝ ફાળવી દેવાયા છે. ●

## કોરોના સંરક્ષકોની સેવાને બિરદાવવા
# "થેન્ક્યુ કોરોના વોરિયર્સ" અભિયાન



ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે રાજભવન દ્વારા શરૂ કરાયેલાં કોરોના સેવાયજ્ઞમાં યત્કિંચિત્ આહૂતિ આપવા માટે ગુજરાતના ક્રિકેટરો શ્રી પાર્થિવ પટેલ અને શ્રી ઈરફાન પઠાણ, પહેલવાન શ્રી સંગ્રામસિંહ તેમજ અભિનેત્રી શ્રી પાયલ રોહતગીને પ્રેરિત કરી માનવસેવાના આ સેવાયજ્ઞમાં અગ્રેસર થવા અનુરોધ કર્યો હતો. તેમણે રેડક્રોસની સેવા તેમજ "કોરોના સેવાયજ્ઞ"માં યુવા અનસ્ટોપેબલ સંસ્થાના સહયોગને બિરદાવ્યો હતો.

રાજ્યપાલશ્રીએ ઓનલાઈન માધ્યમ દ્વારા શ્રી પાર્થિવ પટેલ અને શ્રી ઈરફાન પઠાણ સાથે પરામર્શ કરી રાજભવન દ્વારા પાયાના કોરોના વોરિયર્સને બે મહિના ચાલે, તેવી રાશન અને જીવન જરૂરી વસ્તુઓ તેમજ પ્રોટીન અને ઈમ્યુનિટી બૂસ્ટર સાથેની કીટ વિતરણ તેમજ જનજાગૃતિના વિવિધ પ્રકલ્પો વિશે માહિતી આપી હતી અને લોકસેવા તેમજ જનજાગૃતિના આ અભિયાનમાં બંને ક્રિકેટરોના સહયોગ માટે અનુરોધ કર્યો હતો.

શ્રી પાર્થિવ પટેલે જણાવ્યું હતું કે, કોરોના વોરિયર્સ સ્વસ્થ રહેશે તો જ સંક્રમિતોની સેવા કરી શકશે. તેમણે કોરોના વોરિયર્સને કોરોના સામેના અભિયાનમાં ચાલકબળ ગણાવ્યાં હતાં. જ્યારે શ્રી ઈરફાન પઠાણે કોરોના વોરિયર્સને ખરા અર્થમાં માનવ સેવાના અગ્રદૂત ગણાવી તેમની સેવાને બિરદાવી હતી. દેશભરની સેલિબ્રિટિઝને સાંકળીને કોરોના વોરિયર્સની સેવાને બિરદાવવા "થેન્ક્યુ કોરોના વોરિયર્સ" અભિયાન સોશિયલ મીડિયાના માધ્યમથી ચલાવાશે.

આ અભિયાન અંતર્ગત રાજ્યપાલશ્રી સાથે ફીટ ઈન્ડિયા અભિયાન સાથે જોડાયેલા દેશના ખ્યાતનામ કુસ્તીબાજ પહેલવાન શ્રી સંગ્રામસિંહ તેમનાં પત્ની અને જાણીતા અભિનેત્રી શ્રી પાયલ રોહતગીએ રાજભવન ખાતે મુલાકાત લીધી હતી. ●

# કોરોના સામેની લડાઈ અંગે સંતો સાથે વિડીયો કોન્ફરન્સ

પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કોરોના સંક્રમણ સામેની લડાઈમાં સંતો-મહંતો-ધર્મગુરુઓના સહયોગ અને માર્ગદર્શન હેતુ માટે વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી. ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે કોરોના સંક્રમણની આપદાના સામના માટે સંતશક્તિના આશીર્વાદની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો હતો.

કોરોના સંક્રમણના કપરા કાળમાં સંતો-મહંતો અને ધર્મગુરુઓને યત્કિંચિત્ સહયોગ અને લોકજાગૃતિ માટે પોતાનું બહુમૂલ્ય યોગદાન આપવા રાજ્યપાલશ્રીએ આગ્રહભરી અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાજભવન દ્વારા "કોરોના સેવા યજ્ઞ" શરૂ કરાયો છે. એક લાખ પાયાના ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સનો જુસ્સો વધારવા સેલિબ્રિટિઝ અને અગ્રણીઓ પણ આગળ આવી રહ્યા છે ત્યારે સંતો-મહંતો અને ધાર્મિક વડાઓ પોતાના ઉપલબ્ધ સંસાધનોનો કોરોના સારવાર માટે ઉપયોગ કરવા સહયોગ આપે. મુખ્યમંત્રીશ્રીઓના રાહત ફંડમાં સહયોગ, કોરોના સામે લોકજાગૃતિ કેળવવા અને જરૂર પડ્યે સ્વયંસેવીઓને સેવા આપવા રાજ્યપાલશ્રીએ અનુરોધ કર્યો હતો. ઉપસ્થિત સંતો-મહંતો, ધાર્મિક સંસ્થા વડાઓએ કોરોના સંક્રમણના સામના માટે પૂર્ણ સહયોગ આપવા તત્પરતા દર્શાવી હતી.



આ પ્રસંગે યાત્રાધામ વિકાસ વિભાગના રાજ્ય મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ કોરોના સંક્રમણ સામે સંતો-મહંતો-ધર્મગુરુઓ લોકજાગૃતિ માટે યોગદાન આપે તે જરૂરી હોવાનું જણાવ્યું હતું. ●

# સુરત સિવિલમાં આરોગ્ય રાજ્ય મંત્રીશ્રી કોરોના દર્દીઓને રૂબરૂ મળ્યાં



'તબિયત કેમ છે?..' 'કોઈ તકલીફ તો નથી ને..?' 'ભોજન સમયસર મળે છે ને?' 'જરાય ચિંતા ન કરશો..', 'કોઈ સમસ્યા હોય તો નિ:સંકોચ કહેજો', 'તમે જલદી સાજા થઈ જશો' આ શબ્દો છે આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણીના, જેમણે કોરોના સામે લડવા કોવિડ દર્દીઓનો જોમ-જુસ્સો વધારવા સંવેદનશીલ અભિગમ દાખવતા પીપીઈ કીટ પહેરી સુરત નવી સિવિલની કિડની હોસ્પિટલના કોવિડ વોર્ડની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે દર્દીઓ સાથે આત્મીયતાથી તબિયતની પૃચ્છા કરી આરોગ્ય તંત્ર અને સરકાર તમારી સાથે છે એવો ભરોસો આપી ઝડપભેર સ્વસ્થ થવા શુભકામના પાઠવી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ડોકટરો, નર્સિંગ સ્ટાફ અને કોવિડ દર્દીઓ સાથે વાતચીત કરીને સમગ્રતયા જાણકારી મેળવી હતી. કોવિડ દર્દીઓની મુલાકાત લઈ તેમનો પ્રતિભાવ અને પ્રતિસાદ મેળવ્યો હતો. જાણીને આનંદ થયો કે તમામ દર્દીઓએ સિવિલના તબીબો, આરોગ્ય સ્ટાફ અને અહીંની સુવિધાઓ અંગે ખૂબ જ સારો પ્રતિસાદ આપ્યો છે. મહત્તમ દર્દીઓએ એમ પણ કહ્યું કે, તેઓને સિવિલમાં ખાનગી હોસ્પિટલો કરતાં પણ સારી સારવાર મળી રહી છે અને ડોક્ટર્સ અને નર્સિંગ સ્ટાફ નિયમિતપણે રાઉન્ડ પર આવી તબિયતની કાળજી લઈ રહ્યા છે. આમ, આરોગ્ય રાજ્યમંત્રીશ્રી પણ કોરોના દર્દીઓ સાથે આત્મીયતા સાધી તેમના દુ:ખદર્દમાં ભાગીદાર બન્યાં હતાં.●

# કચ્છમાં કોરોનાની સ્થિતિની સમીક્ષા



ગાંધીધામમાં દીન દયાલ પોર્ટ ટ્રસ્ટની ગોપાલપુરી સ્થિત હોસ્પિટલમાં 100 બેડની સુવિધા અને કંડલા સ્પેશિયલ ઈકોનોમીક ઝોન કાસેઝ દ્વારા ૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ તેમજ પ્રવાસન મંત્રી વાસણભાઈ આહિરે ગાંધીધામ, કંડલા ઉપરાંત અંજાર જનરલ હોસ્પિટલ તેમજ નાગલપર કોવિડ સેન્ટરની સમીક્ષા મુલાકાત લીધી હતી.

પંડિત દીન દયાલ પોર્ટ ટ્રસ્ટ દ્વારા કોરોનાના દર્દીઓ તેમજ પોર્ટના કર્મીઓ માટે ૧૦૦ બેડની સુવિધા ઊભી કરવા સબંધિતોને આદેશ કર્યો હતો. રાજયમંત્રીશ્રીએ આ તકે જણાવ્યું હતું કે, ૧૦૦ બેડ પૈકી ૫૦ જમ્બો સીલીન્ડર ઓકિસજન બેડ અને ૫ વેન્ટીલેટર બેડની વ્યવસ્થા કરાશે. તેમજ રેમડેસીવીર ઈન્જેકશન મળી રહેશે. તેમણે ધારાસભ્ય શ્રી માલતીબેન મહેશ્વરી પોર્ટ ટ્રસ્ટના અને આરોગ્ય તંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા યોજી હતી. ●

# અદ્યતન એમ્બ્યુલન્સ વાન લોકસેવા માટે અર્પણ કરતી ડી.એચ.ક્યુબ કંપની

કોરોનાની મહામારીમાં ખેડા જિલ્લાની મહત્તમ હોસ્પિટલોને કોવિડ કેર સેન્ટરમાં ફેરવી લોકોને ઝડપથી ઓક્સિજન, દવાઓ અને ઈન્જેક્શન સહિતની સેવાઓ મળી રહે તે માટે જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય તંત્ર સતત કામગીરી કરી રહ્યું છે.

ખેડા જિલ્લાના વાસણા-બુઝર્ગની ડી.એચ.ક્યુબ કંપની તરફથી અંદાજે રૂ.૧૬ લાખની કિંમતની અદ્યતન ટેકનોલોજીવાળી એમ્બ્યુલન્સ કોવિડ 19ના દર્દીઓની સારવાર માટે જિલ્લા વહીવટીતંત્રને દાનમાં આપવામાં આવી છે. જેથી કોઈના દર્દીઓને ઓક્સિજન સહિતની સગવડ મળવાથી તેઓનો જીવ બચાવી શકાય અને સરળતાથી તેઓને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં પહોંચાડી શકાય. કંપનીના શ્રી હરિભાઈ નાયરે જણાવ્યું હતું કે કંપનીએ જિલ્લા કલેકટરશ્રી આઈ.કે પટેલ સાથે ચર્ચા-વિચારણા કરીને એમ્બ્યુલન્સ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી, નાયબ કલેકટરશ્રી અને પ્રાંત અધિકારી શ્રી ઉમંગ પટેલ, તાલુકા આરોગ્ય અધિકારી શ્રી ડો.રાહુલ પટેલ, અગ્રણી સર્વ શ્રી અર્જુનસિંહ ચૌહાણ, કલ્પેશસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. ●

# ઓક્સિજનનો વપરાશ કાળજીપૂર્વક કરવા હોસ્પિટલોને અનુરોધ

હિમાંશુ ઉપાધ્યાય



'વ્યથા નહીં, વ્યવસ્થા' એ રાજ્ય સરકારની અગ્રતા છે. ઓક્સિજનનું ઉત્પાદન વધારવા ઉપરાંત જે ઉપલબ્ધ છે તે વધુને વધુ આરોગ્ય સેવાઓ માટે જ વપરાય તે સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં, હોસ્પિટલોમાં પણ જે ઓક્સિજન પહોંચે છે તેનો યોગ્ય ઉપયોગ થાય છે કે નહીં તેનું નિયમન કરાઇ રહ્યું છે.

કોરોનાને મહાત આપવા સજ્જ બનેલી હોસ્પિટલોમાં દર્દીઓ અને ડૉક્ટર્સ, મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ વગેરેની પરિસ્થિતિનું આકલન કરવાની મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સૂચનાઓ આપી છે. ત્યારે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જયંતી રવિ અને આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરેએ અમદાવાદ મેડિસિટીમાં કૉવિડ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. વોર્ડમાં જઈને આ બંને અધિકારીઓ કોરોનાના દર્દીઓને વ્યક્તિગત મળ્યા હતા અને તેમને મળી રહેલી સારવાર અંગે પૂછપરછ કરી હતી.

દહેગામ તાલુકાના નાંદોલના દર્દી શ્રી હરેશભાઇ પટેલે કહ્યું હતું કે, "તેમનું ઓક્સિજન લેવલ 55થી 60 થઈ જતાં સરકારી હોસ્પિટલમાં આવ્યો. સરકારી હોસ્પિટલમાં ડૉક્ટરો, નર્સો પોતાનો પરિવાર છોડીને રાતદિવસ ભૂલીને દર્દીઓની સેવામાં લાગ્યા છે. આ માટે ગુજરાતની સંવેદનશીલ સરકારનો હું આભાર માનું તેટલો ઓછો છે..,"

એનેસ્થેસિયામાં સેકન્ડ ઈયરમાં રેસિડન્ટ તરીકે કોરોના વૉર્ડમાં ફરજ બજાવતાં ડૉ. શિવાંગી લખતરિયાએ કહ્યું હતું કે, "આરોગ્ય અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જયંતી રવિ અને કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરેએ અડધી રાત્રે હોસ્પિટલનો રાઉન્ડ લઈને દર્દીઓને અને ડોક્ટરોને પ્રોત્સાહન આપ્યું છે. દર્દીઓને સારવારથી જલ્દીથી સાજા થઇ જશે એવું આશ્વાસન આપ્યું છે. તેમણે દર્દીઓ માટે જેટલું સારું થાય તે બધું જ કરવાનો અનુરોધ કર્યો છે.."

આરોગ્ય અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જયંતી રવિએ કોરોના વૉર્ડની મુલાકાત પછી, ડોક્ટરો-પેરામેડિકલ સ્ટાફ વગેરેને મળ્યા પછી કહ્યું હતું કે, છેલ્લા એક વર્ષ કરતાં વધારે સમયથી મેડિકલ-પેરામેડિકલ કર્મીઓ રાત-દિવસ જોયા વિના અદભુત કામ કરી રહ્યા છે. આવા સમયે ગુજરાતની હોસ્પિટલોમાં કામ કરતા આરોગ્ય કર્મીઓનું મનોબળ અને જુસ્સો જળવાઈ રહે એ જરૂરી છે. હોસ્પિટલોમાં પથારીઓ, ઓક્સિજન અને વેન્ટિલેટર જેવી વ્યવસ્થાઓમાં વધારો કરવામાં આવી રહ્યો છે. દર્દીઓમાં ઓક્સિજન લેવલ વધારી શકાય તે અંગેની માર્ગદર્શિકાઓ વિશે તેમણે તબીબો સાથે પરામર્શ કર્યો હતો. વર્તમાન સમયમાં ઓક્સિજન બહુમૂલ્ય પ્રાણવાયુ છે, એ વેડફાય નહીં તે માટે તેમણે આરોગ્યકર્મીઓને સંવેદનશીલતાપૂર્વક ફરજ બજાવવા અનુરોધ કર્યો હતો. ●

# અંકલેશ્વરમાં શ્રી ખોડલધામ યુવા સમિતિ દ્વારા ટીફીન સેવા

અનિલ બારોટ

કોરોના સંક્રમણને પગલે હોમ કોરેન્ટાઈન રહેવાથી દર્દીઓને આહારથી માંડીને દવા સુધીની મુશ્કેલી પડે છે. આવા સમયે કેટલીય એવી સંસ્થાઓ છે જેણે માનવતા મહેકાવી છે અને અન્યોને પ્રેરણાત્મક ઉદાહરણ પૂરું પાડ્યું છે. દર્દીઓ માટે અંકલેશ્વરમાં શ્રી ખોડલધામ યુવા સમિતિએ સેવા શરૂ કરી છે.

શ્રી ખોડલધામ યુવા સમિતિ અંકલેશ્વર દ્વારા તબીબના માર્ગદર્શન મુજબ સાત્વિક ભોજન સેવા વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. હોમ કોરેન્ટાઈન જરૂરિયાતમંદ પરિવારને બંને સમય ઘેરબેઠા ટીફીન મળે તવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંગે સંસ્થા દ્વારા સોશ્યલ મેસેજ વહેતો કરી આવા પરિવારોને બુકીંગ કરાઇ રહ્યું છે. આ સેવાયજ્ઞમાં સવાર-સાંજ ૧૫૦થી વધુ પહોંચાડાઇ રહ્યાં છે. આ સેવામાં અત્યાર સુધી ૨૭૦૦ જેટલા પરીવારોમાં ટીફિન અંકલેશ્વર શહેર, જીઆઈડીસી, ગડખોલ, અંદાડા, દીવા રોડ ખાતે પહોંચાડ્યા છે. કોઈ નાત - જાત ધર્મના વાડા વિના સર્વ સમાજ માટે નિઃશુલ્ક સેવાયજ્ઞ માટે ખોડલધામ યુવા સમિતિ અંકલેશ્વરના ૭૦ જેટલા યુવાનો આ સેવાકાર્યમાં જોડાયા છે.

આમ, જ્યાં સંક્રમણથી ડર લાગે ત્યાં સામાજિક સંસ્થાઓએ આગળ આવી સંવેદનાસભર અભિગમ દાખવ્યો છે. ●



# કચ્છના સુખપુરમાં મહિલાઓ અંતિમધામનું સંચાલન કરે છે



હેમલત્તા પારેખ

સામાન્ય સમજ એવી છે કે સ્મશાનમાં મહિલાઓ હોય જ નહીં. પરંતુ કચ્છના સુખપુર ગામમાં તો મહિલાઓ જ અંતિમધામનું સંચાલન કરે છે. કોરોનાના કપરા કાળમાં કોવિડ-19થી મૃત્યુ પામેલા લોકોને હિન્દુ ધાર્મિક વિધિથી અંતિમ ક્રિયાની કઠણ કાળજા ભરેલી કપરી કામગીરી સુખપર ગામમાં રાષ્ટ્ર સેવા સમિતિની 15 સેવિકાઓ કરી રહી છે. છ દિવસથી પ્રારંભ આ કામગીરીમાં ગ્રામીણ મહિલાઓ સ્મશાનભૂમિની સફાઈથી લઇ મૃતદેહને અગ્નિદાહ આપવા સુધીની તમામ કામગીરી ધગસ ભેર હિંમતથી કરી રહી છે.

પ્રવર્તમાન સ્થિતિમાં કોરોનાના સંક્રમણને પગલે થતાં મૃત્યુના કારણે નિયત કરેલા સ્મશાનો પૈકી ભુજ ખારી નદી સ્મશાન ભૂમિ અને સુખપર ગામે આ સ્મશાન ભૂમિ પર કોવિડ-19ના મૃતદેહને અંતિમ ક્રિયા કરાવવાના વહીવટી તંત્રના અનુરોધના પગલે અમે છ દિવસથી અહીં હિન્દુ શાસ્ત્રોક્ત રીતે કોવિડ-19ના દર્દીઓના અંતિમ સંસ્કાર કરી રહ્યા છીએ. "એમ સ્મશાનભૂમિની કામગીરી સાથે સંકળાયેલા રામજીભાઈ વેલાણી જણાવે છે. સમગ્ર વેલાણી પરિવાર આ કામગીરીમાં જોડાયેલ છે. અહીં સવારે ૮થી રાતના ૮ વાગ્યા સુધી અંતિમ ક્રિયાની કામગીરીમાં બહેનો જોડાયેલી રહે છે.

ભુજની જી. કે. જનરલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલોમાંથી આવતા તમામ કોવિડ-19ના મૃતદેહોને અહીં તેમજ ખારી નદી ખાતે અગ્નિદાહ આપવામાં આવે છે. રામપરવેકરા, ભુજ, માનકુવા અને સુખપરના 50 જેટલા સેવકભાઈઓ પણ આ કામગીરીમાં સંકળાયેલા છે. સુપર ખાતે રાષ્ટ્ર સેવા સમિતિની સેવિકાઓની પડખે સ્વામિનારાયણ પ્રસાદી ગામ એવા સુખપર સ્વામિનારાયણ મંદિરની સાંખ્યયોગી બહેનો પણ પોતાનો સહયોગ આપી રહી છે.

મૃતદેહ માટે ફૂલ; પૂજન વિધિની સામગ્રી તેમજ આ કામગીરી સાથે સંકળાયેલી સેવિકાઓ અને ભાઇઓની ભોજનની વ્યવસ્થા કરીને પણ સાંખ્યયોગીની બહેનો પોતાની રાષ્ટ્રીય સેવા બજાવી રહ્યા છે. હાલે કચ્છમાં હજાર જેટલા સેવિકા બહેનો છે. ●

# પ્લાઝમા દાન કરી પુનઃ ફરજ પર જોડાતા વડોદરાના પોલીસ અધિકારી

સુરેશ મિશ્રા

પોલીસ તાલીમ શાળાના દીક્ષાંત સમારોહમાં પ્રત્યેક જવાનને રાષ્ટ્રની સાથે જન સેવાને સમર્પિત રહેવાના શપથ લેવડાવવામાં આવે છે. આ શપથને વફાદાર રહેવાનું ઉજ્જવળ ઉદાહરણ પ્રસ્તુત કરતાં વારસિયા પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી શ્રી અરૂણભાઈ મિશ્રાએ ઈન્દુ બ્લડ બેંકના સહયોગથી પ્લાઝમાનું દાન કર્યું હતું. લેબ તપાસમાં તેમની કોવિડ પ્રતિકારક શક્તિ ૧૮.૬૦ જેટલી અત્યંત ઊંચી જણાતા તેમણે તબીબી પરામર્શ પ્રમાણે પ્લાઝમા દાનનો માનવતાસભર અને ખાખી વર્દીને દીપાવતો નિર્ણય લીધો હતો. પ્લાઝમા ડોનેશન પછી દાતાને થોડોક આરામ લેવાની સલાહ આપવામાં આવે છે. જો કે તેમણે ફરજના સાદને માન આપીને તુરત જ ફરજમાં જોડાઈ જવાનું પસંદ કર્યું હતું.



શ્રી અરૂણભાઈ કોવિડ કટોકટીની શરૂઆતથી એટલે કે ૨૦૨૦ના માર્ચ મહિનાથી જ સતત ફરજમાં વ્યસ્ત રહ્યાં છે.તેના ભાગરૂપે સતત સયાજી હોસ્પિટલના કોવિડ વિભાગ સાથે કામ કરવાનું બન્યું છે.આ દરમિયાન તેમને એકાદવાર તાવ આવ્યો પરંતુ કુદરતી પ્રબળ રોગ પ્રતિકારક શક્તિને કારણે ખાસ તાવનો પ્રભાવ પડ્યો નહિ.

તેઓ કહે છે કે, ‘ નિયમિત વ્યાયામ એટલે કે વર્ક આઉટની આદતને લીધે તેમના શરીરની ચુસ્તી અને સપ્રમાણતા જળવાઈ છે. ઉનાળામાં પણ રોજ સવારે લીંબુ મિશ્રિત ગરમ પાણીનું નિયમિત સેવન કરુ છુ. આહાર વિહારના નિયમો એટલે કે ભોજન ડાયટમાં ખૂબ સંયમ પાળુ છુ. સંપૂર્ણ નિર્વ્યસની જીવનના પગલે તથા આહાર-વિહારના નિયમના પરિણામે જ મારી રોગ પ્રતિકારક શક્તિ અત્યંત ઉમદા કહી શકાય તેટલી, ૧૮.૪૫ ના અંકથી પણ ઊંચી ૧૮.૬૦ જેટલી છે. તેના પરિણામે જ કોવિડગ્રસ્ત કોઈનું પણ જીવન બચે તેવા ઉમદા આશયથી મેં પ્લાઝમા દાન કર્યું છે.’ એમ તેઓ ઉમેરે છે...

ખરેખર શ્રી અરુણભાઈ એ તેમના જીવન રક્ષક પ્લાઝમા દાન દ્વારા પોલીસના ગણવેશમાં જન સેવા એ જ સાચી પ્રભુ સેવાનું સૂત્ર સાચા અર્થમાં સાકાર કર્યું છે. ●

# પેઇન્ટિંગના માધ્યમથી વેક્સિન લેવાનો સંદેશ

✎ સંજય શાહ



વૈશ્વિક મહામારી કોરોના સામે ગુજરાત સહિત સમગ્ર દેશમાં વેકસિન કાર્યક્રમ પૂરજોશમાં ચાલી રહ્યો છે. આ વેકસિન કાર્યક્રમ પ્રતિ લોકોમાં જાગૃતિ ફેલાય તે માટે મહીસાગર જિલ્લાના યુવા ચિત્રકાર બિપીનભાઇ પટેલ રોજ એક વોટર કલર પેઈન્ટીંગ દ્વારા સમાજને એક સંદેશો આપી રહ્યા છે. આ કલાસાધકે વૈશ્વિક મહામારી કોરોનાને હરાવવા માટે જરૂરી એવું વેકસિન કવચ ધારણ કરવાની અપીલ કરતું ૧૮૦૦મું પેઇન્ટિંગ બનાવીને પોતાની ચિત્રકારીના માધ્યમથી વેકસિન મૂકાવા અંગેનો સંદેશો પાઠવ્યો છે.

કલાસાધક શ્રી બિપીનભાઇ પટેલે તાજેતરમાં સર્જેલા ચિત્રમાં રામનવમીના પવિત્ર તહેવારની સાથે આ મહામારીના કારણે દેવસ્થાનો બંધ છે, તો બીજી બાજુ પીપીઇ કીટમાં સજ્જ કોરોના યોધ્ધાઓ આ મહામારી સામે જંગ લડી રહ્યા છે ત્યારે સૌએ વેકસિન મૂકાવી દઈને માસ્ક પહેરવો અને સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરી કોરોનાને હરાવવામાં પોતાનું યોગદાન આપવું જોઇએ તેનું સુંદર ચિત્રાત્મક નિરૂપણ કર્યું છે. મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના છાંયણ જેવા નાના ગામમાંથી આવતા બિપિનભાઈ પટેલે વોટર કલરથી ગ્રામ્યજીવન, ધબકતું શહેર ખુબ જ સુંદર રીતે કંડાર્યું છે. નારગોલથી ડિપ્લોમા ફાઈન અને બરોડા યુનિવર્સિટીમાંથી ફાઈન આર્ટ માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરેલો છે.

અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, આર્ટિસ્ટ બિપિન પટેલે તેમની કલાયાત્રામાં અનેક કીર્તિમાન સ્થાપ્યા છે. આ પહેલા તેમનો એક અનોખો કીર્તિમાન છે, તેઓના સતત રોજ એક વોટર કલર પેઈન્ટિંગના ૧૦૦૦ દિવસ અને ૧૫૦૦ દિવસ પૂર્ણ થયા ત્યારે પણ ઈન્ડીયા વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું હતું. યુનેસ્કો દ્વારા આયોજિત હેરિટેજ રાણકી વાવ પાટણ ખાતે દર વર્ષે યોજાતી લાઈવ પેઈન્ટિંગ સ્પર્ધામાં સળંગ ચાર એવોર્ડ મેળવ્યા છે. આમ કલાના સાધક એવા શ્રી બિપીનભાઈ છેલ્લા એક વર્ષ ઉપરાંતથી વૈશ્વિક મહામારી કોરોનાના સંકટકાળમાં પણ કલા પ્રેમીઓને ચિત્રકલાના ઓનલાઈન કલાસ દ્વારા શિક્ષણ પૂરૂં પાડી રહ્યા છે. ●

# વાત પાટણના કોરોના વોરિયર કમળાબહેનની...

✎ કૌશિક ગજ્જર

કોરોના વાયરસના સંક્રમણથી બચવા રસીકરણ શ્રેષ્ઠ ઉપાય છે. સાથે જ સમયસરની પ્રાથમિક સારવાર થકી તેના ગંભીર પરિણામોથી બચી શકાય છે. જેનું ઉત્તમ ઉદાહરણ છે ૫૬ વર્ષિય કમળાબેન પટેલ. ફ્રન્ટલાઈન વોરિયર તરીકે કાર્યરત ધારણોજ ગામના આંગણવાડી કાર્યકર કમળાબેન પટેલ તેમની ફરજ દરમ્યાન કોરોના વાયરસથી સંક્રમિત થયા હતા. કોરોના પ્રતિરોધક રસી લીધા બાદ પણ તેમને ચેપ લાગ્યો હતો, પરંતુ વેક્સિનના કારણે તેમના શરીરમાં વધેલા એન્ટીબોડીના તત્વએ કોરોના વાયરસનો બરાબર સામનો કરતાં માત્ર ૧૦ જ દિવસમાં કમળાબેન કોવિડ-૧૯ને હરાવી સ્વસ્થ થયા છે.

કમળાબેન જણાવે છે કે, રાજ્ય સરકાર દ્વારા ફ્રન્ટલાઈન વોરિયર્સને સૌપ્રથમ રસીકરણની શરૂઆત કરવામાં આવી ત્યારે મેં તા. ૦૪ માર્ચના રોજ રસીનો પ્રથમ ડોઝ તથા તા.૦૩ એપ્રિલના રોજ રસીનો બીજો ડોઝ લીધો હતો. જેના કારણે મારી રોગપ્રતિકારક શક્તિમાં વધારો થવાથી મને કોરોનાની કોઈ ગંભીર અસર થઈ નથી.

કોવિડ-૧૯ના લક્ષણો જણાતાં કમળાબેને રેપિડ એન્ટીજન ટેસ્ટ કરાવતાં તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. ધારણોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી આપવામાં આવેલી દવાઓ મેળવી કમળાબેને તુરંત પ્રાથમિક સારવાર શરૂ કરવા સાથે સેલ્ફ આઈસોલેટ થઈ ગયા. બાદમાં ૧૦ દિવસનો સેલ્ફ આઈસોલેશનનો સમયગાળો પૂર્ણ કરી ફરી પોતાની ફરજ પર જોડાઈ ગયા છે.

રસીકરણની આવશ્યકતા વિશે વાત કરતાં કમળાબેન કહે છે કે, પૂરતી સાવચેતી રાખવા છતાં ફરજ દરમ્યાન સંક્રમિત દર્દીઓના સંપર્કમાં આવવાથી મને કોરોના વાયરસનો ચેપ લાગ્યો. પરંતુ મને તેના સામાન્ય લક્ષણો સિવાય કોઈ ગંભીર અસર થઈ નથી. જો રસી ન લીધી હોત તો કદાચ મને ઓક્સિજન કે રેમડેસિવીર ઈન્જેક્શન સહિતની વધુ સારવારની પણ જરૂરિયાત ઊભી થઈ હોત. ●



## અમદાવાદ સિવિલની અનોખી સિદ્ધિ

# માત્ર બે મહિનામાં પાંચ બાળક પર અતિ જટિલ સર્જરી



**અમિતસિંહ ચૌહાણ**

આખું વિશ્વ કોવિડ-૧૯ની મહામારી સામે ઝઝૂમી રહ્યું ત્યારે તબીબો કોરોનાના સહિતના દર્દીઓને ઉગારવા જહેતમ ઉઠાવી રહ્યાછે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગે બે મહિનામાં પાંચ બાળકો પર બ્લૅડર એક્સ્ટ્રફી/ ઍપિસ્પેડિઅસની અતિ જટિલ સર્જરીઝ કરીને અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. સામાન્ય રીતે ખાનગી હોસ્પિટલોમાં આ પ્રકારની જટીલ સર્જરીઝનો ખર્ચ રૂ. ૧૦ લાખ જેટલો વધારે હોઇ શકે છે, જે દેખીતી રીતે કોઇ જ ગરીબ પરિવારને ન પરવડે. પણ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આ સર્જરી નિઃશુલ્ક થાય છે, જે સમગ્ર ગુજરાત માટે ગૌરવ લેવા જેવી બાબત છે.

અમદાવાદ સિવિલમાં ટૂંકા ગાળામાં બ્લૅડર એક્સ્ટ્રફી/ ઍપિસ્પેડિઅસનાં પાંચ ઓપરેશન થવાં એક વિરલ સિદ્ધિ છે, કારણ કે બ્લૅડર એક્સ્ટ્રફી એ યુરોલોજીને લગતી જન્મજાત સમસ્યાઓ પૈકીની સૌથી ખરાબ અને સૌથી જટિલ સમસ્યા છે. આ સમસ્યા આશરે ૬૦,૦૦૦ પૈકી એક દર્દીમાં જોવા મળે છે. આ સમસ્યામાં પેશાબની કોથળી પેટની બહાર હોય છે અને ખુલ્લી હોય છે.બાળદર્દીના જનનાંગનો આકાર કઢંગો થઈ જાય છે. બ્લૅડર એક્સ્ટ્રફીનું ઓપરેશન ખૂબ જ જટિલ અને અઘરું ગણાય છે અને આ ઓપરેશનમાં સ્પેશિયલાઇઝ્ડ સર્જન્સ, એનેસ્થેટિસ્ટ્સ તથા ઓર્થોપેડિક વિભાગના નિષ્ણાતોની પણ આવશ્યક્તા હોય છે.

આ સર્જરીઝ સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગના વડા અને પ્રોફેસર ડૉ. રાકેશ જોષી, એસોસિએટ પ્રોફેસર ડૉ. જયશ્રી રામજી તથા તેમની ટીમ દ્વારા ઓર્થોપેડિક તથા ઍનિસ્થીઝયા વિભાગના નિષ્ણાતોના સાથ-સહકાર વડે સંપન્ન કરાઈ હતી. સર્જરીઝનો ઑર્થોપૅડિક પાર્ટ ટીમના વડા ડૉ. પીયૂષ મિત્તલ અને તેમની ટીમે સંભાળ્યો હતો, જ્યારે ઍનિસ્થીઝયા ટીમનું સુકાન ડૉ. ભાવના રાવલે સંભાળ્યું હતું.

ઓપરેશન કરાયેલા પાંચ બાળ દર્દીમાં ૯ મહિનાથી લઇને બે વર્ષ સુધીની વયની ત્રણ બાળા અને બે વર્ષથી લઇ આઠ વર્ષ સુધીની વયના બે છોકરાનો સમાવેશ થાય છે. આ પાંચ બાળકો ગુજરાત, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના વિભિન્ન ભાગોમાંથી અમદાવાદ સિવિલમાં આવીને સારી અને નિઃશુલ્ક સારવાર પામ્યા છે. આ પૈકીના ત્રણ બાળકને સર્જરી બાદના ૪૦ દિવસના હોસ્પિટલાઇઝેશન દરમિયાન સારા પરિણામ જણાતા રજા આપી દેવાઇ છે, જ્યારે બાકીના બે દર્દી બાળરોગ સર્જરી વિભાગમાં ડૉક્ટર્સ અને નર્સિંગ સ્ટાફની સમર્પિત ટીમની કાળજી-દેખરેખ હેઠળ ઝડપી રિકવરી પામી રહ્યાં છે.

છેલ્લાં ૧૨ વર્ષથી દર વર્ષે અમેરિકન ડોક્ટર્સ સાથે મળીને અમદાવાદ સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક્સ વિભાગમાં આ સર્જરીનો કેમ્પ કરવામાં આવે છે. છેલ્લાં ૧૨ વર્ષમાં કેમ્પ દરમિયાન અને કેમ્પ સિવાય અમદાવાદ સિવિલમાં આ પ્રકારના ૨૫૦ થી વધારે ઓપરેશન થયા છે. આવા લાભાર્થી દર્દીઓમાં ગુજરાત જ નહીં પણ દેશભરના ૧૩-૧૪ રાજ્યના દર્દીઓ પણ સામેલ છે. અત્યાર સુધીમાં નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકાના દર્દી પણ આ સર્જરીનો લાભ લઈ ચૂક્યા છે.

અમદાવાદ સિવિલના બાળરોગ સર્જરી વિભાગે આ સર્જરીમાં કઈ કક્ષાની વિશેષજ્ઞતા પ્રાપ્ત કરી છે તેનો ખ્યાલ એના પરથી મળી શકે કે અમેરિકાની સંસ્થા એસોસિએશન ઓફ બ્લેડર એક્સ્ટ્રફી કમ્યુનિટીએ જાન્યુઆરી, ૨૦૨૦માં અમદાવાદ સિવિલના બાળ સારવાર વિભાગને સેન્ટર ઓફ એક્સેલન્સનો પ્રતિષ્ઠિત ઓળખ પ્રદાન કરી છે. આ એનજીઓ દ્વારા અત્યાર સુધીમાં કેવળ અમેરિકાની આરોગ્ય સંસ્થાઓને જ સેન્ટર ઑફ એક્સેલન્સ તરીકેની માન્યતા પ્રદાન થતી આવી હતી. ભારત સહિત સમગ્ર એશિયામાં અત્યાર સુધીમાં એકમાત્ર અમદાવાદ સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક સર્જરી વિભાગને જ આ માન્યતા મળી છે. ●

# સિવિલમાં મળેલી સારવારે શંકા નિર્મૂળ કરી : જશભાઇ પટેલ



કોરોનાના દ્વિતીય વેવમાં કોરોના થાય એટલે ઓક્સિજન, રેમડેસિવીર ઇન્જેક્શન મેળવવા સગાઓ દોડાદોડ કરે છે. તો દર્દી પોતે એવું માનવા લાગે છે કે તે હવે નહીં જ બચે. આજે ડરના માહોલ અને ચોક્કસ ઉદ્દેશથી સરકારી હોસ્પિટલ્સમાં અંધાધૂંધીની સ્થિતિની અફવાઓ ફેલાવાઇ રહી છે ત્યારે જશભાઈ પટેલના અનુભવની વાત સમગ્ર ભ્રામક ચિત્રનો પર્દાફાશ કરવા માટે પૂરતી બની રહેશે.

જશભાઇના ઘરમાં પણ તેઓ પોતે તેમના પુત્રવધૂને કોરોના પોઝિટિવ આવ્યો. જેમાં તેમણે મજબૂત મનોબળનો પરચો કરાવતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડૉ. ઉમંગ પ્રજાપતિએ તરત સારવાર શરૂ કરાવી દીધી.

સરકારી હોસ્પિટલમાં મેડિકલ સ્ટાફે કેમ છે દાદા એમ પૂછી મને પારિવારિક હૂંફ આપતા અને તેને લીધે સકારાત્મક શક્તિ મળતાં હું કોરોના સામે લડી શક્યો. માત્ર મારી જ સ્થિતિ નહીં અન્ય દર્દીઓ પાસે પણ આવું જ વાતાવરણ હતું. પ્રેમાળ અને હિંમત આપે એવું. સરકારી હોસ્પિટલમાં સારવાર લેવા મુદ્દે જે અનેક પ્રશ્નાર્થ હતાં તેનો મને અને મારા જેવા કેટલાય દર્દીઓને જવાબ મળી ગયો હતો.

જશભાઇ કહે છે કે, "સરકારી હોસ્પિટલમાં મળેલી સારવારે મારો ડર પણ એટલે સુધી ગાયબ થઇ ગયો કે હું ઘર પણ ભૂલી ગયો. આરોગ્ય કર્મીઓએ જ મને ખરા અર્થમાં વોરિયર બનાવ્યો. કોરોનાનો રિપોર્ટ નોર્મલ આપતા 14 દિવસ ક્વોરન્ટાઇન રહ્યો. નર્સિંગ સ્ટાફ સાથે બંધાયેલી આત્મીયતાને લીધે જાણે પરિવારથી છૂટો પડ્યો હોવ તેવું દુઃખ અનુભવ્યુ તો બીજી તરફ નવજીવન મેળવી ઘરે જવાનો આનંદ પણ હતો. "

આ છે ખમીરવંતુ ગુજરાત, આ છે ખમીરવંતી ગુજરાતની પ્રજા તેમજ તેનો આરોગ્ય સ્ટાફ જેની હિંમત, ખુમારી, અજેય યોદ્ધાની જેમ લડવાની શક્તિ જ કોરોના સામે જીત અપાશે.!! આ ગુજરાત સરકારના નિષ્ઠાવાન અધિકારી, ડૉક્ટરો, સિવિલ સ્ટાફને તો વંદન કરીએ એટલા ઓછા પડે. કહ્યું છે ને કે મારવાવાળા કરતાં તારવાવાળાના હાથ વધુ મજબૂત હોય છે.

રામ રાખે તેને કોણ ચાખે! ●

# સરકારની આગોતરી વ્યવસ્થાએ જીવાડ્યો : સુનિલભાઇ જોષી

✎ નરેન્દ્ર પંડ્યા



સરકારની આરોગ્ય સુખાકારી વ્યવસ્થાથી નવું જીવન મળ્યું હોવાનો એકરાર કરતાં મહેસાણાના શ્રી સુનિલભાઇ જોષીની આંખમાં હર્ષના આંસુ જોવા મળ્યા હતા. વડનગર જી.એમ.ઇ.આર.એસમાં દાખલ શ્રી સુનિલભાઇએ જણાવ્યું હતું કે વડનગરના ડોક્ટરો, નર્સ સહિત અન્ય સ્ટાફની સખત મહેનતના પગલે તેમનું સ્વાસ્થ્ય સુધર્યું છે.

શ્રી સુનિલભાઇએ જણાવ્યું હતું કે, વડનગરની હોસ્પિટલમાં દાખલ થતાં સરકારશ્રીની મળતી સુવિધાઓના મારા અભિગમમાં બદલાવ આવ્યો. કોઇ મલ્ટીસ્પેશ્યાલીટ ખાનગી હોસ્પિટલ કરતાં પણ વધારે કાળજી આ હોસ્પિટલમાં લેવામાં આવેલ છે. સતત ડોક્ટરોની દેખરેખ અને નર્સોની સારસંભાળના પગલે મારી તબિયતમાં અસાધારણ સુધારો જોવા મળ્યો છે. સમયસર દવાઓ, ઓક્સિજન રીપોર્ટ સહિત તમામ પ્રકારની કાળજી આ હોસ્પિટલમાં લેવામાં આવી રહી છે.

શ્રી સુનિલભાઇ જોષીએ જણાવ્યું હતું કે સંવેદનશીલ સરકારનો અભિગમ આજે ખરા અર્થમાં વડનગર હોસ્પિટલમાં જોવા મળ્યો છે. મહેસાણામાં કોરોનાના દર્દીઓને સારવાર મળી રહે તે માટે અનેક પ્રયત્નો સરકાર દ્વારા થઇ રહ્યા છે. જિલ્લામાં કોરોનાની ૬ હજારથી પણ દર્દીઓના કોરોનાની સઘન સારવારથી સ્વસ્થ બન્યા છે. સરકારશ્રીનો અભિગમ હમેશાં સંવેદનશીલ રહ્યો છે. નાગરિકોના આરોગ્ય સ્વાસ્થ્યની જાળવણી માટે સરકારે હમેશાં કટિબદ્ધતા દર્શાવી છે. ●

# હિંમતનગરનાં અંતિમધામમાં સેવા સાથે ભળ્યો અર્પણ, તર્પણ અને સમર્પણનો ભાવ

✎ હરીશ પરમાર

સમગ્ર દેશમાં કોરોના વાયરસના સેકન્ડ વેવના સંક્રમણના કારણે ઘણા દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. ઘણા કિસ્સામાં સ્વજનો પણ દર્દીના મૃતદેહથી દૂર ભાગે છે ત્યારે હિંમતનગરના અંતિમધામમાં અર્પણ, તર્પણ અને સમર્પણના ભાવથી સેવાના ભેખધારી નગરપાલિકાના કર્મચારી શ્રી ભરતભાઈ કોવિડ મૃતદેહને અગ્નિદાહ આપે છે.

આ મહામારી તેની બીજી લહેરમાં શહેરો ઉપરાંત ગામડાઓ સુધી પહોંચી ગઈ છે. સાબરકાંઠા જિલ્લામાં પણ ગ્રામ્ય અને શહેરી વિસ્તારના લોકો સામાન્ય તાવ, શરદી, ખાંસી સહિતના લક્ષણોને અવગણી રહ્યા છ,. જેને લઇ દર્દીના આખરી સમયે ઘસારો વધતા જિલ્લાની સિવિલ હોસ્પિટલ તેમ જ હાલ ૧૮ જેટલી ખાનગી હોસ્પિટલને કોવિડના દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે, જેમાં ગંભીર બમારીથી પીડિત લોકોનું મોતનું પ્રમાણ વધુ છે. જિલ્લાની મેડિકલ કોલેજ સંચાલિત સિવિલ હોસ્પિટલમાં ઘણા એવા દર્દીઓ પણ હોય છે કે જેમના કોઈ સ્વજન હાજર પણ ન હોય અને મૃત્યુ પામે છે.





ગ્રામ્ય વિસ્તારોમાં સાવધાનીના અભાવે નાગરિકો કોરોનાનું પરીક્ષણ કરાવતા નથી. અને જ્યારે કરાવે છે ત્યારે પરિસ્થિતિ એટલી વિકટ બની ગઈ હોય છે કે જે તે નાગરિક પોતાના પ્રાણ છોડી દે છે. આ સ્થિતિમાં તે મૃતકના પરિજનો મૃતદેહને અંતિમ સંસ્કાર આપતાં ગભરાય છે ત્યારે આવા મૃતકોની અંતિમવિધિ હિંમતનગરના ભરતભાઈ કરે છે.

ત્યારે કોરોનાની કારમી પરિસ્થિતિમાં જ્યાં પોતાના સ્વજનો પણ કોરોનાથી મોત થયેલા પરિજનથી દુર રહેતા હોય ત્યારે સરકારની કોવિડ મૃતદેહની ગાઇડલાઇન મુજબ અગ્નિદાહ આપવાનું કામ શ્રી ભરતભાઈ કરે છે. સદ્ગતના અંતિમ સંસ્કારને તેઓ પવિત્ર કામ ગણે છે અને કોરોનામાં સપડાયા બાદ નવજીવન પામેલા ભરતભાઈએ ત્યાર બાદ પણ ડર્યા વિના આ પુણ્ય કાર્ય ચાલુ રાખીને ઉમદા સેવા અને સમજદારીનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

પોતાની વાત કરતાં ભરતભાઇ કહે છે કે, "છેલ્લાં ૨૫ વર્ષથી તેઓ સ્મશાનમાં અગ્નિસંસ્કાર કરે છે. તેમના પિતાજી પણ આ કામ કરતા હતા. રોજેરોજ આવતા કોવિડના મૃતદેહને અગ્નિદાહ આપતાં હું પણ કોરોનાના સકંજામાં આવી ગયો, પરિસ્થિતિ એટલી ગંભીર બની કે વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો, પણ અત્યાર સુધી કરેલાં સત્કર્મોનાં સુફળ કે છેક હું મૃત્યુના મુખમાંથી બહાર આવ્યો, જેમાં મારી પત્નીની સતત હૂંફ અને પ્રેરણાથી સાજા થયાના ત્રીજા દિવસે ફરી આ સેવાના યજ્ઞમાં જોડાઈ ગયો.

આ ભયાનક મહામારીએ કેટલાય પરિવારોને વેરવિખેર કરી નાંખ્યાં છે. જેમાંથી એક હૃદયદ્રાવક ઘટનાની વાત કરતા કહે છે કે એક જ પરિવારના પાંચ સભ્યોને કોરોનાથી મોતને ભેટ્યા હોય ને મેં અગ્નિદાહ આપ્યો છે. ભગવાન કરે આવી બીમારી કોઈના ઘરે ન આવે તેવી ઈશ્વરને પ્રાર્થના કરું છું. હિંમતનગરનાં ભરતભાઈ જેવા અસંખ્ય નાગરિકો પોતાની રીતે સેવાકાર્યમાં રત છે. આવા સેવાભાવી નાગરિકોની સેવા જોઈને ચોક્કસ કહી શકાય કે, હજી માનવતા જીવંત છે.

ઉલ્લેખનીય છે કે, કોવિડ કોરોનાનું સંક્રમણ ગુજરાતભરના વિવિધ જિલ્લાઓમાં આવી પરિસ્થિતિ છે. ગુજરાત સરકાર પણ સંક્રમણની ચેન તોડવા પ્રયાસ કરી રહી છે. ઓક્સિજન, રેમડિસિવિર ઈન્જેક્શન સહિતની સારવાર તેમ જ અન્ય સુવિધાઓ સાથેની હોસ્પિટલ્સ કાર્યરત કરવામાં આવી રહી છે. સાથેસાથે લોકોને જાગૃત કરવા અને ઘરમાં રહેવા મુખ્યમંત્રીશ્રીએ પણ અપીલ કરી છે. બિનજરૂરી ઘરની બહાર ન નીકળવા તેમણે અપીલ કરી છે. ●

# રાજ્ય સરકારનો વધુ એક સંવેદનશીલ નિર્ણય




માસ્ક પહેરો

હાથને વારંવાર સાબુ કે સેનેટાઈઝરથી સાફ કરો

બે મીટરનું અંતર રાખો

# જન્મ અને મરણના દાખલા માટે હવે કોઈ સ્વજને લાઈનમાં ઉભા રહેવું નહીં પડે



**ટૂંક સમયમાં ઓનલાઈન સિસ્ટિમ મારફતે જન્મ કે મરણ પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકાય તે માટે આપના મોબાઈલ ફોન ઉપર એસ.એમ.એસ.થી આ અંગેની લિંક મોકલવામાં આવશે.**

**આ લિંક મારફતે જન્મ કે મરણનું પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકાશે.**

મહાનગરો અને નગરપાલિકાઓમાં હાલમાં લોકોને પ્રમાણપત્ર મેળવવા લાઈનમાં ઉભું રહેવું પડે છે કોરોના સંક્રમણ ન ફેલાય તે માટે એ બારી બંધ કરવામાં આવે છે. હવે આવા પ્રમાણપત્ર રૂબરૂમાં આપવામાં નહીં આવે, કામચલાઉ ધોરણે આ પ્રથા બંધ કરવામાં આવે છે.

આ ઉપરાંત, તા. ૦૧/૦૪/૨૦૨૧ થી તા. ૩૧/૦૭/૨૦૨૧ દરમ્યાન બનેલા કે બનનાર જન્મ કે મરણના બનાવો કોવિડ-૧૯ની મહામારીના વિશિષ્ટ સંજોગોને કારણે નિયત ૨૧ દિવસમાં નોંધાવી શકાયેલ ન હોય તેવા ૨૨ દિવસથી વધુ પરંતુ ૩૬૫ દિવસ સુધીના વિલંબિત જન્મ કે મરણના બનાવોની નોંધણી માટે એફિડેવીટ કરવામાંથી મુક્તિ તેમજ આ અંગેની વિલંબિત નોંધણી ફી જતી કરવાનો નિર્ણય સંવેદનશીલ સરકારે કરેલ છે.

# કોવિડ - 19 રસીકરણ અભિયાનમાં ગુજરાત સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

**1મે, ગુજરાત સ્થાપના દિવસથી 18 વર્ષથી વધુની ઉંમરના લોકોનું શરૂ થશે રસીકરણ**



**2.5 કરોડ**
**વેક્સિન ડોઝ**



**18 વર્ષથી**
**વધુ ઉંમરના યુવાનોને વિનામૂલ્યે રસી**

## હારશે કોરોના, જીતશે ગુજરાત

R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10, LPWP No. PMG/HQ/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : MBC, Gandhinagar/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Ashok Kalariya (Director of Information) on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

To,

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦